આજનો સુવિચાર

ખરાબ દિવસોનો પણ એક ફાયદો તો છે, બધા સંબંધોની કસોટી થઈ જાય છે !!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૧૦૨ જૂનાગઢ તા.૧૨-૦૪-૨૦૨૪ શુક્રવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 102, Junagadh : Date : 12 April, 2024, Friday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

# ગુજરાતની ૨૬ સહિત લોકસભાની ૯૪ બેઠકો માટે જાહેરનામું : ફોર્મ ભરવાનું શરૂ

નવી દિલ્હી,તા.૧૨

ગુજરાતની ૨૬ બેઠકો સહિત ૧૨ રાજયોની ૯૪ લોકસભા બેઠકો પર ત્રીજા તબકકામાં યોજાનારી ચુંટણીનું જાહેરનામુ બહાર પડી જવાની સાથે ફોર્મ ભરવાની પ્રક્રિયાનો પ્રારંભ થયો છે. ગુજરાતમાં પાંચ વિધાનસભા બેઠકોની પેટાચુંટણી માટે પણ જાહેરનામુ બહાર પડયુ છે.

દેશમાં સાત તબકકામાં યોજાનારી લોકસભા ચૂંટણી માટે પ્રથમ મતદાન ૧૯ એપ્રિલે યોજાવાનુ છે અને તબકકાવાર મતદાન માટે પ્રક્રિયા આગળ ધપી રહી છે. આજથી ૭ મે એ યોજાનારી ત્રીજા તબકકાની ચુંટણી માટેની પ્રક્રિયાનો પ્રારંભ થયો છે. ત્રીજા તબકકામાં કુલ ૧૨ રાજયો અને કેન્દ્રશાસીત પ્રદેશોની ૯૪ બેઠકો માટે ચુંટણી યોજાવાની છે તેમાં ગુજરાતની તમામ ૨૬ લોકસભા બેઠકોનો સમાવેશ થાય છે. આ સિવાય આસામની ૧૪, ઉતરપ્રદેશની ૧૦, બિહારની પાંચ, છતીસગઢની સાત, કર્ણાટકની ૧૪, મહારાષ્ટ્રની ૧૧ તથા મધ્યપ્રદેશની આઠ બેઠકોનો સમાવેશ થાય છે. ત્રીજા તબકકાની ચુંટણીનુ જાહેરનામુ જારી થવા સાથે જ ફોર્મ ભરવાનું શરૂ થયું છે. ફોર્મ ભરવા, ચકાસણી, પાછા ખેંચવા સહિતની પ્રક્રિયા ૨૨મી એપ્રિલ સુધી ચાલશે. ચુંટણી જાહેરનામા અંતર્ગત આજથી

## ગુજરાત વિધાનસભાની પાંચ બેઠકોની પેટાચૂંટણીનું જાહેરનામુ પણ બહાર પડાયું

ઉમેદવારીપત્રક ભરવાનું શરૂ થયુ છે અને ૧૯ એપ્રિલ સુધી ફોર્મ ભરી શકાશે. ૨૦મી એપ્રિલે ઉમેદવારીપત્રકોની ચકાસણી થશે. ૨૨મી સુધી ફોર્મ પાછા ખેંચી શકાશે અને ૭ મે ના રોજ મતદાન યોજાશે. ગુજરાતની લોકસભાની ૨૬ બેઠકોની સાથોસાથ ખાલી પડેલી પાંચ વિધાનસભા બેઠકો માટે પણ ૭મી મે ના રોજ પેટાચૂંટણી યોજાવાની છે અને તેનુ નોટીફીકેશન પણ આજે જારી કરવામાં આવ્યુ હતું. પોરબંદર, માણાવદર, વાઘોડીયા, વિજાપુર તથા ખંભાત આ પાંચ બેઠકોના ધારાસભ્યોએ રાજીનામા આપીને પક્ષપલ્ટો કર્યો હતો. આ પાંચેય બેઠકોમાં પેટાચૂંટણી યોજાઈ રહી છે.

## લઘુત્તમ વેતન સીમા રૂા.૨૧૦૦૦ કરવા તૈયારી

નવી દિલ્હી, તા.૧૨: સરકાર કર્મચારીઓને મોટી રાહત આપવાની તૈયારી કરી રહી છે. તેના માટે કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન હેઠળ સામાજિક સુરક્ષાનો વ્યાપ વધારવાની યોજના છે. આ હેઠળ, પીએફ ખાતામાં યોગદાન માટે લઘુત્તમ પગાર મર્યાદા એટલે કે મૂળ પગાર ૧૫ હજાર રૂપિયાથી વધારીને ૨૧ હજાર રૂપિયા કરી શકાય છે. આનો સીધો અર્થ એ છે કે વધુ રકમ પીએફ અને પેન્શન ખાતામાં જશે.

પીએફ માટે પગાર મર્યાદા વધારવાનો પ્રસ્તાવ છેલ્લા ઘણા સમયથી પેન્ડીંગ છે. આ મામલા સાથે જોડાયેલા એક અધિકારીએ કહ્યું કે અમે તમામ વિકલ્પોનું મૂલ્યાંકન કરી રહ્યા છીએ અને આ અંગે નવી સરકાર દ્વારા નિર્ણય લેવામાં આવી શકે છે. આમ કરવું એ સાર્વત્રિક સામાજિક સુરક્ષા હાંસલ કરવાની દિશામાં એક મજબૂત પગલું હશે. અધિકારીના જણાવ્યા અનુસાર પગાર મર્યાદા વધારવાથી સરકાર અને ખાનગી ક્ષેત્ર બંને પર ભારે નાણાકીય અસર પડશે.

લાખો કામદારોને ફાયદો થશે અધિકારીએ કહ્યું કે વધેલી વેતન મર્યાદાથી લાખો કામદારોને ફાયદો થશે, કારણ કે મોટાભાગના રાજ્યોમાં લઘુત્તમ વેતન રૂ.૧૮,૦૦૦ થી રૂ.૨૫,૦૦૦ ની વચ્ચે છે. વર્તમાન પગાર મર્યાદાને કારણે તેઓ કોઈપણ પ્રકારની સામાજિક સુરક્ષાથી વંચિત છે.

# ટૂંક સમયમાં જ જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણી : વડાપ્રધાન મોદીની જાહેરાત

## જમ્મુ-કાશ્મીરનો પુર્ણ રાજયનો દરજજો પુર્નઃ બહાલ થશે : ૩૭૦ની દિવાલ હવે રહી નથી



ઉધમપુર તા. ૧૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે જમ્મુ-કાશમીરનાં ઉધમપુર ખાતે એક ચૂંટણી જાહેરસભાને સંબોધન કરતા એવી મહત્વની જાહેરાત કરી હતી કે, ટુંકસમયમાં જ જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાશે અને જમ્મુ-કાશ્મીરનો પુર્ણ રાજયનો દરજજો પુર્નઃ બહાલ કરવામાં આવશે. ઉધમપુરની રેલીમાં વડાપ્રધાન મોદીએ આ એક ખૂબજ મહત્વની, મોટી અને નીતિ વિષયક જાહેરાત કરી છે. વડાપ્રધાનનાં આ નિવેદનથી એ સ્પષ્ટ છે કે, આગામી ચાર-પાંચ મહિનામાં જ જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાઈ શકે છે.

વડાપ્રધાને વધુમાં કહયું કે, જમ્મુ-કાશ્મીરમાં ૩૭૦ બાબતે ભ્રમ ફેલાયો હતો પરંતુ અમે રાજયમાંથી ૩૭૦ની દિવાલ ધ્વસ્ત કરી નાખી છે.તેમણે ઉમેર્યુ કે ૩૭૦ દૂર થયા બાદ જમ્મુ-કાશ્મીર રાજય મુકત હવામાં શ્વાસ લઈ રહયું છે. આ રાજયમાં હવે સૌથી પ્રથમ એવું બની રહયું છે કે, ચૂંટણીમાં સૌપ્રથમવાર આતંકવાદ, પથ્થરબાજી હવે ચૂંટણીઓનાં મુદા રહયા નથી. કાશ્મીરમાં હવે શાળાઓ બાળવામાં આવતી નથી પરંતુ સજાવવામાં આવે છે. આગામી પાંચ વર્ષમાં જમ્મુ-કાશ્મીર રાજય વિકાસની નવી ઉંચાઈએ પહોંચી જશે. જમ્મુ-કાશ્મીરમાં મોટી કંપનીઓ આવશે તેમ વડાપ્રધાને ભારપૂર્વક જણાવ્યું હતું.

# ભ્રષ્ટાચાર સામેની લડાઈ અટકશે નહી : રાજકીય નેતાઓ વિરૂધ્ધ ઈડીનાં માત્ર ૩ ટકા કેસ : વડાપ્રધાન

નવી દિલ્હી તા. ૧૨ : વડાપ્રધાન મોદી કહે છે કે કોઈપણ સ્તરે ભ્રષ્ટાચાર સમગ્ર દેશના લોકોને અસર કરે છે. વડાપ્રધાને કહ્યું કે ભ્રષ્ટાચારનો અંત એ તેમની પ્રાથમિકતા છે. વિરોધીઓ સામે ઈઢની કાર્યવાહીના આરોપો પર વડાપ્રધાને કહ્યું કે ઈડીના માત્ર ત્રણ ટકા કેસ રાજકારણ સાથે જોડાયેલા લોકો સામે ચાલી રહ્યા છે. તાજેતરના ઈન્ટરવ્યુમાં પીએમ મોદીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે ભાજપ લોકસભા ચૂંટણીમાં ઐતિહાસિક જીત નોંધાવશે. છેલ્લા ૧૦ વર્ષમાં તેમની સરકારની સિદ્ધિઓમાં, વડા પ્રધાને વિકાસ, સામાજિક કલ્યાણ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરના ક્ષેત્રોમાં કરેલા કાર્યોની યાદી આપી હતી. જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ હટાવવા અને રામ મંદિર નિર્માણની સિદ્ધિઓનો પણ ઉલ્લેખ કર્યો.

વડાપ્રધાને કહ્યું કે 'છેલ્લા ૧૦ વર્ષમાં તેમની સરકારની પ્રાથમિકતા ભ્રષ્ટાચારને ખતમ કરવાની રહી છે.' તેમણે કહ્યું કે ભ્રષ્ટાચારીઓ સામે કડક કાર્યવાહી ચાલુ રહેશે. ભ્રષ્ટાચાર, ગમે તે સ્તરે, દેશના લોકોને અસર કરે છે. આવી સ્થિતિમાં દેશના લોકોના કલ્યાણ માટેના નાણાંની ચોરી કરનારાઓ સામે કાર્યવાહી થવી જોઈએ. વડાપ્રધાને કહ્યું કે 'ભ્રષ્ટાચાર સામેની લડાઈ અટકશે નહીં.'

વડાપ્રધાન મોદીનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જયારે ઝારખંડના પૂર્વ મુખ્યમંત્રી હેમંત સોરેન અને દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલ ભ્રષ્ટાચારના આરોપમાં જેલમાં છે. વિરોધ પક્ષો સરકાર પર કેન્દ્રીય તપાસ એજન્સીઓનો વિરોધીઓ વિરૂદ્ધ ઉપયોગ કરવાનો આરોપ લગાવી રહ્યા છે. વડાપ્રધાને આરોપોને સંપૂર્ણ રીતે નકારી કાઢ્યા અને કહ્યું કે ઈડીના માત્ર ત્રણ ટકા કેસ રાજકારણ સાથે સંબંધિત છે. વડા પ્રધાને કહ્યું, 'જે રાજયોમાં ભાજપ સત્તામાં છે ત્યાં પણ કાર્યવાહી કરવામાં આવી રહી છે. જે આરોપો લગાવવામાં આવી રહ્યા છે તે એવા લોકો દ્વારા જ લગાવવામાં આવી રહ્યા છે જેમને પોતાની સામે તપાસનો ડર છે.

# ઈદનાં દિવસે અયોધ્યામાં રામમંદિરનાં પુજારી સત્યેન્દ્ર દાસે બાબરી મસ્જીદનાં સમર્થક ઈકબાલ અન્સારીનાં ઘરે જઈ શુભેચ્છા પાઠવી



અયોધ્યા તા. ૧૨

રામલલ્લાના મુખ્ય પૂજારી આચાર્ય સત્યેન્દ્ર દાસ ઈદના તહેવાર પર બાબરી મસ્જિદના સમર્થક વકીલ ઈકબાલ અંસારીના ઘરે પહોંચ્યા હતા. અહીં આચાર્ય સત્યેન્દ્રદાસે ઈકબાલ અન્સારીને ઈદની શુભેચ્છા પાઠવી હતી. જયારે ઈકબાલ અન્સારી અને તેમના પરિવારે રામલલ્લાના મુખ્ય પૂજારીનું સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે રામલ્લાના પૂજારીએ ઈકબાલ અન્સારીના નિવાસસ્થાનેથી સંદેશો આપતાં જણાવ્યું હતું કે હિન્દુ અને મુસ્લિમોએ એકતા-ભાઈચારા સાથે તહેવારોની ઉજવણી કરવી જોઈએ. આચાર્ય સત્યેન્દ્ર દાસે જણાવ્યું કે, હું ઈકબાલભાઈના ઘરે ઈદની શુભેચ્છા પાઠવવા આવ્યો છું. હાલમાં અહીં રામ નવમીનો તહેવાર ચાલી રહ્યો છે. હું ઈચ્છું છું કે મુસ્લિમ ભાઈઓની ભાવનાઓ પૂર્ણ થાય.

તેમણે કહ્યું કે ઈકબાલ બાબરી પક્ષના સમર્થક ધારાશાસ્ત્રી છે અને હું રામજન્મભૂમિનો પૂજારી છું, આ લોકોની અમારા ઉત્સવમાં સંપૂર્ણ ભાગીદારી છે. આ રીતે અમે પણ યોગદાન આપવા આવ્યા છીએ. ઈદના અવસર પર સત્યેન્દ્ર દાસે કહ્યું કે જેમ અહીં એકતા છે, આપણે તહેવારો સાથે મળીને ઉજવીએ છીએ, તેવી જ રીતે સમગ્ર દેશમાં તહેવારો ઉજવવા જોઈએ. હિંદુ અને મુસ્લિમ બંનેએ સાથે મળીને તહેવારો ઉજવવા જોઈએ અને પ્રેમથી રહેવું જોઈએ તેમ સત્યેન્દ્રદાસે જણાવ્યું હતું.

# રૂપાલા મામલે માફામાફીનો દોર સમાપ્ત : ભાજપે રણનીતિ ફેરવી

રાજકોટ તા. ૧૨

ગુજરાતમાં લોકસભા ચૂંટણીમાં પ્રારંભથી એક તરફી મનાતા ટ્રેન્ડ વચ્ચે અનેક બેઠકો પર ભાજપના ઉમેદવારોની પસંદગી સામે સર્જાયેલા અસંતોષ તથા ખાસ કરીને રાજયના ચુંટણી ઈતિહાસમાં સંભવત પ્રથમ વખત ભાજપે જાહેર કરેલા બે ઉમેદવારોને બદલવા પડયા તેમાં ડેમેજ કંટ્રોલ કર્યા બાદ પણ અચાનક જ રાજકોટ સંસદીય બેઠક પરના પક્ષના ઉમેદવાર તથા કેન્દ્રીયમંત્રી પરસોતમ રૂપાલાએ ક્ષત્રિય સમાજ અંગે કરેલા વિધાનોનો વિરોધનો વંટોળ સમગ્ર ગુજરાત અને ગુજરાત બહાર પણ સર્જાયો છે.

બોયકોટ રૂપાલાના નારા સાથે ક્ષત્રિય સમાજે રૂપાલાની ટિકીટ રદ કરવા કરેલી માંગણીમાં ભાજપ અને ખાસ કરીને પરસોતમ રૂપાલાએ ડિફેન્સીવ સ્ટેન્ડ અપનાવી આ વિધાનો પર બે વખત માફી માંગી લઈને વિવાદ શાંત કરવા કરેલા પ્રયત્નો બાદ પણ વિરોધ યથાવત રહેતા હવે તેઓ તેમની ઉમેદવારી સામે ઉભા કરાયેલા પડકારની પરવા કર્યા વગર જ છુટ્ટા હાથે 'વોટીંગ' કરવા તૈયાર થયા હોવાના સંકેત છે.

ભાજપે લાંબો સમય સુધી ક્ષત્રિય સમાજનો રોષ શાંત પાડવા પ્રયાસ કર્યો છે અને ખુદ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલે પણ બે હાથ જોડી રૂપાલાને માફી આપવા અપીલ કરી હતી તથા પક્ષની સાથે જોડાયેલા પુર્વ મહારાજાઓને પણ આ પ્રકારે અપીલ કરવા માટે આગળ લાવ્યા હતા પણ જે રીતે ફકત રાજકોટ નહી પણ રાજયભરમાં નાના-મોટા પાયે રૂપાલાનો વિરોધ થઈ રહ્યો છે પછી ભાજપે રણનીતિ બદલી હોવાના સંકેત છે.

ગઈકાલે જ રાજકોટમાં અમૃતસાગર પાર્ટી પ્લોટ ખાતે ભાજપના કાર્યકર્તા સંમેલનમાં રૂપાલાએ પ્રથમ વખત આડકતરી રીતે તેઓ પરીસ્થિતિનો મુકાબલો કરવા તૈયાર હોવાનો સંકેત આપી દીધો છે. રૂપાલાએ તેમના પ્રવચનના અંતે ઉર્દૂના વિખ્યાત શેર 'ફાનુસ બનકર જિસકી હિફાજત હવા કરે... વો શમા કયા બૂઝે જિસે રૌશન ખુદા કરે.' લલકારીને તેઓ હવે આ પ્રકારના વિરોધને ગણકારવા તૈયાર નહી હોવાનો સ્પષ્ટ સંકેત આપી દીધો છે.

## દર્દીઓનાં સ્વાસ્થય સાથે ભયંકર રમત : ૪૫ ટકા ડોકટરો અધુરૂ પ્રિસ્ક્રીપ્શન લખે છે

નવી દિલ્હી,તા. ૧૨: ઈન્ડીયન કાઉન્સીલ ઓફ મેડિકલ રિસર્ચએ ખુલાસો કર્યો છે કે લગભગ ૪૫ ટકા ડોક્ટરો અધૂરી પ્રિસ્ક્રીપ્શન લખી રહ્યા છે, જે દર્દીઓના સ્વાસ્થ્ય સાથે સીધો ખેલ કરી રહ્યા છે. સંસ્થાનું કહેવું છે કે ઓપીડીમાં દર્દીઓને પ્રારંભિક તબીબી સલાહ આપતા ડોકટરો તેમની ઉતાવળમાં ખૂબ જ બેદરકારી દાખવે છે. ૧૩ જાણીતી સરકારી હોસ્પીટલોના સર્વે બાદ તૈયાર કરવામાં આવેલા **ICMR**ના આ રિપોર્ટ બાદ કેન્દ્ર સરકાર ટૂંક સમયમાં આ બેદરકારીને રોકવા માટે કડક પગલાં લઈ શકે છે.

વર્ષ ૨૦૧૯ માં, **ICMR** એ દવાઓના તર્કસંગત ઉપયોગ પર એક ટાસ્ક ફોર્સની રચના કરી, જેની દેખરેખ હેઠળ ઓગસ્ટ ૨૦૧૯થી ઓગસ્ટ ૨૦૨૦ વચ્ચે ૧૩ હોસ્પીટલોની **OPD** માં સર્વે કરવામાં આવ્યો. તેમાં મુખ્યત્વે દિલ્હી **AIIMS**, સફદરજંગ હોસ્પીટલ, ભોપાલ **AIIMS**, બરોડા મેડિકલ કોલેજ, મુંબઈ **GSMC**, સરકારી મેડિકલ કોલેજ, ગ્રેટર નોઈડા, **CMC** વેલ્લોર, **PGI** ચંદીગઢ અને ઈન્દિરા ગાંધી મેડિકલ કોલેજ, પટનાનો સમાવેશ થાય છે.

# વેસ્ટર્ન ડીસ્ટર્બન્સઃ ૧૦ રાજયોનાં હવામાનમાં પલ્ટો

નવી દિલ્હી,તા.૧૨

ઉનાળાના આકરા તાપ-સુર્યપ્રકોપ વચ્ચે નવુ વેસ્ટર્ન ડીર્સ્ટબન્સ એકટીવ થયુ છે અને તેના પ્રભાવ હેઠળ ગુજરાત સહીત ૧૦ રાજયોમાં હવામાન પલટો તથા કાશ્મીર-હિમાચલ પ્રદેશમાં હિમવર્ષા થવાની આગાહી છે.

હવામાન વિભાગે જાહેર કર્યું છે કે, મહારાષ્ટ્ર મધ્યપ્રદેશ તથા છતીસગઢમાં શનિવાર સુધી કમોસમી વરસાદનો દોર જારી રહેવાની શકયતા છે.આ સિવાય રાજસ્થાનનાં ૧૪ જીલ્લામાં વરસાદી એલર્ટ જારી કરાયું છે. પશ્ચિમ બંગાળ, ઝારખંડ, ઓડીશા બિહાર તથા આંદામાન-નિકોબારમાં પણ વરસાદ પડશે જયારે હિમાચલ તથા કાશ્મીરમાં શનિવાર સુધી હિમવર્ષા થવાની સંભાવના છે.

હવામાન પલટા માટે ઈરાન-પાકિસ્તાન થઈને ઉતર ભારત પહોંચેલુ વેસ્ટર્ન ડીર્સ્ટબન્સ જવાબદાર છે. આ વખતે ફેબ્રુઆરીથી વારંવાર-વખતોવખત વેસ્ટર્ન ડીર્સ્ટબન્સ એકટીવ થયા હોવાના કારણોસર હવામાન પલટા સર્જાયા હતા. જોકે ૧૫ એપ્રિલ બાદ ફરી વાતાવરણ સામાન્ય બનશે અને આગ ઓકતી ગરમી પડશે.

હવામાન વિભાગના કહેવા પ્રમાણે ૧૩-૧૪ એપ્રિલે પશ્ચિમી રાજસ્થાન, ગુજરાત તથા ઉતર પ્રદેશમાં વરસાદ થઈ શકે છે. માવઠાની અસરે થોડો વખત તાપમાનમાં રાહત મળી શકે. મધ્યપ્રદેશ, છતીસગઢ, વિદર્ભ, મરાઠાવાડ, મધ્ય મહારાષ્ટ્રમાં ૫૦ કીમીની આંધી સાથે વરસાદની શકયતા છે પંજાબ,હરીયાણા, દિલ્હીમાં પણ તેજ હવા સાથે માવઠા પડવાની સંભાવના છે.

### બોટાદનાં પાળીયાદ ગામે ગતરાત્રે યોજાયેલ મોદી પરીવાર સભામાં

# ક્ષત્રીય આગેવાને ભાષણ આપતા-આપતા રાજીનામુ આપી દીધું

બોટાદ તા. ૧૨

બોટાદના પાળીયાદ ગતરાત્રે યોજાયેલ ભાજપની 'મોદી પરિવાર સભા'માં બોટાદ તાલુકા ભાજપ મહામંત્રી અને ક્ષત્રિય સમાજના આગેવાન વિજય ખાચરે જાહેરમાં ભાષણ આપતાં આપતાં રાજીનામું આપી દિધું હતું. રાજકોટ લોકસભા બેઠક પર ભાજપના ઉમેદવાર પુરુશોત્તમ રૂપાલાએ ક્ષત્રિય સમાજ વિરૂદ્ધ કરેલી ટિપ્પણીને લઈને રાજીનામું આપ્યું હોવાનું તેઓએ જાહેરસભામાં જણાવ્યું હતું. તેવામાં ગઈકાલે બોટાદ તાલુકા ભાજપ મહામંત્રી અને ક્ષત્રિય સમાજના આગેવાન વિજય ખાચરે 'મોદી પરિવાર સભા'માં ક્ષત્રિય સમાજના સમર્થનમાં જાહેરમાં રાજીનામું આપી દેતાં ખળભળાટ મચી ગયો છે.

બોટાદ જિલ્લા ભાજપ દ્વારા છેલ્લા ત્રણેક દિવસથી લોકસભાની ચૂંટણીને લઈને સમગ્ર જિલ્લામાં પ્રદેશ ભાજપના આગેવાનો તેમજ જિલ્લા ભાજપના આગેવાનોની હાજરીમાં 'મોદી પરિવાર સભા' યોજાઈ રહી છે. જેના ભાગરૂપે ગતરાત્રે બોટાદ જિલ્લાના પાળીયાદ ગામે જિલ્લા ભાજપના મહામંત્રીઓની ઉપસ્થિતિમાં મોદી પરીવાર સભા યોજાઈ હતી.

રોયલ ફાલ્કન બ્રાન્ડ™
મેંગ્લોરની એકસ્ટ્રા સુપર કવોલીટીની સોપારીની સૌરાષ્ટ્ર-કચ્છમાં તાલુકા વાઈઝ એજન્સી આપવાની છે.
રસ ધરાવતા વેપારીઓએ વિઝીટીંગ કાર્ડ અને G.S.T. No. વોટ્સઅપ પર મોકલી આપશો. પેકિંગ ૧ કિલો પાઉચ, ૧૦ કિલો બેગ, ૩૦ કિલો કટ્ટામાં આવશે.
જામ-વરરાજ-મોટી-મોરો રોડ અને જી.પી. ફટોળ દરેક કોલેટીમાં આવશે.
નવુ સીંગલ છોલ, ડબલ છોલ દરેક ક્રોપમાં આવશે.
ડેપો ઓફિસ : વિશાલ માર્કેટીંગ - જુનાગઢ-ગુજરાત
જુનેદભાઈ - મો. ૯૮૯૮૪ ૭૮૦૪૮
P&P BY :- UK ENTERPRISES, MANGALORE

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમજય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ
હરિ-કલા + યુરોસર્જીકલ હોસ્પિટલ
ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન
ઉપલબ્ધ સેવાઓ :
● હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
● પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો
પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪
બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

27 YEARS EXPERIENCE
BE THE BEST OF BOTH WORLDS
ANIMATION & VFX!
Explore our
ANIMATION-VFX PRIME PROGRAM
3 DAYS FREE TRAINING
GET TRAINED. GET HIRED.
ADMISSION OPEN
ANIMATION | VFX | GAMING | GRAPHICS | AUDIO VIDEO
ARENA ANIMATION
Ahmedabad
VASTRAPUR 99090 07106 | SHAHIBAG 88661 88669 | MANINAGAR 75750 33358

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

Since 1983
શંખ મસાલા
ગાયત્રી મસાલા
મો. ૯૪૨૮૬ ૨૩૦૨૩
• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો

# કેશોદના ચોવટીયા પરિવાર દ્વારા થયેલ દેહદાન-ચક્ષુદાન



(નિલેશ રાજપરા દ્વારા)
માંગરોળ તા.૧૨

જુનાગઢ જિલ્લાના કેશોદ તાલુકામાં રહેતા સ્વ.રાધાબેન કરમશીભાઈ ચોવટીયા (ઉ.વ.૮૨) કે જેઓ મનહરભાઈ કે.ચોવટીયા, નિલેશભાઈ કે.ચોવટીયા, વિપુલભાઈ (કનુભાઈ) કે. ચોવટીયાના માતૃશ્રી થાય છે. જેમનું તા.૧૦-૦૪-૨૦૨૪,ચૈત્ર સુદ બીજના રોજ ઉંમરના કારણે દુ:ખદ અવસાન થયેલ છે. આ દુ:ખદ સમયે તેમના પરિવાર દ્વારા સ્વ.રાધાબેનનું દેહદાન અને ચક્ષુદાન કરવાની ઈચ્છા થઈ આ માટે તેમના સગા હિતેષભાઈ કથીરીયા દ્વારા આરેણા સ્થિત શિવમ્ ચક્ષુદાન આરેણાના સંચાલકશ્રીનો સંપર્ક કરવામાં આવ્યો હતો.જેમાં આ દાન વિશે અને સંકલ્પપત્ર વિશે ચર્ચા કરવામાં આવી હતી.અને દેહદાન માટે પોરબંદર જી.એમ.ઈ.આર.એસ. મેડિકલ કોલેજ,એનેટોમી વિભાગના ડૉ.મયંક જાવિયા સાથે સંપર્ક કરાવેલ.વિશેષમાં ડૉ.સ્નેહલ તન્ના સાહેબે પણ માર્ગદર્શન આપેલ.આથી આ પરિવારે સદ્ગતના ચક્ષુદાન અને દેહદાન કરવાની ઈચ્છા વ્યક્ત કરી આથી ચક્ષુદાન માટે શિવમ્ ચક્ષુદાનની ટીમને કેશોદ ચક્ષુ લેવા માટે આગ્રહ કરેલ. પરંતુ સ્વ.રાધાબેનનું ચક્ષુદાન ઉપરાંત દેહદાન પણ કરવાનું હોવાથી સમય મર્યાદા ખુબ ઓછી હોય અને શિવમ્ ચક્ષુદાન ટીમ કેશોદ ચક્ષુદાન માટે જાય તે સમય અને દેહદાન માટે પોરબંદર જવાનું થાય તે સમય ખુબ વધી જાય આ માટે બંન્ને દાન એક જ જગ્યાએ થઈ શકે અને સમયમર્યાદા જળવાય તે હેતુ થી શિવમ્ ચક્ષુદાન આરેણા દ્વારા સી.એસ.સામરીયા રેડ ક્રોસ ઈંટરનેશનલ ચક્ષુબેંક,અમદાવાદ સાથે સંલગ્ન ડૉ.નીતિન પોપટ દ્વારા પોરબંદરમાં સંચાલિત ચક્ષુદાન સ્વિકારતી સંસ્થાના ડૉ.નીતિન પોપટ સાહેબનો સંપર્ક કરાવી આપેલ.

આ રીતે શિવમ્ ચક્ષુદાન આરેણાના સંચાલકશ્રીએ સદગતના દેહદાન માટે મયંક જાવિયા સાહેબ અને ચક્ષુદાન માટે ડૉ.નીતિન પોપટ સાહેબ સાથે ટેલિફોનિક સંપર્ક કરાવી આપેલ જે અન્વયે તા.૧૧-૪-૨૦૨૪, ગુરુવારના રોજ સ્વ.રાધાબેનનું ચક્ષુદાન અને દેહદાન પોરબંદર ખાતે આ બંન્ને ડૉક્ટરશ્રીઓના માર્ગદર્શન નીચે થયેલ છે.

આમ સ્વ.રાધાબેનના ચક્ષુદાન-દેહદાન માટે શિવમ્ ચક્ષુદાન આરેણાને નિમિત બનવાનો એક મોકો મળ્યો તેમજ આ પરિવારે સ્વ.રાધાબેનના ચક્ષુદાન દેહદાન માટે જે ઉત્તમ નિર્ણય લીધો તે બદલ શિવમ્ ચક્ષુદાન આરેણા આપના વિચારને નમન કરે છે.અને સ્વ.રાધાબેનના આત્માને ઈશ્વર ચરણમાં સ્થાન મળે તેવી પ્રાર્થના કરે છે.

આપના આ નિર્ણયથી બે અંધલોકોના જીવનમાં રોશની મળશે અને દેહદાન થકી મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓને રિચર્સ માટેની એક વ્યવસ્થા મળે જેનાથી આવનારા સમયમાં બિમાર લોકોની સેવા માટે એક સારા ડૉક્ટર મળે.ચોવટીયા પરિવારના ચક્ષુદાનના આ વિચારને શિવમ્ ચક્ષુદાન-આરેણા બિરદાવે છે અને સ્વ.રાધાબેનને શ્રધ્ધાંજલી અર્પે છે. ચોવટીયા પરિવાર દ્વારા થયેલ આ મહાદાનને શિવમ્ ચક્ષુદાન ગૃપ-આરેણા,માંગરોળ જાયન્ટ્સ ગૃપ,વંદેમાતરમ્ ગૃપ-માંગરોળ,સ્વ.લક્ષ્મણભાઈ એ.નંદાણિયા વિવિધલક્ષી સેવાકીય ટ્રસ્ટ-માંગરોળ,સંજીવની નેચર ફાઉન્ડેશન-માંગરોળ,શ્રી ડુગરગુરુ સ્થાનક વાસી જૈન યુવક મંડળ જુનાગઢ,ગીરનારી બ્લડ ગૃપ-જુનાગઢ,ભારત વિકાસ પરિષદ,માંગરોળ તાલુકાના પત્રકારમિત્રો,માંગરોળ ડોક્ટર એસોસિએશન, ઈન્ડિયન હ્યુમન રાઈટ્સ એસોસિયેશન-માંગરોળ તેમજ પ્રભાતફેરી ધૂન મંડળ દ્વારા બિરદાવવામાં આવે છે.અને આપના પરિવાર પર આવી પડેલ મુશ્કેલીને સહન કરવાની શક્તિ પ્રભુ આપને આપે તેવી પ્રાર્થના કરીએ છીએ. તેમજ સ્વર્ગસ્થ રાધાબેનના આત્માને શ્રી કૃષ્ણના ચરણોમાં સ્થાન મળે તે પ્રાર્થના સહ શ્રધ્ધાંજલી પાઠવવામાં આવી રહી છે. આ તકે આપને જણાવી એ છીએ કે આપણા વિસ્તાર મા કોર્નિયા થી અંધ લોકો આપના ધ્યાનમાં હોય તો એમના ઓપરેશન પહેલા ની તપાસ કરી ને ઓપરેશન માટે ફીટ હોવી જોઈએ. મતલબ આ આંખ ના કોર્નિયાનું પ્રત્યારોપણ ત્યારે જ શક્ય બને છે કે એમના સ્નાયુ બિલકુલ સ્વસ્થ હોય, પડદો આંખનો ડેમેજ ન થયો હોય, આંખનું પ્રેશર નોર્મલ હોવું જરૂરી છે સાથે સાથે બી.પી., ડાયાબિટીસ વગેરે પણ જોવાતું હોય છે. આમ જે લોકો ને કોર્નિયા થી અંધ વ્યક્તિ હોય એમને ભારત કોર્નિયા અંધત્વ મુક્ત અભિયાન અંતર્ગત નેત્ર પ્રત્યારોપણ શક્ય હોય છે.આવી વ્યક્તિ ની જાણ કરવા વિનંતી છે જેથી એમને આપણે દ્રિષ્ટ ફરી થી અપાવી શકીએ છીએ.

# સમસ્ત ભારતીય નાગરિક સમુદાયને મતદાન કરવા અપીલ

## આપનો કિંમતી મત એટલે રાષ્ટ્રની સંસ્કૃતિનું રક્ષણ, આપણી અખંડ પરંપરાનું સંરક્ષણ જે ભારત દેશનું હિત ઈચ્છે છે



(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા.૧૨

આગામી દિવસોમાં યોજાઈ રહેલ લોકસભા ચુંટણી - ૨૦૨૪ ના લોકશાહી પર્વની શાનદાર ઉજવણી કરવા તથા વિશ્વની સૌથી મોટી લોકશાહીનું ગૌરવ વધારવા સાથે ૫૦૦ વર્ષોના ઈતિહાસમાં આપણા પૂર્વજોએ કરેલી તપશ્ચર્યાના અંતે અયોધ્યામાં સરયુ નદીના કિનારે રામજન્મભૂમિ ઉપર જેના દ્વારા ભવ્ય રામ મંદિર નિર્માણ થયું છે. એના માટે અને આધ્યાત્મિક સંસ્કૃતિના વારસાની રક્ષા કરવા તેમજ જેણે સંસ્કૃતિ, પરંપરા, સંસ્કારો અને ધર્મને સુરક્ષિત રાખવા લડાઈ કરી છે. તેને પોતાનો કિંમતી અને પવિત્ર મત આપવા શાસ્ત્રી જયસ્વરૂપદાસજી (અંકલેશ્વર ગુરુકુલવાળા) ભારપૂર્વક અનુરોધ કરે છે. અખંડ રાષ્ટ્રીયતા એ જ આપણું ગૌરવ છે. રાષ્ટ્રના ગૌરવ સાથે સમસ્ત ભારત દેશની જનતાનું ગૌરવ અને અખંડડિતતા જોડાયેલી છે. રાષ્ટ્ર અને સંસ્કૃતિને અખંડ બનાવવા સૌ ભારતીય નાગરિકો વધુ જાગૃત બને અને સમજી વિચારીને વિવેકપૂર્ણ મતદાન કરે.

# પોરબંદર લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ માટે કલેક્ટર દ્વારા તા.૧૨ એપ્રિલથી નામાંકન ફોર્મ ભરવા અંગેની ચૂંટણી નોટિસ

## ૧૧- પોરબંદર લોકસભા સંસદીય મતદાર વિભાગ માટે નામાંકન ફોર્મ ચૂંટણી અધિકારી અને કલેક્ટર કચેરી ખાતે મળશે

(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા.૧૨

પોરબંદર લોકસભા બેઠકના ચૂંટણી અધિકારી અને કલેક્ટર કે.ડી. લાખાણી દ્વારા લોકસભાની ચૂંટણી માટે તા.૧૨ એપ્રિલથી ચૂંટણી નોટીસ જાહેર કરવામાં આવી છે. ૧૧-પોરબંદર લોકસભા સંસદીય મત વિભાગ માટે નામાંકન ફોર્મ ચૂંટણી અધિકારી અને કલેક્ટર કચેરી ખાતેથી મળી શકશે. ચૂંટણી અધિકારી અને કલેક્ટર કચેરી પ્રથમ માળ, જિલ્લા સેવા સદન-૧, પોરબંદર, એરપોર્ટ સામે અથવા મદદનીશ ચૂંટણી અધિકારી અને પ્રાંત અધિકારીની કચેરી બીજો માળ, જિલ્લા સેવા સદન-૧ ખાતે મોડામા મોડું તા.૧૯ એપ્રિલ શુક્રવાર સુધીમાં કોઈ પણ દિવસે (જાહેર રજાના દિવસ સિવાય) સવારના ૧૧ વાગ્યાથી બપોરના ૩ વાગ્યા સુધી નામાંકન પત્રો પહોંચાડી શકાશે. આ અંગે નિયમોનુસાર નોટીસ પ્રસિદ્ધ કરાઈ છે. ઉમેદવાર પત્રોની ચકાસણી તા.૨૦ એપ્રિલ શનિવારથી સવારના ૧૧ વાગ્યાથી જિલ્લા ચૂંટણી અધિકારીની કચેરી, પ્રથમ માળ, (કલેકટરની ચેમ્બર) જિલ્લા સેવા સદન-૧, પોરબંદર ખાતે હાથ ધરાશે. તા.૨૨ એપ્રિલ સોમવારના બપોરના ૩ કલાક પહેલા ઉમેદવારી પરત ખેંચવાની નોટીસ ઉપરોક્ત કોઈ પણ અધિકારી સમક્ષ રજૂ કરી શકાશે. મતદાન કરવાનું થશે તો તા.૭ મે- ૨૦૨૪ મંગળવારના સવારે ૭થી સાંજના ૬ વાગ્યા સુધી થશે તેવું જિલ્લા ચૂંટણી અધિકારી તરફથી જણાવવામાં આવ્યું છે.

# ઈસરોના START કાર્યક્રમ અંતર્ગત સોલાર સિસ્ટમની માહિતી આપતા કોર્સનું રીજીયોનલ સાયન્સ સેન્ટર રાજકોટ ખાતે અનેરૂ આયોજન





(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા.૧૨

ભારત સરકારના ઈસરો દ્વારા અવકાશવિજ્ઞાનમાં ખાસ રૂચિ ધરાવતા લોકો માટે આપણા સુર્યમંડળ વિશે માહિતી આપતા "એક્સપ્લોરેશન ઓફ સોલાર સિસ્ટમ" નામના ઓનલાઈન કોર્ષની શરૂઆત કરવામાં આવનાર છે. આ કાર્યક્રમના સુચારૂ આયોજન માટે ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર કચેરીને મુખ્ય નોડલ સંસ્થા અને આ કચેરી હેઠળ કાર્યરત રીજીયોનલ સાયન્સ સેન્ટર રાજકોટને પેટા નોડલ સેન્ટર તરીકે નીમવામાં આવેલ છે. આ ઓનલાઈન કોર્ષમાં ભાગ લેવા માટે નિયત લીંક https://elearning.iirs.gov.in/edusatregistration/student ઉપર તા.૧૯ એપ્રિલ, ૨૦૨૪ સુધીમાં રજીસ્ટ્રેશન કરવાનું રહે છે.

આ કાર્યક્રમ તા. ૨૪ એપ્રિલ ૨૦૨૪થી તા. ૧૦ મે, ૨૦૨૪ સુધી યોજાશે. જેનો સમય બપોરે ૩ કલાકથી સાંજના ૫:૩૦ કલાકનો રહેશે. આ કોર્ષમાં ઈસરોના વિવિધ વૈજ્ઞાનિકો અને તજજ્ઞો દ્વારા અંતરીક્ષ અને સુર્યમંડળ વિશે આશરે ૨૦ જેટલા ઓનલાઈન લેક્ચર દ્વારા માહિતી આપવામાં આવનાર છે. આ કોર્ષમાં ભાગ લેવા ત્રણ કેટેગરી નિયત કરવામાં આવી છે. જેમાં પ્રથમ કેટેગરીમાં વિજ્ઞાન અને ટેકનોલોજી આધારિત કોર્ષ(ફીઝીક્સ, કેમેસ્ટ્રી, કોમ્પ્યુટર સાયન્સ, મીકેનીકલ, ઓટોમેશન, ઈલેક્ટ્રોનીક્સ એપ્લાઈડ મીકેનીક્સ, રેડિયો ફીઝીક્સ અને અન્ય સંબંધિત વિષયો વગેરે)માં માસ્ટર ડીગ્રીમાં અભ્યાસ કરતા તેમજ આ વિષયોના ગ્રેજ્યુએશનમાં છેલ્લા વર્ષના વિદ્યાર્થીઓ પોતાનું રજીસ્ટ્રેશન કરાવી શકે છે. કોઈપણ કોલેજ પોતાને ત્યાં ચાલતા આગળ જણાવેલ કોર્ષના વિદ્યાર્થીઓને આ ઓનલાઈન કોર્સમાં રજીસ્ટ્રેશન કરાવી શકે છે. આ કોર્ષમાં ભાગ લીધેલ તમામ ઉમેદવારો, શૈક્ષણિક સંસ્થાઓ અને તેના કો-ઓર્ડીનેટરશ્રીઓને ઈસરો તરફથી પાર્ટીસીપેશન સર્ટીફીકેટ મળશે તેમજ આ કોર્ષની પરીક્ષામાં ઉતીર્ણ થનાર વિદ્યાર્થીઓને ઈસરો તરફથી મેરીટ સર્ટીફિકેટ પણ મળશે. બીજી કેટેગરીમાં ઉપરોક્ત દર્શાવેલ કેટેગરીમાં ના હોઈ તેવા અન્ય વિદ્યાર્થીઓ કે કોઈ વ્યક્તિ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવી શકે છે જે માટે તેઓને પાર્ટીસીપેશન સર્ટીફીકેટ મળવા પાત્ર છે. કેટગરી એક અને બે માટે ઓનલાઈન ઈ-ક્લાસમાં જોડાવાનું રહેશે જેમાં ૭૦% હાજરી ફરજીયાત છે. ત્રીજી કેટેગરીમાં ઉપરોક્ત કેટેગરી સિવાયના કોઈપણ ઉમેદવાર ઈસરોના નિયત યુટ્યુબ લીંક દ્વારા ઓનલાઈન ઈ-ક્લાસમાં જોડાઈ શકે છે. રજીસ્ટ્રેશનનું વેરીફીકેશન થયા બાદ ઉમેદવારોને તેઓના ઈ-મેઈલ આઈડી ઉપર ઈસરો દ્વારા લોગીન આઈડી અને પાસવર્ડ મોકલી આપવામાં આવશે જેના દ્વારા તેઓએ ઉપર્યુક્ત ઓનલાઈન કોર્ષમાં જોડાવાનું રહેશે. રીજીયોનલ સાયન્સ સેન્ટર - રાજકોટ ખાતે પણ આ કોર્ષના ઓનલાઈન સેશનની વ્યવસ્થા કરવામાં આવશે જે નિ:શુલ્ક રહેશે. આ કોર્ષમાં રજીસ્ટ્રેશન માટે તેમજ અન્ય જરૂરી માહિતી માટે સંસ્થાના ટેલીફોન નં. ૦૨૮૧-૨૯૯૨૦૨૫ અથવા મો. ૯૦૩૩૫ ૮૨૦૦૮ ઉપર સંપર્ક કરી શકાય છે.

# ખંભાળિયાના પોસ રહેણાંક વિસ્તારમાં ધાબા પર ચડી ગયેલી ગાયનું રેસ્ક્યુ કરાયું





(પ્રતિનિધી દ્વારા)
જામ ખંભાળિયા તા.૧૨

ખંભાળિયા શહેરની મધ્યમાં આવેલી જૂની લોહાણા મહાજન વાડી પાસે એક જુનવાણી બંધ મકાનના ધાબા ઉપર એક ગાય બે દિવસથી ચડી હોવા અંગેની જાણ સ્થાનિક રહીશો દ્વારા અહીં પશુ સેવા સંસ્થા થાય એનિમલ કેર ચેરીટેબલ ટ્રસ્ટને કરવામાં આવતા આને અનુલક્ષીને સંસ્થાના કાર્યકરો દેશુર ધમા, વિશાલ વાંઝા, આયુષ મહેતા વિગેરે તાત્કાલિક આ સ્થળેથી ગાયને ઉતારી અને રેસ્ક્યુ કરાયું હતું.

અન્ય એક સેવાકાર્યમાં ખંભાળિયા તાબેના સેઢા ભાડથર ગામે રહેતા એક એક આસામીના ૬૦ ફૂટ ઊંડા પાણી ભરેલા કુવામાં એક બિલાડી પડી હોવાથી આના અનુસંધાને એનિમલ કેર ચેરીટેબલ ટ્રસ્ટના દેશુર ધમા, જયસુખ નાથ, આયુષ મહેતા અને વિશેષ દેસાણી સાથે સ્થાનિક સરપંચ નેભાભાઈ દ્વારા નોંધપાત્ર જહેમત ઉઠાવી, બિલાડીનું સફળતાપૂર્વક રેસ્ક્યું કરાયું હતું.

# દોલતપરા નજીક પગારના પૈસાની માંગણી કરતા લોખંડના પાઈપથી હુમલો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)
જૂનાગઢ તા.૧૨

જૂનાગઢના દોલતપરા પાસે વનરાજ બેસન મીલ નજીક રહેતા અને મુળ ગામ બીછા બિહારના સુધીર અર્જુનભાઈ રાજવંશ (ઉ.વ.૩૫)એ અજય રાજવંશી, નવદેશ રાજવંશી, કારૂ રાજવંશી વિગેરે સામે નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામના ફરિયાદી તેના પત્ની ઘરે હાજર હોય અને ફરિયાદીએ આરોપીઓ પાસે પોતાનો ગયા મહિનાનો બાકી રહેલ પગારના પૈસાની માંગણી કરતા આરોપીઓએ ઉશ્કેરાઈ જઈ ફરિયાદીને ગાળો કાઢી આરોપી નં-૧નાએ ફરિયાદીને લોખંડના પાઈપથી જમની બાજુ કાન પાસે તથા ડાબી બાજુ કમરના ભાગે તથા જમણા પગે માર મારી તેમજ સાહેદ ફરિયાદીના પત્ની વચ્ચે પડતા તેને પણ ઢીકાપાટુનો માર મારી એકબીજાએ મદદગારી કરી જીલ્લા મેજી.ના જાહેરનામાનો ભંગ કરી ગુનો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવતા એ ડીવીઝન પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# બાટવા નજીક બાઈક સ્લીપ થતાં ઘવાયેલા કોયલાણા ઘેડનાં ઉદેસંગ ચાવડાનું મૃત્યું

જૂનાગઢ તા. ૧૨

બાટવા નજીક બાઈક સ્લીપ થઈ જતાં માણાવદરનાં કોયલાણા (ઘેડ)નાં વૃધ્ધ પતિ-પત્નીને ઈજા થઈ હતી. જેમાંથી પતિનું રાજકોટમાં મૃત્યું થતાં તેમનાં પરીવારમાં શોકની લાગણી છવાઈ ગઈ છે. આ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર કોયલાણા ગામે રહેતા ઉદેસંગ જોરૂભા ચાવડા (ઉ.વ. ૬૦) ગયા શુક્રવારે તેમનાં પત્ની ક્રિષ્નાબાને ટુવ્હીલરમાં બેસાડી બાટવા સગાનાં ઘરે બેસવા આવ્યા હતાં. ત્યાંથી પરત કોયલાણા જતાં હતા ત્યારે બાટવા નજીક બાઈક સ્લીપ થઈ જતાં બંનેને ઈજાઓ થતાં જૂનાગઢ હોસ્પીટલમાં ખસેડાયા હતાં ત્યાંથી ઉદેસંગ ચાવડાને વધુ સારવાર માટે રાજકોટ ખસેડયા હતાં અને જયાં વ્હેલી સવારે તેમનું મૃત્યું થતાં પરીવારમાં શોક છવાયો હતો. હોસ્પીટલ ચોકીનાં રામશીભાઈ વરૂ અને કેતનભાઈ નિકોલાએ માણાવદર પોલીસને જાણ કરી હતી. મૃત્યું પામનાર કરીયાણાની દુકાન ચલાવતાં હતાં તેઓ બે બહેન અને ચાર ભાઈમાં મોટા હતાં. સંતાનમાં છ પુત્રી અને એક પુત્ર છે.

# સ્કૂલો એપ્રિલથી શરૂ કરવાની જાહેરાત અધ્ધરતાલ

# ધો.૧૦-૧૨માં ગેરરીતિ કરતાં ઝડપાયેલા ૪૦૦ વિદ્યાર્થીની વિગતો બોર્ડે મગાવી

અમદાવાદ, તા.૧૨

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવેલી ધો.૧૦ અને ૧૨ની પરીક્ષામાં જુદા જુદા જિલ્લાઓમાં સીસી ટીવી ફૂટેજની ચકાસણી દરમિયાન ૪૦૦થી વધારે ગેરરીતિના કેસો બહાર આવ્યા હતા. બોર્ડ દ્વારા જિલ્લાઓ પાસેથી પણ સીસી ટીવી ફૂટેજ મગાવવામાં આવ્યા છે. જે વિદ્યાથીઓ ગેરરીતિમાં પકડાયા હોય તેના સીસી ટીવી ખાસ મગાવવામાં આવ્યા છે. ધો.૧૦ અને ૧૨ની રેગ્યુલર પરીક્ષા દરમિયાન જુદા જુદા કેન્દ્રો પરથી ગેરરીતિમાં ઝડપાયેલા વિદ્યાથીઓની સંખ્યાની સામે સીસી ટીવી ફૂટેજની ચકાસણીમાં ૪૦૦થી વધારે વિદ્યાથીઓ ઝડપાયા હતા. તાજેતરમાં બોર્ડ દ્વારા તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓને પત્ર મોકલીને એવી તાકીદ કરવામાં આવી હતી કે, માર્ચ ૨૦૨૪માં લેવાયેલી પરીક્ષાઓમાં જિલ્લા કક્ષાએ સમિતિએ સીસી ટીવી ચકાસણી કર્યા બાદ જે વિદ્યાથીઓ ગેરરીતિઓ કરતાં ઝડપાયા હતા તેની યાદી મગાવવામાં આવી છે. બોર્ડની પરીક્ષા સમિતિ સમક્ષ રૂબરૂ સુનાવણી દરમિયાન ગેરરીતિમાં ઝડપાયેલા તમામ વિદ્યાર્થીઓની અલગ ઓળખ કરીને સીસી ટીવી ફૂટેજ તૈયાર કરવામાં આવી રહ્યા છે. જેના કારણે આગામી દિવસોમાં બોર્ડ દ્વારા નવેસરથી સીસી ટીવી ફૂટેજની ચકાસણી કરીને જે તે વિદ્યાથી પર કરવામાં આવેલા ગેરરીતિના કેસ યોગ્ય છે કે નહી તેની પુન:ચકાસણી કરવામાં આવશે. ધો.૧૦ અને ૧૨માં મળી કુલ ૪૦૦ ગેરરીતિના કેસો ઝડપાયા હતા.

જેમાં સૌથી વધુ ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં ૨૨૬, ધો.૧૦માં ૧૭૦ અને ધો.૧૨ સાયન્સમાં ૧૪ કેસો નોંધાયા હતા. હવે આગામી દિવસોમાં આ તમામ ફૂટેજની ચકાસમી કર્યા બાદ રૂબરૂ સૂનાવણી કર્યા પછી વિદ્યાથીઓની સજા નક્કી કરવામાં આવશે. રાજ્યમાં સેન્ટ્રલ બોર્ડની જેમ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ સાથે જોડાયેલી તમામ સ્કૂલોમાં પણ એપ્રિલ માસથી નવું શૈક્ષણિક સત્ર શરૂ કરવાનું નક્કી કરવામાં આવ્યું હતુ.

આ જાહેરાત કર્યા પછી હજુ સુધી તેનો અમલ થયો નથી. આગામી બે વર્ષ સુધી પણ આ પ્રકારે સ્કૂલો વહેલી શરૂ કરવાના નિર્ણયનો અમલ થઈ શકે તેમ નથી. વર્ષ ૨૦૨૧-૨૨માં એવી શૈક્ષણિક સત્ર ૨૦મી એપ્રિલથી શરૂ કરવાની જોગવાઈ કરવામાં આવી હતી. કોરોના મહામારીના કારણે શૈક્ષણિક સત્ર ખોરવાયું હોવાથી જોગવાઈનો અમલ થઈ શકયો નહોતો.

# અમરેલીયા પરીવારનાં ૮ અને ૧૨ વર્ષનાં બાળકોએ પુરા રમઝાન માસનાં રોઝા રાખ્યા



જૂનાગઢ તા. ૧૨

મુસ્લીમોનો પવિત્ર રમઝાન મહીનો સમાપ્ત થઈ ગયો છે ત્યારે મેટ્રો મેડીકલ એજન્સીવાળા હુસેનભાઈ અમરેલીયાનાં નાના પુત્ર અને ભાજપ જૂનાગઢ મહાનગર લઘુમતી મોર્ચાનાં પ્રમુખ શબ્બીર અમરેલીયાનાં ભત્રીજા અલી મુર્તુજા (ઉ.વ. ૮) નાની વયમાં ૩૦માંથી ૨૭ રોજા રાખેલ હતાં અને મોટા પુત્ર મોહંમદ (ઉ.વ. ૧૨)એ પુરા રમઝાન મહીનાનાં ૩૦ રોજા રાખેલ હતાં ત્યારે શબ્બીર અમરેલીયા તથા તેમનાં પરીવારે તથા બંને ભાઈઓને દરેક ક્ષેત્રમાં ખુબ જ પ્રગતિ આપે તેવી શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. બંને બાળકોએ સમગ્ર માનવજાત, દેશની પ્રગતિ, સુખ-શાંતિ માટે પ્રાર્થના કરી હતી.

# જૂનાગઢ જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા દ્વારા ચેટીચંડ પર્વની સીંધી સમાજને પાઠવી શુભકામના

(અનુ. પાના નં. ૮નું ચાલુ...)

આ ઉજવણી અંતર્ગત જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા, ડીવાયએસપી હિતેષ ધાધલીયા તેમજ પોલીસ અધિકારી-કર્મચારીઓ દ્વારા શાંતિપુર્ણ રીતે ઉજવણી સંપન્ન થાય તે રીતે સુંદર મજાનો બંદોબસ્ત ગોઠવ્યો હતો અને શોભાયાત્રા સહિતના કાર્યક્રમો શાંતિપુર્ણ યોજાયા હતા. જીલ્લા પોલીસ વડાએ સમગ્ર કાર્યક્રમ દરમ્યાન જાતે સુપરવિઝન કરી અને બંદોબસ્ત ગોઠવી અને પ્રશંસનીય કામગીરી કરવામાં આવી હતી. આ તકે જીલ્લા પોલીસ વડાએ સીંધી સમાજને ચેટીચંડ પર્વની શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. આ તકે સીંધી સમાજના અગ્રણીઓ દ્વારા જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાનો આભાર માની અને સન્માન પણ કરવામાં આવેલ હતું.

# ચૂંટણી પંચની માર્ગદર્શિકા મુજબ લોકસભા સામાન્ય તથા વિધાનસભા પેટા ચૂંટણી માટે જીલ્લા મેજિસ્ટ્રેટ અને કલેક્ટર અનિલકુમાર રાણાવસિયાએ જાહેરનામુ બહાર પાડ્યું

## ફોર્મ ભરતી વખતે ઉમેદવાર સહિત ૫ વ્યક્તિઓ જીલ્લા ચૂંટણી અધિકારીની ચેમ્બરમાં પ્રવેશ કરી શકશે

જૂનાગઢ, તા.૧૨

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ તથા વિધાનસભા પેટા ચૂંટણી માટે તા.૧૨-૪-૨૦૨૪ થી તા. ૧૯-૪-૨૦૨૪ સુધી ઉમેદવારી ફોર્મ ભરી શકાશે. ત્યારે જિલ્લા મેજિસ્ટ્રેટ અને કલેક્ટર શ્રી અનિલકુમાર રાણાવસિયાએ ચૂંટણી પંચની માર્ગદર્શિકા મુજબ અને કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે માટે જાહેરનામું બહાર પાડ્યું છે.

આ જાહેરનામા મુજબ ઉમેદવારી ફોર્મ ભરતી વખતે ઉમેદવાર સહિત ૫ વ્યક્તિઓને જિલ્લા ચૂંટણી અધિકારીની તથા મદદનીશ ચૂંટણી અધિકારી, જૂનાગઢની ચેમ્બરમાં પ્રવેશ કરી શકશે. તેવી જ રીતે ૮૫-માણાવદર વિધાનસભા બેઠકની પેટા ચૂંટણી માટે પણ ચૂંટણી અધિકારી અને પ્રાંત અધિકારી, વંથલી તથા મદદનીશ ચૂંટણી અધિકારી અને મામલતદારશ્રી, વંથલીની ચેમ્બરમાં ઉમેદવારી ફોર્મ રજૂ કરવા ઉમેદવાર સહિત ૫ વ્યક્તિ પ્રવેશ કરી શકશે.

આ લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ના અનુસંધાને ઉમેદવારી ફોર્મ ભરતી વખતે કલેક્ટરની કચેરી,જૂનાગઢ તથા પ્રાંત અધિકારીશ્રીની કચેરી, જૂનાગઢ ઉપરાંત વિધાનસભા પેટા ચૂંટણી માટે પ્રાંત અધિકારીની કચેરી, વંથલી અને મામલતદારની કચેરી, વંથલીની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં વધુમાં વધુ ૩ વાહનો જ લાવી શકાશે. આમ, કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે જરૂરી પોલીસ બંદોબસ્ત પણ રાખવામાં આવશે. આ જાહેરનામાનો ભંગ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.


# માણાવદર વિધાનસભાની પેટા ચૂંટણી માટે તા.૧૯ એપ્રિલ સુધી ફોર્મ ભરી શકાશે

જૂનાગઢ તા.૧૨

જૂનાગઢ જિલ્લામાં લોકસભાની સામાન્ય ચૂંટણીની સાથે માણાવદર વિધાનસભાની પેટા ચુંટણી યોજાનાર છે. ૮૫-માણાવદર વિધાનસભા મત વિસ્તારની પેટા ચૂંટણી માટે ઉમેદવારીપત્રો ભરવાની મુદતનો તા.૧૨-૪-૨૦૨૪ના રોજ પ્રારંભ થશે અને તા.૧૯-૪-૨૦૨૪ સુભી સ્વીકરાવામાં આવશે. ઉપરાંત તા.૨૦-૪-૨૦૨૪ના રોજ ઉમેદવારી ફોર્મની ચકાસણી કરવામાં આવશે. ઉમેદવાર કે તેમના ચૂંટણી એજન્ટ ઉમેદવારી ફોર્મ ચૂંટણી અધિકારી અને પ્રાંત અધિકારી, વંથલી રૂમ નં.-૨૦૧, બીજા માળે, તાલુકા સેવા સદન, દિલાવરનગર, વંથલી અથવા મદદનીશ ચૂંટણી અધિકારી અને મામલતદાર, વંથલી, રૂમ નં. ૧૦૧, પ્રથમ માળે, તાલુકા સેવા સદન, દિલાવરનગર, વંથલીને તેમની કચેરીમાં સવારના ૧૧ થી બપોરના ૩ કલાક સુધીમાં રજુ કરી શકશે. પ્રતીક ફાળવણી તા.૨૦-૪-૨૦૨૪ બપોરના ૩ કલાક પછી શરૂ કરવામાં આવશે. આ ચુંટણીમાં ઈલેક્ટ્રોનિક વોટીંગ મશીન તથા વીવીપેટ મશીનનો ઉપયોગ થનાર છે. તેમ ૮૫- માણાવદર વિધાનસભા મતવિસ્તારના ચૂંટણી અધિકારીશ્રી અને પ્રાંત અધિકારી શ્રી કનકસિંહ ગોહિલની યાદીમાં જણાવાયું છે.

# માંગરોળમાં ઈદુલ ફીત્રની થયેલ ઉજવણી

## ઈદગાહ ઉપર હજારોની સંખ્યામાં નમાઝીઓ ઉમટી પડયા દેશની પ્રગતિ અને અમન શાંતિ માટે દૂઆ કરવામાં આવી




(પ્રતિનિધિ દ્વારા)

માંગરોળ, તા.૧૨

જૂનાગઢ જીલ્લાના માંગરોળ ખાતે ખુબ જ અનોખી રીતે ઈદૂલ ફીત્રની ઉજવાણી કરવામા આવે હતી. માંગરોળમા ઈદની રોનક રાતથી શરૂ થઈ જાય છે. ઈદની રાત્રે ખરીદી માટે લોકો ઉમટી પડતા આખી રાત બજારો ધમધમી હતી. સાથે બિરયાની અને અનેક પ્રકારની વિવિધ વાનગીઓની ખાણીપીણીની લોકોએ મજા માણી હતી. ઈદના દિવસે વહેલી સવારે ઈદની નમાઝ તરફ હજારો મુસ્લિમોએ પરયાણ શરૂ કરી દીધી હતી . માગરોળની શાહી જામા મસ્જીદ, ઈદગાહ, મદ્રેસા દારૂલ ઉલુમ હસનિયાહ, મદ્રેસા કાશીફૂલ ઉલુમ, મદ્રેસા હનફીયાહ, હાજીસિદીક, મખદુમ જહાનિયાહ સિકંદર, કાજીવાડા, બૈતુલ મુકર્રમ, દારે અરકમ, નુરી મસ્જીદ અને સૈયદવાળા મસ્જીદ સહિત અનેક સ્થળોએ ઈદની નમાઝ અદા કરવામા આવી હતી. ઈનામ દિવસની આ ઈદ પ્રેમ, ભાઈચારાની ભાવના સાથે માંગરોળ સમસ્ત મુસ્લિમ સમાજે ઈદ મનાવી હતી. સાંજના માંગરોળની ૭૦૦ વર્ષ જુની પરંપરા મુજબ મખદુમ જહાનીયા સિકંદરના તબર્રુકાત, અલમ અને પાલખીનું જુલુસ નિકાડવામા આવ્યું હતું. જેમાં માંગરોળના સજજાદા નશીન સૈયદ ફુરકાનબાપુ પાલખીમા બેસી જુની પરંપરા નિભાવી હતી. આ જુલુસ મંખદુમ જહાનિયા સિકંદર થી લઈ મખ્દુમપુર ઝાપા, લાલપુરા રોડ ગાંધી ચોક થઈ સૈયદવાળા બડીમાળી એ સંપન્ન થયુ હતું. જુલુસ મા પણ માંગરોળ શહેર અને ગામડાઓમાંથી હજારોની સંખ્યામાં લોકો જોડાયા હતા.

# ૧૩-જૂનાગઢ લોકસભા મતવિસ્તાર માટે કલેક્ટરની અને પ્રાંત અધિકારીની કચેરી ખાતે ઉમેદવારીપત્રો રજૂ કરી શકાશે

## તા.૧૯ એપ્રિલ સુધી (જાહેર રજાના દિવસ સિવાય) સવારના ૧૧ થી ૩ વાગ્યા સુધી નામાંકન પત્ર પહોંચાડી શકાશે

જૂનાગઢ, તા.૧૨

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ યોજવા માટે ભારતના ચૂંટણી પંચ તરફથી ચૂંટણી કાર્યક્રમ નકકી કરવામાં આવ્યો છે. આ ચૂંટણી કાર્યક્રમ અનુસાર ૧૩-જૂનાગઢ લોકસભા મતવિસ્તારના ઉમેદવારીપત્રો તા.૧૨-૪-૨૦૨૪ થી તા.૧૯-૪- ૨૦૨૪ દરમિયાન (જાહેર રજાના દિવસ સિવાય) રજૂ કરી શકાશે.

ઉમેદવાર કે તેમના નામની દરખાસ્ત મૂકનાર પૈકી કોઈ એક વ્યક્તિ ચૂંટણી અધિકારી અને કલેક્ટર, જૂનાગઢને રૂમ નં.૧, પ્રથમ માળ, કલેક્ટર કચેરી, જિલ્લા સેવા સદન-૧, જૂનાગઢ ખાતે અથવા મદદનીશ ચૂંટણી અધિકારી અને પ્રાંત અધિકારી, જૂનાગઢને પ્રાંત કચેરી, બીજો માળ, તાલુકા સેવા સદન, સરદારબાગ રોડ, જૂનાગઢ ખાતે મોડામાં મોડું તા.૧૯.૪.૨૦૨૪ (શુક્રવાર) સુધીમાં કોઈપણ દિવસે (જાહેર રજાના દિવસ સિવાય) સવારના ૧૧ વાગ્યાથી બપોરના ૩ વાગ્યા સુધીમાં નામાંકન પત્રો પહોંચાડી શકશે. નામાંકન પત્રોની ચકાસણી ચૂંટણી અધિકારી અને કલેક્ટર, જૂનાગઢની કચેરી, પ્રથમ માળ, જિલ્લા સેવા સદન-૧, જૂનાગઢ ખાતે તા.૨૦.૪.૨૦૨૪ (શનિવાર)ના રોજ સવારના ૧૧:૦૦ વાગ્યે કરવામાં આવશે, નામાંકન પત્રનાં ફોર્મ ઉપર દર્શાવેલ સ્થળે અને સમયે મળી શકશે. ઉમેદવાર કે તેના નામની દરખાસ્ત મૂકનાર પૈકીની કોઈ એક વ્યક્તિ કે તેના ચૂંટણી એજન્ટ પૈકી જેઓને આ નોટિસ પહોંચતી કરવા ઉમેદવારે લિખિતરૂપે અધિકૃત કર્યા હોય તેવા તેઓ ઉમેદવારી પાછી ખેંચવા અંગેની નોટિસ ચૂંટણી અધિકારી અને કલેક્ટર અથવા મદદનીશ ચૂંટણી અધિકારી અને પ્રાંત અધિકારી, જૂનાગઢને તેમની કચેરીમાં તા.૨૨-૪-૨૦૨૪ (સોમવાર)ના રોજ બપોરના ૩ વાગ્યા પહેલાં પહોંચાડી શકશે. મતદાન તા.૭.૫.૨૦૨૪ (મંગળવાર) ના રોજ સવારના ૭ થી સાંજના ૬ કલાક વચ્ચે થશે. તેમ એક અખબારી યાદીમાં જણાવાયું છે.

# બગસરા બહુચર માતાજી મંદિરે સોમવારે ૨૦મે પાટોત્સવ, નવચંડી યજ્ઞનું આયોજન

## પાટોત્સવની પૂર્વ સંધ્યાએ રાત્રે ૧૦ વાગ્યે માતાજી સન્મુખ ગરબા



જૂનાગઢ, તા.૧૨

ચૈત્રી નવરાત્રી નિમિત્તે અમરેલી જિલ્લાના બગસરા ખાતે દલાલ ચોકમાં આવેલ બહુચર માતાજી મંદિરે તા. ૧૫ને સોમવારે ૨૦મો પાટોત્સવ, નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. મહોત્સવની પૂર્વ સંધ્યાએ તા. ૧૪ને રવિવારે રાત્રે ૧૦ વાગ્યે માતાજી સન્મુખ ગરબા યોજાશે. સોમવારે સવારે ૬ વાગ્યે દેહ પ્રાયશ્ચિત, ૮ વાગે ગૃહ શાંતિ, ૯ વાગ્યે ચંડીપાઠનુ હોમાત્મક, બપોરે ૧૨:૩૦ વાગ્યે યજ્ઞ પૂર્ણાહુતિ ત્યારબાદ મહાપ્રસાદ સહિતના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રવીણભાઈ અમૃતલાલ પારેખના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમ ને સફળ બનાવવા તડામાર તૈયારીઓ હાથ ધરાઈ છે .માતાજીના પાટોત્સવ નિમિત્તે પારેખ પરિવારને મહોત્સવમાં સહભાગી બનવા યાદીમાં જણાવ્યું છે.

# માંગરોળ સિંધી સમાજ દ્વારા ચેટીચંડ મહોત્સવની હર્ષોઉલ્લાસ સાથે ભવ્ય ઉજવણી કરાઈ

## મહાપુજા સત્સંગ ભવ્ય શોભાયાત્રા સહીતના કાર્યક્રમો યોજી નવા વર્ષની શરૂઆત કરાઈ

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ, તા.૧૨



માંગરોળમાં સમસ્ત સિંધી સમાજ દ્વારા ઈષ્ટદેવ ઝુલેલાલ ભગવાનનો જન્મોત્સવ "ચૈત્રીબીજ" ચેટીચંદ પર્વની ધામધૂમથી ભવ્ય ઉજવણી કરાઈ. આ દિવસે સિંધી સમાજ દ્વારા પોતાના ધંધા રોજગાર દુકાનો આખો દિવસ બંધ રાખી વહેલી સવારે શ્રી ઝુલેલાલ મંદિરે મહાઆરતી તેમજ મુરલીધર વાડી ખાતે પુજા સત્સંગ મહાપુજા સમુહ મહાપ્રસાદ જેવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયુ હતુ, તેમજ દર વર્ષની જેમ સાંજે ઝુલેલાલ મંદિરેથી ભેરાણા સાહેબ સાથે ડીજેના તાલે "આયોલાલ ઝુલેલાલ" ના નાદ સાથે ગાંધીચોક થઈ મુખ્ય બજાર માંથી બહોળી સંખ્યા સમાજના ભાઈઓ-બહેનો વડીલો સાથે ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. આ શોભાયાત્રા દરમ્યાન માંગરોળ ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગઠિયા પણ જોડાયા હતા લીમડાચોક ખાતે વિશ્વ હિન્દુ પરિષદના વિનુભાઈ મેસવાણીયા. પ્રફુલભાઈ નાંદોલા, પરેશભાઈ જોષી, ધવલ પરમાર, વેપારી અગ્રણી ચેતનભાઈ કગરાણા, નિલેશભાઈ રાજપરા, ડો, કુબાવત સહીત આગેવાનો દ્વારા શોભાયાત્રાનુ કુમકુમ તિલક કરી ફુલહારથી પવિત્ર ભેરાણા સાહેબનુ સાથે સિંધી સમાજના પ્રમુખ નાનકરામ સોમૈયા ઉ.પ્રમુખ અશોકભાઈ ક્રિષ્નાણી. સિંધી નવયુવક મંડળના પ્રમુખ પ્રકાશભાઈ લાલવાણી, સુનીલભાઈ કોટક, લીનેશભાઈ સોમૈયા, પ્રકાશભાઈ તન્ના, દિલીપભાઈ ટીલવાણી સહિત સિંધી સમાજના આગેવાનોને સન્માન સાથે આવકાર્યા હતા. સિંધી સમાજની વર્ષોની પરંપરાગત મુજબ આ શોભાયાત્રા પુર્ણ કરી ત્યારબાદ પવિત્ર જયોત ને બંદર ખાતે દરીયાદેવ માં પરવાન કરાઈ હતી ત્યારે હર વર્ષની આ વર્ષે પણ સિંધી સમાજ દ્વારા ઝુલેલાલ ભગવાનની આરાધના સાથે ચેટીચાંદ મહોત્સવની અનેરા ઉત્સાહ અને શ્રદ્ધાભેર ભવ્ય ઉજવણી કરી નવા વર્ષ ની શરૂઆત કરવામાં આવી હતી.

# ગીર સોમનાથ જીલ્લામાંથી વધુ એક બુટલેગર પાસા હેઠળ જેલ હવાલે

(પ્રતિનિધિ દ્વારા)

ગીર સોમનાથ, તા.૧૨



આગામી લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ના અનુસંધાને જિલ્લામાં જાહેર વ્યવસ્થાની જાળવણીના ભાગરૂપે ગેરકાયદેસર દારૂની હેરાફેરી જેવી અસામાજિક પ્રવૃત્તિ આચરતો ઈશમ ઈસ્માઈલ અબ્દુલ્લા પટેલીયા ,મૂળ રહેવાસી ધામળેજ, તા.સુત્રાપાડા કે જેઓ નવાબંદર પોલીસ સ્ટેશનના ગુ. ર. નં.૧૧૧૮૯૦૩૨૪૦૦૯૦માં કિ. રૂ.૫,૧૧, ૨૦૦/- નો ભારતીય અને વિદેશી બનાવટી દારૂ-બિયરનો વિપુલ પ્રમાણમાં પ્રોહીબીશનનો મુદ્દામાલને કબ્જામાં રાખીને હેરફેર કરતા ગુન્હામાં પકડાયેલ,આ ઈશમ ભવિષ્યમાં પણ આવી ગુન્હાહિત પ્રવૃત્તિ ચાલુ રાખીને જાહેર વ્યવસ્થાની જાળવણીમાં બાધારૂપ થાય તેવા કારણો જણાતા તેને આવા જાહેર સુલેહશાંતી વિરુદ્ધનાં કૃત્યો કરતો અટકાવવા સારું ગીર સોમનાથ જિલ્લા મેજિસ્ટ્રેટે તા.૧૦/૪/૨૦૨૪ના રોજ પાસા ધારા તળે અટકાયત કરવા હુકમ કરતા મધ્યસ્થ જેલ વડોદરાના હવાલે કરવામાં આવેલ છે.

# અમદાવાદના ઈતિહાસમાં સર્વપ્રથમ વખત ૩૫ જૈન દીક્ષાનો વિક્રમસર્જક વીરવ્રતોત્સવ

## જૈનધર્મના અંતિમ તીર્થંકર પરમાત્મા મહાવીર સ્વામીના નિર્વાણનાં ૨,૫૫૦ વર્ષની ઉજવણીના ભાગરૂપે ૩૫ મુમુક્ષુઓ તા. ૨૨ એપ્રિલ, ૨૦૨૪ના શુભ દિને સંસારનો ત્યાગ કરીને પ્રભુ મહાવીરના પંથે વિજય પ્રસ્થાન કરશે

(પ્રતિનિધિ દ્વારા)અમદાવાદ, તા.૧૨

જૈન શાસનના પાટનગર સમાન અમદાવાદ શહેરના ઈતિહાસમાં ક્યારેય ન બની હોય તેવી અજબગજબની ઘટના આગામી ૨૨ એપ્રિલના રોજ બનવા જઈ રહી છે. વિક્રમ સંવત ૨૦૮૦ના ચૈત્ર સુદ ૧૪ના ઉગમતા પ્રભાતે રિવરફ્રન્ટ ઉપર નિર્માણ કરવામાં આવેલી ભવ્ય, દિવ્ય અને સુરમ્ય અધ્યાત્મ નગરીમાં દીક્ષાના મહાનાયક પરમ પૂજ્ય આચાર્યદેવશ્રી વિજય યોગતિલકસૂરીશ્વરજી મહારાજાના વરદ હસ્તે ૧૧ વર્ષની ઉંમરનાં બાળકથી લઈને ૫૬ વર્ષના પ્રૌઢ સુધીના ૩૫ મુમુક્ષુઓ સંસારનો પરિત્યાગ કરીને પ્રભુ વીરના પંથે પ્રયાણ કરવાના છે.

આ મુમુક્ષુઓના મહાભિનિષ્ક્રમણ નિમિત્તે પાંચ દિવસના ભવ્ય મહોત્સવનો પ્રારંભ તા.૧૮ એપ્રિલના રોજ કરવામાં આવશે, જેમાં દુનિયાભરના ખુણેખૂણેથી આશરે એક લાખ શ્રદ્ધાળુ જૈનો હાજર રહેવાની ગણતરી છે. પૂજ્ય ગુરૂ ભગવંતો સહિત ૪૦૦ શ્રમણ-શ્રમણી ભગવંતોના ભવ્ય નગર પ્રવેશની સ્વાગત યાત્રા તા. ૧૮ના સવારે ધામધૂમથી યોજવામાં આવી છે. દીક્ષા લેનારા ૩૫ મુમુક્ષુઓના વરસીદાનનો ભવ્ય વરઘોડો તા. ૨૧ એપ્રિલના સવારે કાઢવામાં આવશે, જેની લંબાઈ આશરે ૧ કિલોમીટર જેટલી હશે.

### રિવરફ્રન્ટ ઉપર ભવ્ય અધ્યાત્મ નગરી

અમદાવાદના ઈતિહાસમાં ક્યારેય જોવા ન મળ્યો હોય તેવો દીક્ષાનો મહોત્સવ યોજવા માટે સાબરમતી રિવરફ્રન્ટમાં ત્રણ લાખ ચોરસ ફીટ વિસ્તારમાં રાજસ્થાનના ભવ્ય મહેલોની ઝાંખી કરાવતી અધ્યાત્મ નગરીનું નિર્માણ કરવામાં આવ્યું છે. તેમાં બે લાખ મીટર કાપડનો અને ૨.૫ લાખ ચોરસ ફૂટ લાકડાનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તેનો મુખ્ય મંડપ ૬૦,૦૦૦ ચોરસ ફૂટનો છે, જેમાં બે હજાર ચોરસ ફૂટનું સ્ટેજ મુમુક્ષુ પરિવારો માટે બાંધવામાં આવ્યું છે. બીજાં સ્ટેજ પર પૂજ્ય સાધુ ભગવંતો અને ત્રીજાં સ્ટેજ પર પૂજ્ય સાધ્વીજી ભગવંતો બિરાજમાન થશે.

મુખ્ય મંડપમાં આશરે ૨૦,૦૦૦ દર્શકો સાથે બેસીને દીક્ષાના કાર્યક્રમોને નિહાળી શકશે. ઉનાળાની ગરમીમાં એર કન્ડીશનર કે પંખાનો ઉપયોગ કર્યા વિના પણ ઠંડક થાય તેવા ઉપાયો કરવામાં આવશે. તેમાં રાત્રિના સમયે બે હજાર દીવાઓ દ્વારા રોશની કરવામાં આવશે. અધ્યાત્મ નગરીમાં પરમાત્માની ભક્તિ માટે રાજસ્થાનના રાજમહેલની થીમ પર ભવ્ય મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું છે.

આ મંદિરની રચના બોલિવૂડના આર્ટ ડિરેક્ટર ચંદ્રશેખર પરબે કરી છે.અધ્યાત્મ નગરીમાં દીક્ષાના સાક્ષી બનવા માટે પધારનારા મહેમાનો માટે ૩૦૦ કારના પાર્કિંગ માટે અલગ વ્યવસ્થા કરવામાં આવી છે. કોઈ પણ આગની ઘટના ન બને તે માટે ફાયર બ્રિગેડની ગાડી સ્થળ પર હાજર જ રહેશે. મુલાકાતી માટે પર્યાપ્ત સંખ્યામાં વોશરૂમની અને ટોઈલેટની પણ સુઘડ વ્યવસ્થા કરવામાં આવી છે.

### દીક્ષાના દિવસે ૫૦,૦૦૦ સાધર્મિકોની પંગતમાં બેસાડીને ભક્તિ કરવામાં આવશે

૩૫ દીક્ષાના મહોત્સવના સાક્ષી બનવા માટે તા. ૧૮થી ૨૨ એપ્રિલ દરમિયાન અધ્યાત્મ નગરીમાં પધારનારા તમામ ભાવિકો માટે ત્રણેય ટંકના ભાવતાં ભોજનની સાધર્મિક ભક્તિનું આયોજન કરવામાં આવ્યું છે. આ માટે ૬૫,૦૦૦ ચોરસ ફૂટનું ક્ષેત્રફળ ધરાવતા વિશાળ ભોજન મંડપનું નિર્માણ કરવામાં આવ્યું છે. તેમાં એક જ પંગતમાં ૩,૨૦૦ ભાવિકો ભોજન કરી શકશે. દીક્ષાના દિવસે કુલ ૫૦,૦૦૦ ભાવિકોની સાધર્મિક ભક્તિ કરવામાં આવશે. મિઠાઈ, ફરસાણ, શરબત, રાબ, રોટલી, પૂરી, કઠોળ, ભાત, દાળ વગેરે મળીને આશરે ૧૫થી ૨૦ વાનગીઓ રહેશે. ચૈત્ર મહિનામાં શાશ્વતી ઓળીના દિવસો હોવાથી ભોજનમાં શાકભાજી તેમ જ ફળફળાદિનો ઉપયોગ કરવામાં આવશે નહીં. રસોઈ માટે ૨૦૦ માણસોનો અને પીરસવા માટે ૫૦૦ માણસોનો સ્ટાફ રાખવામાં આવ્યો છે. ભોજન માટે ૭,૦૦૦ કાંસાના થાળીવાટકાના સેટનો ઉપયોગ કરવામાં આવશે. પીવાનાં ઠંડાં પાણી માટે બરફનો નહીં પણ સેંકડો માટલાંનો ઉપયોગ કરવામાં આવશે.

### ચૈત્ર સુદ તેરસે વર્ષીદાનનો ભવ્ય વરઘોડો

દીક્ષા મહોત્સવની નિમંત્રણ પત્રિકા અમદાવાદના લગભગ ૪૦,૦૦૦ જૈન પરિવારોના ઘરે ઘરે પહોંચતી કરવામાં આવશે. તેની સાથે મિઠાઈનું બોક્સ પણ હશે. પૂજ્ય ગુરૂ ભગવંતો તા. ૧૮ના નગરપ્રવેશ કરવાના છે, તેમનું સામૈયું કરવા ભવ્ય સ્વાગત યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. જે ૩૫ મુમુક્ષુઓ દીક્ષા ગ્રહણ કરવાના છે તેમના વર્ષીદાનનો ભવ્ય વરઘોડો દીક્ષાના આગલા દિવસે ચૈત્ર સુદ તેરસે અમદાવાદના રાજમાર્ગો ઉપર નીકળશે.

આ દિવસ જૈન ધર્મના અંતિમ તીર્થંકર શ્રી મહાવીર સ્વામી



ભગવાનના જન્મ કલ્યાણકનો દિવસ પણ છે. વર્ષીદાનના વરઘોડામાં ત્રણ હાથી, ઘોડાઓ, પાંચ વિન્ટેજ કાર, સંગીત મંડળીઓ વગેરેનો સમાવેશ કરવામાં આવશે. છેક કેરળ અને પંજાબ જેવાં રાજ્યોની મશહૂર સંગીત મંડળીઓની કળા અમદાવાદમાં નિહાળવા મળશે. વર્ષીદાનના વરઘોડાની લંબાઈ જ ૧ કિલોમીટર જેટલી હશે, જે ૭ કિલોમીટરનો પ્રવાસ કરશે.

### પાંચ દિવસના મહોત્સવમાં વિવિધ કાર્યક્રમો

૩૫ મુમુક્ષુઓના સંસારત્યાગ મહોત્સવ નિમિત્તે રિવરફ્રન્ટ ઉપર ઊભી કરવામાં આવેલી ભવ્ય અધ્યાત્મ નગરીમાં તા. ૧૮થી ૨૨ દરમિયાન વિવિધ વિશિષ્ટ કાર્યક્રમો યોજવામાં આવ્યા છે જેમાં તા.૧૮ના પહેલા દિવસે ગુરુ ભગવંતોના નગરપ્રવેશ નિમિત્તે ભવ્ય શોભાયાત્રા. ત્યાર બાદ દીક્ષાનગરીમાં પ્રવેશ અને ઉદ્‌ઘાટન પ્રવચનો. સાંજે સંધ્યા ભક્તિ યોજવામાં આવશે. પહેલા દિવસે રાતે અમદાવાદના રાજમાર્ગો પર પહેલી વખત વંદોલીનો અત્યંત વિશિષ્ટ કાર્યક્રમ યોજવામાં આવશે, જેમાં રાતના પણ દિવસ જેવી રોશની કરવામાં આવશે. આ વંદોલીમાં ઘોડાની બગીઓ, ઢોલીઓ, ડી.જે., રંગબેરંગી પ્રકાશ રેલાવતી છત્રીઓ વગેરે જોવા મળશે.

બીજા દિવસે સવારે વ્યાખ્યાન સમયે કેટલાંક વિશિષ્ટ પુસ્તકોના વિમોચનનો કાર્યક્રમ કરવામાં આવશે, જેમાં મધ્યકાલીન જૈન સાહિત્ય આધારીત રાસને લગતા અપ્રગટ પુસ્તકનું પ્રકાશન કરવામાં આવશે. તદુપરાંત પૂજ્ય ગુરુ ભગવંતનાં પ્રવચનોનું હિન્દી સંસ્કરણ પ્રકાશિત કરવામાં આવશે. સવારે છાબભરણ તેમ જ ભવ્ય સ્નાત્ર મહોત્સવ પણ ઉજવવામાં આવશે. રાતે દીક્ષાર્થીઓનો વિદાય સમારંભ યોજવામાં આવશે, જેમાં દીક્ષાર્થીઓ પોતાના મનની વાતો કહેશે.

ત્રીજા દિવસે મહેંદીનો મહોત્સવ યોજવામાં આવશે, જેમાં દીક્ષાર્થીને તેના સ્વજનો છેલ્લી વખત હાથમાં મહેંદી પૂરીને વિદાય આપશે. આ મહોત્સવ સંગીતના સથવારે યોજાશે. રાતે સંધ્યા ભક્તિ યોજવામાં આવશે તેમ જ મુમુક્ષુની વિદાયનો કાર્યક્રમ પણ આગળ ચાલશે.

ચોથા દિવસે સવારે ૭ કિલોમીટર લાંબી રથયાત્રા કાઢવામાં આવશે. ત્યાર બાદ મુમુક્ષુઓના સંયમજીવનનાં ઉપકરણોની ઉછામણી બોલાવવામાં આવશે. રાતે સુરતના મુમુક્ષુ દેવેશ દ્વારા વિશિષ્ટ પ્રકારે પરમાત્માની ભક્તિ કરાવવામાં આવશે. ભવ્ય મહાપૂજાનું પણ આયોજન કરાશે. રાતે વિવિધ પાઠશાળાનાં બાળકો દ્વારા બાળનાટિકાની સ્પર્ધા પણ યોજવામાં આવશે. રાતે અકબર-બિરબલના સંવાદના રૂપમાં 'સૃષ્ટિનું સર્વોચ્ચ કાર્ય શું?' તે વિષય ઉપર જીવંત દશ્યાવલિ ભજવાશે. પાંચમા દિવસે વહેલી સવારે ૫.૩૧ કલાકે ગુરુ ભગવંતોના મંગલ પ્રવેશ સાથે દીક્ષાની વિધિનો પ્રારંભ થશે. સવારે ૭.૦૨ કલાકે મુમુક્ષુને સાધુજીવનના પ્રતિક સમાન રજોહરણ પ્રદાન કરવામાં આવશે.ત્યાર બાદ સવારે ૯.૩૦ કલાકે લોચની વિધિ થશે. નૂતન દીક્ષિતોનાં સંસારી નામોને કાયમ માટે રદ કરીને તેમને સાધુ-સાધ્વીજી તરીકેનાં નૂતન નામ પ્રદાન કરવામાં આવશે. વધુ માહિતી માટે સંજય વોરા (મો.નં.૮૨૦૦૪ ૯૭૭૧૫), વિપુલ શુકલ (મો.નં.૯૮૨૫૦ ૬૫૯૯૭ ઉપર સંપર્ક સાધવા જણાવેલ છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

તંત્રી લેખ

# રાજકીય ભ્રષ્ટાચાર વિરૂધ્ધ ચેતના જગાડવાની જરૂર

કોઈપણ દશની રાજનીતિ નાણાં વગર ન ચાલી શકે. એ વાત અલગ છે કે કેટલાક દેશોમાં આ ધન સરકારી ખજાનાથી રાજકીય પક્ષોને આપવામાં આવે છે અને કટલાકમાં રાજકીય પક્ષ લોકો પાસે ફંડ રૂપે એકત્ર કરે છે. લોકતાંત્રિક દેશોમાં રાજકીય પક્ષો પોતાની ગતિવિધિઓ ચલાવવા માટે ધન જોઈતું હોય છે, આ રીતે અને અહીંથી જ પક્ષપાત અને ભ્રષ્ટાચારના આરોપોનો સિલસિલો ચાલુ થાયછે. આ પ્રકારના આરોપોનો સામનો નાના-મોટા તમામ પક્ષોએ કરવો પડે છે. સત્તાધારી પક્ષોએ કંઈક વધારે જ કરવો પડે છે. તેને જોતાં જ મોદી સરકાર ચૂંટણી બોન્ડની યોજના લાવી હતી જેથી રાજકારણમાં કાળા ધનનો પ્રવેશ અટકે. આ યોજનામાં એ જોગવાઈ હતી કે દાનદાતાઓનું નામ તો જાહેર નહીં થાય, પંરતુ તેમના દ્વારા આપવામાં આવેલું ધન કાળું નાણું નહીં હોય, કારણ કે તે સ્ટેટ બેંકથી જારી થનારા ચૂંટણી બોન્ડો દ્વારા રાજકીય પક્ષોને મળશે. ગત દિવસોમાં ઉચ્ચતમ ન્યાયાલયે ચૂંટણી બોન્ડવાળા કાયદાને ગેરબંધારણીય જાહેર કરી દીધો અને સાથે જ સ્ટટ બેંકને તમામ વિગતો ચૂંટણી પંચને સોંપવાનું કહ્યું. ચૂંટણી પંચ જેવું જ આ વિવરણ જાહેર કર્યું, રાજકીય પક્ષોમાં આરોપ-પ્રત્યારોપનો દોર શરૂ થઈ ગયો. જોકે ભાજપ કેન્દ્ર સાથ કેટલાય રાજ્યોમાં સત્તામાં છે, તેથી તને ચૂંટણી બોન્ડો દ્વારા વધુ ફંડ મળ્યું. તૃણમૂલ કોંગ્રેસ અને ડીએમકેને પણ સારું એવું ધન મળ્યું, ખાસ કરીને લોકસભામાં તેમના સાંસદોન સંખ્યાને જોતાં. તેમ છતાં પણ ભાજપ વિપક્ષી દળોના નિશાના પર છે.

વિપક્ષી દળોનો આરોપ છે કે ભાજપ કંપનીઓને કોન્ટ્રાક્ટ આપ્યા અને તેના બદલ તેણે ફંડ લીધું. કેટલીય કંપનીઓએ જ્યારે ભાજપને ફંડ આપ્યું, ત્યારે કે તેની આગળ-પાછળ તેને કોન્ટ્રાક્ટ મળ્યા તેથી વિપક્ષી દળોના આરોપ સાચા હોવાની શંકા બેવડાઈ. શંકા બવડાવાનું એક કારણ એ પણ છ કે જ કંપનીઓ વિરુદ્ધ સીબીઆઇ, ઈડી કે આવકવેરા વિભાગની તપાસ ચાલુ હતી, તેમણ પણ ભાજપને ફંડ આપ્યું. એમ તો એવી કેટલીક કંપનીઓએ અનેય પક્ષોનપ ણ ફંડ આપેલું છે, પરંતુ આ પક્ષોના નિશાના પર ભાજપ જ છે. જેવા આરોપ ભાજપ પર લાગી રહ્યા છે, તેનાથી ગંભીર આમ આદમી પાર્ટી પર લાગી રહ્યા છે. તેના પર ચૂંટણી બોન્ડ દ્વારા નહીં, પરંતુ લાંચ રૂપ શરાબ બનાવતી કંપનીઓ પાસથી કરોડો રૂપિયા લેવાના આરોપ છે. ઈડીનું માનીએ તો નવી શરાબ નીતિ બનાવીને શરાબ કંપનીઓ પાસેથી સેંકડો કરોડ રૂપિયા લેવામાં આવ્યા અને એનાથી જ ગોવા, પંજાબ વગેરે રાજ્યોમાં ચૂંટણી લડવામાં આવી. ઈડીના આરોપ ગંભીર તો છે, પરંતુ તેની સત્યતાની પુષ્ટિ ન્યાયપાલિકા જ કરી શકશ.

એક મુશ્કેલી જ છે કે જે અરવિંદ કેજરીવાલની રાજકીય સફર ભ્રષ્ટાચાર વિરોધી અન્ના આંદોલનથી શરૂ થઈ હતી, તે આજે ભ્રષ્ટાચારના ગંભીર આરોપોમાં ઘેરાયા છ. તે રાજનીતિ બદલવા આવ્યા હતા, પરંતુ લાગે છે કે રાજનીતિએ તેમને જ બદલી નાખ્યા છે. અરવિંદ કેજરીવાલની ધરપકડ પર જર્મની, અમેરિકા અને સંયુક્ત રાષ્ટ્રએ પણ પોતાની પ્રતિક્રિયા આપી. તે એટલા માટે હેરાન કરે છે, કારણ કે દેશમાં આના પહલાં પણ કેટલાય નેતાઓની ધરપકડ થઈ છે. હાલમાં જ ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેનની ધરપકડ થઈ છે, પરંતુ કોઈ દેશના પ્રતિનિધિએ કોઈ સવાલ ન કર્યો. આખરે માત્ર કેજરીવાલ મામલે જ અમેરિકા, જર્મની વગેરે કેમ ચિંતા વ્યક્ત કરી રહ્યા છે? એ ઠીક નથી કે અમેરિકા અને જર્મનીના પ્રતિનિધિઓએ કેજરીવાલની ધરપકડ પર ત્યારે પ્રતિક્રિયા આપી, જ્યારે તેને લઈને તેમને સવાલ પૂછવામાં આવ્યા, પરંતુ તેના માટે એ સવાલોના જવાબ આપવાનું જરૂરી ન હતું. તેઓ એ સવાલોને આસાનીથી ટાળી શકતા હતા, કારણ કે પરંપરા એવી જ છે કે અન્ય દેશ કોઈ બીજા દેશના આંતરીક બાબતોમાં દખલ નથી કરતા. એના પર આશ્ચર્ય નહીં કે અમેરિકા, જર્મની અને સંયુક્ત રાષ્ટ્રના પ્રતિનિધિઓને સવાલ પૂછનારાઓએ એ જ દાનતથી સવાલ કર્યા હોય, જેથી તે ભારતની આંતરિક બાબતે કંઈક કહે. આ એવા લોકો પણ હોઈ શકે છે, જ ભારત કે પછી મોદી સરકાર પ્રત્યે દુર્ભાવનાથી ગ્રસ્ત છે.

અરવિંદ કેજરીવાલ પહલા એવા નેતા છે, જે મુખ્યમંત્રી રહેતાં ધરપકડ પામ્યા. લોકસભા ચૂંટણીના પ્રસંગે તેમની ધરપકડે એક રાજકીય તોફાન ઊભું કર્યું છે. ભાજપ પર તો ઈડીના રાજકીય ઉપયોગના આરોપ લાગી જ રહ્યા છે, ન્યાયપાલિકા પર પણ ટોણા મારવામાં આવે છે. આ જ બાબતે હરીશ સાલ્વે સહિત લગભગ છસો વકીલોએ સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશને એક પત્ર લખ્યો છે ક વકીલોનો એક સમૂહ ન્યાયપાલિકા પર અયોગ્ય દબાણ ઊભું કરવા અને તેની છબિ ખરાબ કરવાની કોશિશ કરી રહ્યો છે. હરીશ સાલ્વે અને અન્ય વકીલો દ્વારા લખવામાં આવેલા પત્રમાં જે વાતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તેની સાથે વડાપ્રધાને પણ સહમતિ વ્યક્ત કરી છે.

જોકે ન્યાયપાલિકાએ સમયે સમયે કેટલાય ભ્રષ્ટ નેતાઓને સજા સંભળાવી છે, પરંતુ સમાજ ક રાજનીતિ પર તેની કોઈ સકારાત્મક અસર પડતી નથી દખાતી. દાખલા તરીકે લાલુ યાદવન ચારા કૌભાંડમાં સજા થઈ ચૂકી છે, પરંત હજુ સુધી ઉચ્ચતર અદાલતોએ તેમના વિરુદ્ધ નીચલી અદાલતો તરફથી આપવામાં આવેલ ચુકાદાનો નિકાલ નથી કર્યો. તેને કારણે લાલુ યાદવના સહયોગી અને તેમના સમર્થક તેમને નિર્દોષ ગણાવી રહ્યા છે. તેઓ એવું કરવામાં એટલે સફળ રહે છે, કારણ કે આપણા દેશમાં મતદારોનો એવો વર્ગ છે, જે પોતાની જાતિ-મજહબના નેતાનાં ખોટાં કાર્યોની અવગણના માટે તૈયાર રહે છે. એક ઉદાહરણ રાજીવ ગાંધીનું પણ છે. બોફોર્સ કૌભાંડમાં સંડોવણીના આરોપોને કારણે રાજીવ ગાંધી સત્તામાંથી બહાર થઈ ગયા, પરંતુ ગાંધી પરિવારના રાજકીય દબદબા પર કોઈ અસર ન પડી. એ પણ કોઈથી છૂપં નથી કે ભ્રષ્ટાચારના ગંભીર આરોપોથી ઘેરાયલા નેતા ચૂંટણી જીતતા રહ છે. શું કારણ છે કે દેશનો સરેરાશ મતદાતા ભ્રષ્ટાચારમાં સંડોવાયેલા નેતા કે તેમના પક્ષને નકારી નથી દેતો? તેનું કારણ એ જ દેખાય છે કે રાજનીતિમાં ભ્રષ્ટાચાર સામાન્ય છે અને લોકો એ માની બેઠા છે કે નેતા તો ભ્રષ્ટાચાર કરે જ છે. રાજકીય ભ્રષ્ટાચાર વિરુદ્ધ જે ચેતના વિકસિત થવી જોઈએ તે સરેરાશ ભારતીયોમાં ઓછી જ દખાય છે. વાસ્તવમાં જ્યાં સુધી લોકો જાતિ, મજહબ, ક્ષેત્ર વગેરેના નામ પર વોટ આપતા રહેશે, ત્યાં સુધી રાજકીય ભ્રષ્ટાચાર દૂર થવાનો નથી.

### ૨૬ નવેમ્બર ૨૦૧૭ માં હૈદરાબાદમાં એક હત્યા થઈ જેનો કીસ્સો

# પતિને ઈંજેક્શન આપીને હત્યા કરી, પ્રેમીએ કરાવી પ્લાસ્ટિક સર્જરી

## તેલુગુ ફિલ્મ યેવાડુ જોઈ અને ફિલ્મ જોઈને તેના મનમાં એક ખતરનાક કાવતરાએ જન્મ લીધો

હૈદરાબાદ, તા.૧૨

૨૬ નવેમ્બર ૨૦૧૭ માં હૈદરાબાદમાં એક હત્યા થઈ. હત્યાનો આ એવો બનાવ હતો કે ઉચ્ચ પોલીસ અધિકારીઓને વિચારવા માટે મજબૂર કરી દીધા. હૈદરાબાદમાં સ્વાતિ તેના પતિ સુધાકર રેડ્ડી, બે બાળકો અને માતા પિતા સાથે રહેતી હતી. ૩૨ વર્ષનો સુદાકર ૨૭ વર્ષની સ્વાતિને પ્રેમ પણ ખૂબ કરતો હતો. સુધાકરને કામ માટે અવારનવાર બહાર જવું પડતું હતું. એકલતા અનુભવતી સ્વાતિની મુલાકાત સી રાજેશ રેડ્ડી નામના શક્સ સાથે થઈ. એક ખાનગી હોસ્પિટલમાં ફિઝીયોથેરાપિસ્ટની નોકરી કરતો રાજેશ કુવારો હતો. મોડી રાત સુધી બન્નેની ફોન પર વાતો ચાલતી હતી. વાતો વધતા મુલાકાત શરૂ થઈ અને બન્ને વચ્ચે એક અનૈતિક સંબંધની શરૂઆત થઈ. રાજેશ સ્વાતિ પર ગાંડાની જેમ ફીદા હતો. તેની દરેક વાત માનતો હતો. બન્નેને અલગ રહેવું મુસ્કેલભર્યું લાગતું હતું. સ્વાતિએ એક દિવસ ટીવી પર તેલુગુ ફિલ્મ યેવાડુ જોઈ અને ફિલ્મ જોઈને તેના મનમાં એક ખતરનાક કાવતરાએ જન્મ લીધો. આ પ્લાન સુધાકરને રસ્તામાંથી હટાવવાનો હતો, તેની હત્યા કરવાનો હતો.

એક દિવસ સુધાકર મીઠી ઉંઘમાં હતો. સ્વાતિ અને રાજેશે તેને એનેસ્થિસીયાનું ઈંજેકશન લગાવી દીધું. સુધાકર બેહોશ થઈ ગયો. બાદમાં બન્નેએ મળીને સુધાકરનું ગળુ દબાવીને તેની હત્યા કરી નાંખી. તમેણે લાશને ઉપાડી અને મહેબુબનગરના જંગલોમાં લઈ જઈને સળગાવી દીધી. બન્નેની જીંદગીમાંથી સુધાકર નામનો કાંટો નીકળી ગયો હતો. હવે પ્લાન નંબર બે નો વારો હતો. ૨૮ નવેમ્બરે બન્ને ફરીથી મળ્યા. પ્લાન મુજબ સ્વાતિએ રાજેશના ચહેરાને તેજાબથી સળગાવી દીધો. રાજેશે પણ ખુશ થઈને ચહેરા પર તેજાબ નંખાવી દીધો. પ્લાન એટલો મજબૂત હતો કે ક્યારે શું અને કેવી રીતે કરવાનું છે. પહેલેથી બધુ નક્કી હતું. ક્યાં સારવાર કરાવવાની છે કેટલો ખર્ચ થશે વગેરે માહિતી પહેલેથી મેળવી લેવાઈ હતી. રાજેશનો ચહેરો તેજાબથી સળગાવ્યા બાદ સ્વાતિએ સુધાકરના પરિવારજનોને ફોન કર્યો. તેણે તેમને કહ્યું કે કોઈએ સુધાકર પર તેજાબ ફેંક્યો છે અને તે તેને લઈને હોસ્પિટલ લઈને જઈ રહી છે. સુધાકરના માતાપિતા અને સંબંધીઓ હોસ્પિટલ પહોંચ્યા. સુધાકરના પિતાએ ડોક્ટરને કહી દીધું કે ભલે ગમે તેયલા પૈસા થાય તેના દિકરાનો જીવ બચવો જોઈએ. પરંતુ તેમને ક્યાં ખબર હતી કે જેમને તે પોતાનો સુધાકર સમજે છે એ તો કોઈ બીજો જ છે. સુધાકર બનીને હોસ્પિટલમા બેડ પર ઉંઘી રહેલા રાજેશની સર્જરી થઈ. હાલત પણ પહેલા કરતા સારી થઈ ગઈ. સબંધીઓ ખબર પુછવા આવવા લાગ્યા. જોકે તે સમયે તેની હરકતોને કારણે તેમના મનમાં એક સંકા પેદા થઈ. પોતાના જ સંબંધીઓને તે ઓળખી શકતો ન હતો. સ્વાતિ હંમેશા તેની સાથે રહેતી હતી પરંતુ ન તો તેને જૂની વાતો યાદ આવતી હતી કે કોઈ લોકો. એવુ થાય પણ કઈ રીતે. કારણકે તે સુધાકર હતો જ નહી. એવામાં સ્વાતિ અને રાજેશે એક વધુ પ્લાન બનાવ્યો. હવે સ્વાતિ અને રાજેશે યાદદાશ્ત પર અસર થવાનું નાટક પણ શરૂ કર્યું. તેમછતા સુધાકરના માબાપનો શક વધતો રહ્યો. તેમને લાગી રહ્યું હતું કે તે તેમનો દિકરો નથી , પણ દિલ માનવા તૈયાર ન હતું.

અંતે રાજેશે એક એવો પુરાવો છોડી દીધો જેનાથી તેમના તમામ પ્લાન પર પાણી ફરી વળ્યું. એક દિવસ હોસ્પિટલમાંથી રાજેશને મટન સુપ આપવામાં આવ્યો. રાજેશે ઈક્રાર કર્યો. તેણે કહ્યું તે શાકાહારી છે. સ્વાતિ કદાચ રાજેશને કહેવાનું ભુલી ગઈ હતી કે સુધાકર માસાહારી હતો. તે સમયે હોસ્પિટલમાં સુધાકરનો એક સંબંધી બેઠો હતો. તેણે આ વાત સુધાકરના પિતાને જઈને કહી દીધી. હવે કેટલાક સંબંધીઓ અને સુધાકરના માતાપિતા એકસાથે રાજેશને મળવા હોસ્પિટલ પહોંચ્યા.

તેમણે રાજેશને સુધાકરની એ વોતો કરી જે એકદમ ખાનગી હતી. આ વાતો અંગે સુધાકરને ખબર હતી, અથવા તેના સંબંધીઓ અને પત્ની સ્વાતિને. રાજેશે દરેક વાતનો ગોળગોળ જવાબ આપ્યો. તેની પોલ ખૂલી ગઈ હતી. પંરતુ સુધાકરના પિતા કે સંબંધીઓએ તે જાહેર ન કર્યું. તમામ લોકો એવું કહીને નીકલી ગયા કે બધુ સારૂ થઈ જશે.

અહીંથી નીકલીને સુધાકરના પિતા તેમના અન્ય દિકરા સાથે પોલીસ પાસે પહોંચ્યા. પોલીસે સ્ટોરી સાંભળી તો તે પણ ચોંકી ઉઠ્યા. પોલીસ તો એ શોદી રહી હતી કે સુધાકર પર તેજાબ કોણે અને કેમ ફેંક્યો. પરંતુ અહીં તો આખી સ્ટોરી જ અલગ નીકળી.

પોલીસે હવે રાજેશના ફિંગરપ્રિન્ટ લીધા. આધારકાર્ડથી તે મેળવવામાં પોલીસને બહુ વાર ન લાગી. બાદમાં જ્યાં સુધાકર પર તેજાભ પેંકાયો હતો તે જગ્યાની તપાસ કરી. અહીં લાગેલા સીસીટીવીમાં ૨૮ નવેમ્બરની ઘટના રેકોર્ડ થઈ ગઈ હતી. ફૂટેજમાં સ્વાતિ અને રાજેશ સાફ સાફ પોતાના કાવતરાને અંજામ આપતા દેખાયા. પહેલા બન્નેએ એકબીજાને ગળે લગાવ્યા અને બાદમાં સ્વાતિએ રાજેશનો ચહેરો તેજાબથી સળગાવી દીધો.

પોલીસે તાત્કાલક સ્વાતિને અટકમાં લીધી.પોલીસે લાલ આંખ કરતા સ્વાતિ તૂટી ગઈ અને આખી સ્ટોરી પોલીસને જમાવી દીધી. તે ૧૦ ડિસેમ્હર ૨૦૧૭ નો દિવસ હતો જ્યારે પોલીસે સ્વાતિની ધરપકડ કરી. સારવાર બાદ રાજેશની પણ પોલીસે ધરપકડ કરી. બન્ને હવે જેલમાં છે અને પોતાના ગુનાની સજા ભોગવી રહ્યા છે.

### ભારતીય નાગરિકોની કરાઈ ધરપકડ

# બ્રિટનમાં વિઝા શરતોની ઉલ્લંઘન મામલે સરકારની લાલ આંખ

## ૧૨ ભારતીય નાગરિકોની વિઝા શરતોનું ઉલ્લંઘન કરીને ફેક્ટરીમાં ગેરકાયદેસર રીતે કામ કરવાની શંકાના આધારે ધરપકડ કરી છે

બ્રિટન, તા.૧૨

બ્રિટનમાં વિઝા શરતોનું ઉલ્લંઘન કરવા બદલ અનેક ભારતીય નાગરિકોની ધરપકડ કરવામાં આવી છે. આ તમામ ભારતીય વિઝા નિયમોનો ભંગ કરીને ગેરકાયદેસર ધંધામાં સામેલ હતા, પરંતુ બ્રિટિશ અધિકારીઓના હાથે ઝડપાઈ ગયા હતા. બ્રિટિશ ઈમિગ્રેશન અધિકારીઓએ ૧૧ પુરૂષો અને એક મહિલા સહિત ૧૨ ભારતીય નાગરિકોની વિઝા શરતોનું ઉલ્લંઘન કરીને ગાદલું અને કેક ફેક્ટરીમાં ગેરકાયદેસર રીતે કામ કરવાની શંકાના આધારે ધરપકડ કરી છે.

બ્રિટનના ગૃહ કાર્યાલય દ્વારા બુધવારે જારી કરાયેલા નિવેદન અનુસાર, ઈમિગ્રેશન એન્ફોર્સમેન્ટ અધિકારીઓએ ઈંગ્લેન્ડના વેસ્ટ મિડલેન્ડ ક્ષેત્રમાં ગાદલાના વ્યવસાય સાથે જોડાયેલા એકમ પર દરોડા પાડ્યા હતા. અધિકારીઓને બાતમી મળી હતી કે ત્યાં ગેરકાયદેસર કામ થઈ રહ્યું છે. નિવેદન અનુસાર, સત્તાવાળાઓએ ગેરકાયદેસર રીતે કામ કરવાના આરોપમાં સાત ભારતીય નાગરિકોની ધરપકડ કરી છે. હોમ ઓફિસના જણાવ્યા અનુસાર, નજીકની કેક ફેક્ટરીમાં વધુ ચાર ભારતીય નાગરિકોની ધરપકડ કરવામાં આવી હતી, જેઓ વિઝા શરતોનું ઉલ્લંઘન કરવાના આરોપમાં હતા. આ સિવાય એક ભારતીય મહિલાની પણ ઈમિગ્રેશન ક્રાઈમના આરોપસર ધરપકડ કરવામાં આવી છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે ચાર લોકોને બ્રિટનમાંથી કાઢી મૂકવા અથવા ભારતમાં દેશનિકાલ કરવાની વિચારણા બાકી છે તેની અટકાયત કરવામાં આવી છે. બાકીના આઠ લોકોને એ શરતે જામીન આપવામાં આવ્યા છે કે તેઓ હોમ ઓફિસને નિયમિત રિપોર્ટ કરે.

દરમિયાન, જો સંબંધિત ફેક્ટરીમાં ગેરકાયદેસર કામદારોને રોજગારી આપવામાં આવી હોવાનો આરોપ અને જરૂરી પૂર્વ-રોજગાર પરીક્ષણો હાથ ધરવામાં આવ્યાં નથી, તો તે સાબિત થાય તો બંને એકમોને દંડનો સામનો કરવો પડી શકે છે.

# ગુજરાતમાં સતત ત્રીજા દિવસે તાપમાન ૪૦ ડિગ્રીને પાર ગયું

## ૧૦૮ ઈમરજન્સી સર્વિસને ૭ હજારથી વધુ બીમારીના કોલ મળ્યા

અમદાવાદ, તા.૧૨

ગુજરાતમાં ઉનાળો દિવસે દિવસે આકરો થતો જઈ રહ્યો છે. ગુજરાતમાં સતત ત્રીજા દિવસે તાપમાન ૪૦ ડિગ્રીને પાર ગયુ છે. તાપમાનમાં વધારો થવાની સાથે ગુજરાતમાં રોગચાળો પણ વકરી રહ્યો છે.કાળઝાળ ગરમીના પગલે રાજ્યમાં બીમારીના કેસ વધ્યાં છે.

ગુજરાતમાં કાળઝાળ ગરમીના પગલે છેલ્લા ૯ દિવસમાં ૧૫૦૦થી વધુ લોકો બેભાન થયા હોવાના કેસ સામે આવ્યા છે. તો બીજી તરફ પેટમાં દુ:ખાવો, ઝાડા ઉલટી, બેભાન કે અર્ધબેભાન થવાના કેસ વધ્યાં છે. ગરમીની બીમારીને કારણે ૧૦૮ ઈમરજન્સી સર્વિસને ૭ હજારથી વધુ કોલ મળ્યાં હોવાનું સામે આવ્યુ છે.ગુજરાતમાં ગઈકાલે અનેક શહેરમાં ૪૦ ડિગ્રીથી વધુ તાપમાન નોંધાયુ છે. રાજકોટમાં સૌથી વધુ મહત્તમ ૪૧.૭ ડિગ્રી તાપમાન નોંધાયું છે. અમદાવાદમાં મહત્તમ ૪૧.૫ ડિગ્રી તાપમાન નોંધાયું છે. પાંચ શહેરોમાં તાપમાન ૪૧ ડિગ્રીને પાર પહોંચ્યો છે. તો આગામી બે દિવસ સૌરાષ્ટ્ર-કચ્છમાં હીટવેવની આગાહી કરવામાં આવી છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

બળવાન જ બળને જાણે છે, નિર્બળ નહીં.

- અજ્ઞાત

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.આદર-૧૩૯૩, મુ. શવ્વાલ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, ચૈત્ર સુદ-૪ વિનાયક ચતુર્થી તા.૧૨ એપ્રિલ ૨૦૨૪, શુક્રવાર, પારસી તા.૧, મુસ્લિમ તા.૨, રોહિણી નક્ષત્ર, સૌભાગ્ય યોગ, બવ કરણ, સૂ.ઉ.૬:૩૫, સૂ.અ.૭:૦૯

આજનો દિવસ બપોરે ૧:૧૧ ક. સુધી શુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી વૃષભ (બ વ ઉ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: ગેર સમજ દૂર થાય. આર્થિક સમસ્યાનો ઉકેલ આવે.
વૃષભ:પારિવારીક જવાબદારીમાં વધારો થાય. લાભની નવિન તક સાંપડે.
મિથુન:આવકમાં વધારો થાય. સામાજિક ક્ષેત્રે પ્રભાવમાં વૃધ્ધિ થાય.
કર્ક: ધાર્મિક કાર્યોમાં વ્યસ્ત રહેવાય. રચનાત્મક પ્રવૃત્તિઓમાં સફળતા મળે.
સિંહ: સ્વજનોનો સહયોગ મળે. શત્રુ પક્ષ સાથે સુલેહ થાય.
કન્યા: નવા કાર્યની સફળતા માટે મુસાફરી થાય. પ્રિયજનથી વિશેષ સ્નેહ રહે.
તુલા: સંપતિને લગતા કાર્યોમાં વિલંબ થાય. વાદ-વિવાદ ટાળવો હિતાવહ.
વૃશ્ચિક:પારિવારીક ક્ષેત્રે મહત્વના કાર્યમાં સફળતા મળે. અણધાર્યો લાભ થાય.
ધન: આત્મવિશ્વાસમાં વધારો થાય. સાહસિક કાર્યોમાં સફળતા મળે.
મકર: નવિન યોજનાઓમાં સફળતા મળે. પરોપકારી કાર્યમાં સાવધાન રહેવું.
કુંભ: જવાબદારીવાળા કાર્યમાં સાવધાની રાખવી. શત્રુ પક્ષથી સાવધ રહેવું.
મીન: આનંદ-પ્રમાદમાં અધિકતા રહે. પ્રવાસમાં પીડા રહે.

### મજબૂરી માણસને શું ના કરાવે

# કારની લોનના હપ્તા ભરવા રીઢા ચોરે લાખોની ચોરીના ગુનાને અંજામ આપ્યો

## પોલીસે ગણતરીના દિવસોમાં આ ૬ લાખના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા છે

અમદાવાદ, તા.૧૨

સરખેજ પોલીસ કસ્ટડીમાં ઉભેલા રીઢા ચોર જેનું નામ છે અનિલ ઉર્ફે બાલો વાઘેલા અને સુરેશ ઉર્ફે સુકો મકવાણા છે. આ આરોપીઓએ એક અઠવાડિયા પહેલાં બોપલ આંબલી રોડ પર નિવૃત્ત વૃદ્ધ દંપતીના બંધ બંગલામાંથી સોના ચાંદીના દાગીના અને રોકડ સહિત ૬ લાખની ચોરી કરી હતી, જે મામલે સરખેજ પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. આ દરમિયાન ક્રાઈમ બ્રાન્ચને બાતમી મળી હતી કે આરોપી ચોરીના મુદ્દામાલ સાથે જમાલપુર નજીક પસાર થઈ રહ્યા છે અને ચોરી કરેલ મુદામાલ વેચવા માટે જઈ રહયા છે જે માહિતીના આધારે પોલીસે બે આરોપી અનિલ ઉર્ફે બાલો વાઘેલા અને સુરેશ ઉર્ફે સુકો મકવાણાને ઝડપીને ચોરીનો સોના ચાંદીના દાગીના રોકડ સહિત ૬ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. સરખેજ પોલીસની પૂછપરછમાં આ બંને રીઢા ચોરે કબૂલાત કરી છે કે આરોપી અનિલ વાઘેલા અને સુરેશ મકવાણા મૂળ ધોળકાના રહેવાસી છે અને બન્ને મિત્રો છે. આરોપી સુરેશ અગાઉ ચોરીના ગુનામાં પકડાયેલો છે અને ચોરીના ગુનાનો રીઢો ગુનેગાર છે. બંને ચોરને રૂપિયાની જરૂર હતી. તેમજ તેના મિત્ર અનિલ વાઘેલાએ નવી ઈકો કાર ધંધો કરવા માટે લોન પર લીધી હતી અને લોનના હપ્તા ભરવા માટે તેને પૈસાની જરૂર હતી. જેથી બંન્નેએ અમદાવાદ ચોરી કરવાનું કાવતરું રચ્યું હતું.

ત્રીજી એપ્રિલના રોજ બપોરના સમયે બંને આરોપી ઈકો કાર લઈ ને ચોરી કરવા માટે અમદાવાદના બોપલ વિસ્તારમાં આવ્યા હતા. બોપલ બ્રિજ નીચે ગાડી પાર્ક કરી ને બન્ને આરોપી બ્રિજ નજીક રેકી કરી હતી જે બાદ એક રાત્રે ઈકો ગાડીમા સૂઈ ગયા હતા અને બાદમાં મોડી રાત્રે બોપલ આંબલી રોડ પાસે એક બંગલા ટાર્ગેટ કર્યો હતો. જેમાં લોખંડ ખાતરીયા સાથે બંગલા પ્રવેશ કર્યો મુખ્ય દરવાજા લોક તોડીને સોના ચાંદી દાગીના અને રોકડની ચોરી કરી ઈકો કારમાં ફરાર થઈ ગયા હતા.

એક અઠવાડિયા બાદ ચોરીનો મુદ્દામાલ વેચવા અમદાવાદ આવતા જ પોલીસના હાથે પકડાઈ ગયા છે.

પકડાયેલ આરોપી સુરેશ ઉર્ફે સુકો મકવાણા વિરુદ્ધ અમદાવાદ ભાવનગર વડોદરા અને બોટાદમાં ચોરીના ૫ ગુના નોંધાયા છે. જ્યારે આરોપી અનિલ વિરુદ્ધ ભાવનગરમાં પ્રોહિબિશન ગુનો નોંધાયો છે. બન્ને આરોપી અત્યાર સુધી કેટલી ઘરફોડ ચોરીમાં ગુનાને અંજામ આપ્યો છે જે દિશામાં સરખેજ પોલીસે તપાસ શરૂ કરી છે.

### અમદાવાદ PGનો રાફડો ફાટ્યો

# અમદાવાદમાં પેઈંગ ગેસ્ટ મામલે માથાકૂટ, રહેવાસીઓ પરેશાન

## PGમાં રહેતા યુવક-યુવતીઓ એકલા રહેતા હોવાથી બેફામ વર્તન કરતા હોવાની સોસાયટીના અન્ય લોકો ફરીયાદ કરવા લાગ્યા છે

અમદાવાદ, તા.૧૨

શહેરમાં PG માટે લેવાતા ભાડા વિસ્તાર મુજબ અલગ-અલગ હોય છે. PG માટે ૫ હજાર રૂપિયાથી લઈને ૨૦ હજાર રૂપિયા દર મહિને લેવાતા હોય છે. શહેરમાં મોટી સોસાયટી હોય કે પછી ફલેટ તમામ વિસ્તારોમાં લોકો હવે પોતાના મકાનોમાં પેઈંગ ગેસ્ટ રાખવા લાગ્યા છે. PG રાખવું અનેક વખત મોટી સમસ્યા પણ બને છે. કારણ કે PGમાં રહેતા યુવક-યુવતીઓ એકલા રહેતા હોવાથી બેફામ વર્તન કરતા હોવાની સોસાયટીના અન્ય લોકો ફરીયાદ કરવા લાગ્યા છે. થોડા દિવસ પહેલા બોડકદેવની એક સોસાયટીના રહીશોનો આરોપ છે કે PGના કારણે અનેક સામાજિક પ્રશ્નો ઉભા થયા છે. રહીશોનું માનવું છે કે રહેણાંક વિસ્તારોમાં PG બંધ થવા જોઈએ. સોસાયટીના રહીશોનું માનવું છે કે PG એક મોટો Problem છે. એક રીતે કહી શકાય કે PG ન્યુસન્સ છે કારણ કે છોકરા-છોકરીઓ મોડી રાત સુધી જાગે છે અને તેમના ત્યાં અનેક લોકો કામના બહાને અવર-જવર કરતા હોય છે.

થોડા દિવસ પહેલા TRPમોલમાં આગ લાગી હતી. આગ લાગવાની ઘટનામાં મોલમાં PG ચાલતું હોવાનું સામે આવ્યા બાદ તેને બંધ કરવામાં આવ્યું. કારણ કે ક્યારે પણ કોમર્સિયલ કોમ્પ્લેક્સમા PGને મંજૂરી મળી નથી. શહેરમાં PG તરીકે રહેતા યુવાનો અને યુવતીઓ પોતાના માટે આને મજબૂરી ગણાવી રહ્યા છે. વિદ્યાર્થીઓ અને રોજગાર માટે આવેલા લોકો શહેરમાં પોતાના બજેટ અને સગવડતાને ધ્યાનમાં રાખી PGમાં રહેવું વધુ પસંદ કરે છે. જો કે ટીઆરપી મોલ ઘટના બાદ શહેરમાં અનેક સ્થાનો પર PGને લઈને વિવાદ જોવા મળ્યો છે. શહેરમાં PG નું ન્યુસન્સ વધતા અનેક સોસાયટીઓ અને ફલેટમાં PG Not Allowedના બેનરો લગાવવામાં આવ્યા છે. આ મામલે હવે રહીશો પણ માંગ કરી રહ્યા છે કે તંત્ર દ્વારા કોઈ પગલા લેવામાં આવે.

# ધોરણ ૧૦-૧૨નું પરિણામ લોકસભાની ચૂંટણીને કારણે એપ્રિલના અંત સુધીમાં જાહેર કરવામાં આવશે

અમદાવાદ, તા.૧૨

રાજ્યમાં ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓ માટે એક આનંદના સમાચાર સામે આવી રહ્યા છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા થઈ ગઈ છે. ત્યારે પેપર ચકાસણીની કામગીરી પણ ઝડપથી શરૂ કરવામાં આવી હતી. જે કામગીરી પણ પુર્ણ થઈ ચુકી છે. ધોરણ ૧૦-૧૨નું પરિણામ લોકસભાની ચૂંટણીને કારણે એપ્રિલના અંત સુધીમાં જાહેર કરાશે પેપર ચકાસણીની કામગીરી પૂરી થતાં હવે પરિણામ તૈયાર કરવાની કામગીરી શરૂ કરાશે. એપ્રિલ અંત સુધીમાં તમામ પરિણામ જાહેર કરવામાં આવશે. મહત્ત્વનું છે કે લોકસભાની ચૂંટણીના કારણે પરિણામ સામાન્ય કરતાં એક મહિના જેટલો સમય વહેલાં જાહેર કરવામાં આવશે તેવું સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે. લોકસભાની ચૂંટણીના કારણે પરિણામ વહેલું જાહેર કરવામાં




આવશે. શિક્ષકોને પરિણામની કામગીરીમાંથી મુક્ત થયા બાદ ચૂંટણીની કામગીરી સોંપવામાં આવશે. પરિણામ જાહેર થતાં ૧૫ લાખ વિદ્યાર્થીઓની આતુરતાનો અંત આવશે. ૧૧ માર્ચથી ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા શરૂ થઈ હતી. આ પરીક્ષા માર્ચ મહિનાના અંત સુધીમાં ચાલી હતી. પરીક્ષાની સાથે જ શિક્ષકોના મધ્યસ્થન મૂલ્યાંકન માટેના ઓર્ડર આવ્યા હતા અને શિક્ષકોએ પેપર ચકાસવાની કામગીરી પણ પરીક્ષા સાથે જ શરૂ કરી હતી. પરીક્ષા પૂર્ણ થતાં પરીક્ષા કામગીરીમાં રોકાયેલા શિક્ષકો પણ મૂલ્યાંકન કામગીરીમાં જોડાયા હતા. સમગ્ર રાજ્યભરમાં પેપર ચકાસણીની કામગીરી પૂર્ણ થઈ ચુકી છે અને હવે બોર્ડ દ્વારા પરિણામ તૈયાર કરવામાં આવશે. મહત્ત્વનું છે કે અત્યાર સુધી ગુજરાત બોર્ડના પરિણામ મે મહિનાના અંતમાં અથવા જૂન મહિનાની શરૂઆતમાં જાહેર કરવામાં આવ્યાં હતાં, પરંતુ આ વર્ષે લોકસભાની ચૂંટણીના કારણે પરિણામ એક મહિના જેટલો વહેલાં જાહેર કરવામાં આવશે. તબક્કાવાર ધોરણ ૧૦ અને ૧૨ના પરિણામ જાહેર થશે. પરિણામ વહેલાં જાહેર કરવામાં આવતા વિદ્યાર્થીઓના આગળના અભ્યાસ માટેની પ્રક્રિયા પણ ઝડપથી થશે. આ અંગે બોર્ડના અધિકારીના જણાવ્યા અનુસાર આ વર્ષે ચૂંટણી હોવાથી પરિણામ વહેલાં જાહેર કરવામાં આવશે. પેપર ચકાસણીની કામગીરી પૂરી થતાં બોર્ડની કચેરી દ્વારા આગળની પ્રક્રિયા કરવામાં આવશે. ઝડપથી પરિણામ તૈયાર કરી એપ્રિલ અંત સુધીમાં પરિણામ જાહેર કરવામાં આવશે.

### રૂપાલાનો વિરોધ શાંત કરવા સૌપ્રથમ તા.૨૨મીએ રાજકોટમાં પ્રથમ સભા કરશે

# ગુજરાતમાં ચૂંટણી પ્રચારમાં વડાપ્રધાન મોદી હવે ચારથી વધુ સભાઓ ગજવશે

## રાજ્યના ચારેય ઝોનમાં તબક્કાવાર સભાની સાથે રોડ-શો પણ કરશે



ગાંધીનગર, તા.૧૨

દેશભરમાં ચૂંટણીનો માહોલ ગૂંજી રહ્યો છે. 'અબ કી બાર ૪૦૦ પાર'નો સિંહનાદ સાથે ભાજપ પ્રચારમાં લાગી ગયું છે. દેશભરમાં પીએમ મોદીની સભાઓ થઈ રહી છે. ગુજરાતમાં તેમની સભાની આતુરતાથી રાહ જોવાઈ રહી છે. ત્યારે આ આતુરતાનો અંત હવે ટૂંક સમયમાં આવી જશે ગુજરાતના ચૂંટણી પ્રચારમાં પીએમ મોદીની એન્ટ્રી થશે. પીએમ હવે ગુજરાતના ચૂંટણીમાં જલ્દી જ પ્રચાર કરવા આવશે. ગુજરાતની ચૂંટણીમાં હાલ એક જ મુદ્દો ચર્ચાઈ રહ્યો છે. એ છે રૂપાલા. રૂપાલાને કારણે ભાજપ વિરોધી જ્વાળા ભડકી છે. ત્યારે આ વિરોધમાં હવે પીએમ મોદીની એન્ટ્રી થશે. રાજકોટ વિવાદ વચ્ચે ૨૨ તારીખે સભા સંબોધી વડાપ્રધાન પ્રચારનો પ્રારંભ કરાવશે. ગુજરાતમાં ૪ ઝોન પ્રમાણે પીએમની ૧૦થી વધુ સભાઓ થશે. એક દિવસમાં ૨ સભાનો સાથે સાંજે રોડ શો યોજવામાં આવશે. ગુજરાતના ચાર ઝોન એટલે કે, સૌરાષ્ટ્ર, કચ્છ, દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતમાં સભાનું આયોજન કરવામાં આવ્યું છે. પીએમ મોદીના ગુજરાતમાં પ્રચારની એન્ટ્રીથી રૂપાલા વિવાદ શાંત થાય તેવું લાગી રહ્યું છે. ભાજપ હંમેશા એવુ કહે છે કે, મોદીના નામે વોટ મળે છે. ત્યારે હાલ ગુજરાતમાં રૂપાલા વિવાદની આગ પીએમ મોદીના આગમન બાદ આપોઆપ શાંત થઈ શકે છે. બાકી રાજ્યોમાં જેમ પીએમનો પ્રચાર ચાલી રહ્યો છે એજ રીતે ગુજરાતમાં પણ પ્રચાર કરાશે. પ્રથમ ચરણના મતદાન બાદ પીએમ સાથે ભાજપના તમામ સ્ટાર પ્રચારકો ગુજરાત આવશે. તમામ કેન્દ્રીય મંત્રીની સાથે ભાજપના તમામ મુખ્યમંત્રી ગુજરાતમાં પ્રચાર કરશે. ભાજપના સ્ટાર પ્રચારકો ગુજરાતમાં પણ જંગી જનસભા, રોડ શો, નુક્કડ સભા, ડોર ટુ ડોર પ્રચાર કરતાં દેખાશે. હાલ ગુજરાતના નેતાઓ ઉપર દરેક બેઠક ઉપર ૫ લાખ લીડથી જીતવાનું ટાર્ગેટ છે. ભાજપ પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલ સતત તમામ સંબોધનમાં આ ટકોર કરી રહ્યાં છે. તેમણે આજે પણ સંબોધનમાં કહ્યું હતું કે, વર્ષ ૨૦૨૨ની વિધાસભા ચૂંટણીમાં કાર્યકર્તાઓની થોડીક આળસના કારણે ૧૮૨ બેઠકો વિધાનસભામાં ના જીતી શક્યા એનું દુઃખ છે. લોકસભા ચૂંટણીમાં સૌ સંપૂર્ણ નિષ્ઠા સાથે કામ કરશે તેવી આશા છે.

# વર્લ્ડકપમાં ભારતીય ટીમમાં રોહિત કોહલી અને ગિલ હોવા જોઈએ : લારા

નવી દિલ્હી, તા.૧૨

વિરાટ કોહલી વર્તમાન ઈન્ડિયન પ્રીમિયર લીગમાં સારા ફોર્મમાં રમી રહ્યો છે. તેની રોયલ ચેલેન્જર્સ બેંગલોરની ટીમ ટુર્નામેન્ટમાં લગભગ તળિયે પહોંચી ગઈ છે પરંતુ અંગત પ્રદર્શનમાં કોહલી અગ્રેસર છે. લારાએ જણાવ્યું હતું કે ટી૨૦ મેચમાં સ્ટ્રાઈક રેટ બેટ્સમેનની પોઝિશન ઉપર આધાર રાખે છે. એક ઓપનર માટે ૧૩૦થી ૧૪૦નો રેટ બરાબર કહેવાય પરંતુ તમે મિડલ ઓર્ડરમાં રમવા આવતા હો તો આ રેટ ૧૫૦થી ૧૬૦ની આસપાસનો હોવો જોઈએ. જોકે આ વખતે તો આઈપીએલમાં ઈનિંગ્સના અંતિમ તબક્કામાં ૨૦૦+નો સ્ટ્રાઈક રેટ પણ જોવા મળી રહ્યો છે. પરંતુ કોહલી પાસે હંમેશાં ૧૩૦ની આસપાસના રેટથી રમવાની તક રહેલી હોય છે અને તે છેક સુધી રમે તો ૧૬૦ ઉપર પણ પહોંચી શકે છે પરંતુ વિરાટ કોહલી હવે સ્ટ્રાઈક રેટથી ઉપર પહોંચી ગયો છે. તેની બેટિંગ અને તેની ઉપસ્થિતિથી જ ટીમ મજબૂત બની જતી હોય છે તેમ બ્રાયન લારાએ ઉમેર્યું હતું. લારાએ વધુમાં જણાવ્યું હતું કે મારા મતે આગામી ટી૨૦ વર્લ્ડ કપમાં ભારતીય ટીમમાં રોહિત શર્મા વિરાટ કોહલી અને શુભમન ગિલ મોખરાના ત્રણ બેટ્સમેન તરીકે હોવા જોઈએ. તેઓ આ વખતે આઈપીએલમાં ગમે તેવું પ્રદર્શન કરે પણ તેઓ ટીમમાં હોવા જરૂરી છે. રોયલ ચેલેન્જર્સ બેંગલોર માટે કોઈ એક વ્યક્તિ નહીં પરંતુ ટીમ વર્કથી જ ટીમની સમીક્ષા કરી શકાય. વેસ્ટ ઈન્ડિઝના મહાન બેટ્સમેન અને ટેસ્ટ ક્રિકેટમાં એક ઈનિંગ્સમાં ૪૦૦ રન કરનારા એક માત્ર બેટ્સમેન બ્રાયન લારાએ જણાવ્યું હતું કે ટી૨૦ વર્લ્ડ કપમાં રોહિત શર્માની સાર્થ વિરાટ કોહલી ઓપનિંગ કરે તે એક લલચમણો વિકલ્પ છે પરંતુ ભારત એક અનુભવી બેટ્સમેનની સાથે એક યુવાન અને પ્રતિભાવંત બેટ્સમેનને ઉતારે તે યોગ્ય વિકલ્પ ગણાશે. મારા મતે રોહિતની સાથે કોહલી જેવા બેટ્સમેન વેસ્ટ ઈન્ડિઝ સામે ઓપનિંગ કરશે તો ભારતની સ્થિતિ વધારે મજબૂત બની જશે પરંતુ મારું માનવું છે કે એક યુવાન બેટ્સમેનને ઈનિંગ્સનો પ્રારંભ કરવાની જવાબદારી સોંપવામાં આવે તો તે બહેતર રહેશે કેમ કે એક અનુભવી બેટ્સમેન મિડલ ઓર્ડરમાં રમવા આવીને પણ ટીમનો રેટ વધારે બહેતર બનાવી શકે છે તેમ લારાએ ઉમેર્યું હતું. આ સાથે લારાનો સંકેત યુવાન યશસ્વી જયસ્વાલ તરફ હતો.

# શ્રીલંકાને નાણાકીય સહાય પૂરી પાડવા ચીને ફરી વખત ખાતરી આપી

બેઈજિંગ, તા.૧૨

ચીને જણાવ્યું કે, તે શ્રીલંકાને સમર્થન આપવાનું ચાલુ રાખશે, કારણ કે કટોકટીગ્રસ્ત ટાપુ રાષ્ટ્રના વડા પ્રધાને દેવું પુનર્ગઠન સોદાને અંતિમ સ્વરૂપ આપવા માટે બેઈજિંગની મુલાકાત પૂર્ણ કરી હતી. શ્રીલંકાના વડાપ્રધાન દિનેશ ગુણવર્દેના ચીન પહોંચ્યા હતા. ત્યાં તેમણે રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે મુલાકાત કરી અને બોઓ ફોરમમાં હાજરી આપી હતી. બોઓ ફોરમ એક ઉચ્ચ પ્રોફાઈલ આંતરરાષ્ટ્રીય બેઠક છે. શ્રીલંકાની વર્ષો લાંબી આર્થિક કટોકટી ગુણવર્દેનાની યાત્રા દરમ્યાન એજન્ડામાં સૌથી વધુ હતી, જેમાં તેના દેશના કુલ વિદેશી દેવામાં ચીનનું દેવું લગભગ ૧૦ ટકા છે. બેઈજિંગના વિદેશ મંત્રાલયે પ્રકાશિત સંયુક્ત દ્વિપક્ષીય નિવેદનના ચાઈનીઝ સંસ્કરણમાં જણાવ્યું હતું કે, "ચીન, શ્રીલંકા સાથે સક્રિય રીતે વાટાઘાટો કરવા, અન્ય લેણદારો સાથે મૈત્રીપૂર્ણ સંચાર જાળવવા, આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળમાં સકારાત્મક ભૂમિકા ભજવવા, શ્રીલંકાને નાણાકીય રાહતમાં મદદ કરવા માટે તેની નાણાકીય સંસ્થાઓને સમર્થન આપવાનું ચાલુ રાખવા તૈયાર છે." બેલ્ટ એન્ડ રોડ વૈશ્વિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર પહેલ કઝીના વિશાળ સંદર્ભમાં કહેવામાં આવ્યું હતું કે, બંને પક્ષો પોર્ટ સિટી કોલંબો અને હમ્બનટોટા ડેવલપમેન્ટ પ્રોજેક્ટને પ્રોત્સાહિત કરવા માટે દરેક પ્રયાસ કરવા માટે સંમત થયા હતા, તેમને 'બેલ્ટ એન્ડ રોડ'ના ચીન-શ્રીલંકાના સંયુક્ત નિર્માણના ફ્લેગશિપ પ્રોજેક્ટ્સમાં ફેરવવા માટે તૈયારી દર્શાવી છે."

### જો જો ભૂત-ભૂવાના ચક્કરમાં ફસાતા નહીં

# સુરતમાં ઠગ ભૂવાએ પરિણીતા ઉપર બે વર્ષ સુધી દુષ્કર્મ આચરી ૧૪ લાખ પડાવી લીધા

## ભૂવાએ પોતાની પત્નીની મદદથી આચર્યું સમગ્ર કૌભાંડ, આબરૂ અને ધન બંને લૂંટાઈ જતાં ભાન થતાં પરિણીતાએ કરી પોલીસ ફરિયાદ

અમદાવાદ, તા.૧૨

૨૧મી સદીમાં પણ ભૂત-ભૂવાના ચક્કરમાં ફસાતા લોકો જોવા મળી રહ્યાં છે. લાલચમાં ફસાઈને પોતાનું સર્વસ્વ ગુમાવી બેસતાં અનેક દાખલાં જોવા મળે છે. ત્યારે તાંત્રિક વિદ્યાના રવાડે ચઢેલી સુરતના સરથાણાની પરિણીતાએ રૂપિયાની સાથે આબરૂ પણ ગુમાવી છે. મહા ઠગ ભૂવાએ પોતાની પત્ની સાથે મળી પરિણીતાના રૂપિયા ૧૪ લાખ લૂંટી લીધા છે. એટલું જ નહીં છેલ્લા બે વર્ષ દરમ્યાન અવારનવાર પરિણીતા સાથે દુષ્કર્મ પણ આચર્યુ છે. ભૂવાએ રૂપિયા અને આબરૂ બંને લૂંટી હોવાનું ભાન થતાં આખરે પરિણીતાએ ભૂવા વિરૂધ્ધ્ પોલીસને ફરિયાદ કરી છે. ઘટનાની વિગતો જોઈએ તો સરથાણામાં રહેતી પરિણીતાના પરિવારની આર્થિક સ્થિતિ દારૂણ હતી. તેથી તે પ્રમુખ પાર્ક સોસાયટીમાં મકાન નંબર ૨૮૩માં રહેતા અને તાંત્રિક વિદ્યા જાણતા કનુ ઉર્ફે કલ્પેશ કોરાટ પાસે ઉપાય માટે ગઈ હતી. અહીં કલ્પેશ બાપુ તરીકે તાંત્રિક વિધિ કરતો જ્યારે તેની પત્ની હેતલ બા મંદિરમાં માતાજી તરીકે બિરાજતા હતા. પરિણીતાએ પરિવારની સ્થિતિ વિશે જણાવતા ઠગ ભૂવાએ દર મંગળવારે દર્શન કરવા આવવા કહ્યું હતું. તેથી પરિણીતા દર મંગળવારે દર્શન માટે જતી હતી. એકવાર ઠગ ભૂવાએ પરિણીતાને કહ્યું કે, 'તમારા વતનમાં આવેલા જૂના મકાનમાં માયા છે. જે કાઢવા વિધિ કરવી પડશે. લાંબા ટૂંકા પૈસાની જરૂર પડશે'. તેમ કહીને મંદિરના માતાજી હેતલ બા તથા ભૂવાએ પરણીતાને ફસાવી હતી. પરિવારની સ્થિતિ નબળી હોવા છતાં પરિણીતા રૂપિયા આપવા તૈયાર થઈ હતી. બે વર્ષમાં ભૂવા અને તેની પત્નીએ ટુકડે ટુકડે રૂપિયા ૧૪ લાખ જેટલી રકમ પરિણીતા પાસે પડાવી હતી. ઠગ ભૂવો વિધિ કરવાના બહાને પરિણીતાને પોતાના ઘરે મંદિરના મઢમાં બોલાવતો હતો. પરિણીતા અંદર આવે ત્યાર બાદ મઢનો દરવાજો અંદરથી બંધ કરી દેતો હતો. પરિણીતાને ધ્યાનમાં બેસાડતો. લીંબુ-મરચાં તેના ઉપરથી ઉતારતો, ત્યારે આંખો બંધ રાખવા કહેતો હતો. ત્યાર બાદ ભૂવો હું કહું તેમ કરવાનું છે. નહીં, તો માયાની પ્રાપ્તિ નહીં થાય. તેવું કહી પરિણીતાના કપડા ઉતારતો હતો. પરિણીતા ના પાડે તો આંખો કેમ ખોલી તેમ કહી જમીન ઉપર સૂવડાવી દઈ પરિણીતાને માર મારતો હતો. ત્યાર બાદ બળજબરીપૂર્વક દુષ્કર્મ આચરતો હતો. ઠગ ભૂવાએ તાંત્રિક વિધિ કર્યા બાદ પરિણીતાને એક તાંબાના કળશ ઉપર કપડું બાંધી આપ્યું હતું. આ કળશ ઘરમાં રાખવા સૂચના આપી હતી. થોડા સમય બાદ તેમાંથી હીરા મોતી નીકળશે એવું કહ્યું હતું. ખરેખર તો ઠગ ભૂવાએ કળશની અંદર પથ્થર ભરીને પરિણીતાને આપી દીધા હતા. બાદમાં પરિણીતાએ ઘરે કપડું ખોલતા તેની સાથે છેતરપિંડી થઈ હોવાની જાણ થઈ હતી. આ મામલે સરથાણા પોલીસે ગુનો નોંધી ભૂવાની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વૈજ્ઞાનિકોએ પૃથ્વીની સપાટીથી ૭૦૦ કિ.મી. નીચે વિશાળ મહાસાગર શોધી કાઢયો છે

(એજન્સી) તા.૧૨

નવીનતમ પ્રગતિ મુજબ, ગ્રહની સપાટીની નીચે ઊંડા પડેલા પૃથ્વીના તમામ મહાસાગરોના સંયુક્ત કદ કરતાં ત્રણ ગણો પાણીનો વિશાળ જળાશય મળી આવ્યો છે. આ ભૂગર્ભ જળ સ્ત્રોત આપણાથી લગભગ ૭૦૦ કિ.મી. નીચે છે. આ નોંધપાત્ર શોધ ઈવાન્સ્ટન, ઈલિનોઈસમાં નોર્થવેસ્ટર્ન યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો દ્વારા કરવામાં આવી હતી. પૃથ્વીના પાણીની ઉત્પત્તિને શોધી કાઢવાની તેમની શોધમાં, પૃથ્વીના આવરણની અંદર, સપાટીની નીચે છૂપાયેલ વિશાળ સમુદ્ર શોધી કાઢ્યો. રિંગવુડાઈટની અંદર ઘેરાયેલો, એક અલગ વાદળી રંગ દર્શાવતો ખડક, આ અપ્રગટ મહાસાગર પૃથ્વીના પાણીના સ્ત્રોત વિશેની આપણી સમજને નકારી કાઢે છે. આ છૂપાયેલા સમુદ્રની તીવ્રતા પૃથ્વીના જળચક્રનું પુનઃ મૂલ્યાંકન કરવા માટે પ્રોત્સાહિત કરે છે, જે પ્રાથમિક સ્ત્રોત તરીકે ધૂમકેતુની અસરને પોઝિશન કરતા સિદ્ધાંતોમાંથી સંભવિત પ્રસ્થાન સૂચવે છે. તેના બદલે પૃથ્વીના મહાસાગરો ધીમે-ધીમે તેના મૂળમાંથી બહાર નીકળી ગયા હશે તેવી ધારણાને પ્રાધાન્ય મળે છે. આ સાક્ષાત્કાર પાછળના વૈજ્ઞાનિક પ્રયાસની આગેવાની નોર્થવેસ્ટર્ન યુનિવર્સિટીના સંશોધક સ્ટીવન જેકોબસેન દ્વારા કરવામાં આવી હતી, જેઓ ભારપૂર્વક જણાવે છે કે, 'પૃથ્વીનું પાણી આંતરિક રીતે ઉદ્ભવ્યું હોવાની ધારણાને સમર્થન આપતા નોંધપાત્ર પુરાવા છે.' આ ભૂગર્ભ મહાસાગરના અસ્તિત્વને શોધવા માટે સમગ્ર યુનાઈટેડ સ્ટેટ્સમાં ૨૦૦૦ સિસ્મોગ્રાફસનું વિશાળ નેટવર્ક જમાવવું જરૂરી છે. આ સાધનોએ ૫૦૦થી વધુ ધરતીકંપો દ્વારા ઉત્પન્ન થયેલા સિસ્મિક તરંગોનું પદ્ધતિસર વિશ્લેષણ કર્યું. જેમ-જેમ આ તરંગો પૃથ્વીની અંદરના ઊંડાણોને પસાર કરે છે, તેના કોર સહિત, ભીના ખડકનો સામનો કરવા ઉપર તેઓ મંદ પડી ગયા, જે આ વ્યાપક જળાશયના અસ્તિત્વનો સંકેત આપે છે. આ શોધ સંભવતઃ પૃથ્વીના જળચક્ર વિશેની આપણી સમજને ફરીથી આકાર આપે છે, જે પ્રસ્તાવિત કરે છે કે, ખડકોના દાણાની વચ્ચે સ્થળાંતર કરીને આવરણની અંદર પાણીનું અસ્તિત્વ હોઈ શકે છે. જેકોબસેન જળાશયના મહત્ત્વ ઉપર ભાર મૂકે છે, પૃથ્વીની સપાટીની નીચે પાણી જાળવવામાં તેની ભૂમિકાને પ્રકાશિત કરે છે, જેના વિના પાણી મુખ્યત્વે ગ્રહની સપાટી ઉપર રહે છે, ફક્ત પર્વત શિખરો જ દશ્યમાન થાય છે. આ ગ્રાઉન્ડબ્રેકિંગ સાક્ષાત્કાર હાથમાં હોવાથી સંશોધકો વૈશ્વિક સ્તરે આવરણ ગલનના અતિરિક્ત સિસ્મિક ડેટા એકત્રિત કરવા આતુર છે. તેમના તારણો પૃથ્વીના જળચક્રની આપણી સમજણમાં ક્રાંતિ લાવવાનું વચન ધરાવે છે, જે ગ્રહની મૂળભૂત પ્રક્રિયાઓમાંની એક ઉપર તાજા પરિપ્રેક્ષ્ય પ્રદાન કરે છે.

# 'નાગરિકો માટે ગાઝામાં કોઈ સ્થાન સુરક્ષિત નથી' : UN

(એજન્સી) તા.૧૨

એનાદોલુ એજન્સીના અહેવાલો મુજબ, યુએનએ જણાવ્યું હતું કે, 'ગાઝામાં નાગરિકો માટે કોઈ સ્થાન સુરક્ષિત નથી' પછી ફૂટેજમાં દર્શાવવામાં આવ્યું હતું કે, ઈઝરાયેલી દળો બે નિઃશસ્ત્ર પેલેસ્ટીનીઓને ઉપર ગોળીબાર કરે છે અને તેમને વ્હીલ લોડરથી દફનાવે છે. અલ જઝીરા અરેબિક દ્વારા પ્રસારિત કરવામાં આવેલ વિડિયોમાં, પીડિતોને ગાઝાન કિનારે ખુલ્લા વિસ્તારમાં ચાલતા સફેદ કપડાંને લહેરાતા બતાવે છે જે શરણાગતિ માટે આંતરરાષ્ટ્રીય સંકેત છે. યુએનના પ્રવક્તા સ્ટીફન ડુજારિકે એક ન્યૂઝ કોન્ફરન્સમાં 'આઘાતજનક' વીડિયોનું વર્ણન કર્યું હતું. તેમણે કહ્યું કે, 'અમે ઓછામાં ઓછું જે જોઈએ છીએ તે દર્શાવે છે કે, ગાઝામાં નાગરિકો માટે કોઈ સ્થાન સુરક્ષિત નથી અને ત્યાં આ આસપાસના સંજોગોની સંપૂર્ણ તપાસ કરવાની જરૂર છે.' વીડિયોમાં બતાવેલ ગોળીબાર ક્યારે થયો તે અજ્ઞાત છે પરંતુ આ ફૂટેજ થોડા દિવસો પછી બહાર પાડવામાં આવ્યું હતું જ્યારે અન્ય વીડિયોમાં એક ઈઝરાયલી ડ્રોનને ટ્રેકિંગ અને ખાન યુનિસમાં ચાર પેલેસ્ટીની ઉપર હુમલો કરવામાં આવ્યો હતો. ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસ (ICJ) દ્વારા જારી કરાયેલ વધારાના વચગાળાના પગલાં અંગે, 'નરસંહાર' આરોપો ઉપર ઈઝરાયેલ વિરૂધ્ધ દક્ષિધ્ આફ્રિકા દ્વારા લાવવામાં આવેલા કેસ વિશે દુજારિકે નોંધ્યું હતું કે કોર્ટ સ્વતંત્ર છે. તેમણે ઉમેર્યું કે, 'અમે સિદ્ધાંતની બાબત તરીકે માનીએ છીએ કે તમામ સભ્ય દેશોએ કોર્ટના નિર્ણયોનું પાલન કરવું અને તેનો અમલ કરવો જરૂરી છે.' ICJએ વધારાના કામચલાઉ પગલાં જારી કર્યા જેમાં જણાવ્યું હતું કે ઈઝરાયેલે આવશ્યક સેવાઓની જોગવાઈની ખાતરી કરવા માટે જરૂરી પગલાં લેવા જોઈએ પેલેસ્ટીની નાગરિકોના અધિકારોનું ઉલ્લંઘન કરતી ક્રિયાઓથી દૂર રહેવું જોઈએ.

### સુરતથી ગાડી ચોરાઈ, જૂનાગઢમાં દારૂ સાથે પકડાઈ

# અજાણ્યો શખ્સ ગાડી છોડાવવા હાઈકોર્ટ સુધી પહોંચ્યો, મૂળ માલિકને જાણ થતાં સત્ય બહાર આવ્યું

અમદાવાદ, તા.૧૨

આજકાલ ગુનાખોરી વધી રહી છે ત્યારે ગુનેગારો અને ગઠિયાઓ પણ વધુ સ્માર્ટ બની રહ્યા છે. આવી જ એક ગંભીર ઘટના ગુજરાત હાઈકોર્ટમાં સામે આવી હતી, જેમાં જૂનાગઢથી એક વ્યક્તિએ પ્રોહિબિશન એક્ટ અંતર્ગત પકડાયેલી પોતાની ઈનોવા ગાડી છોડાવવા અરજી કરી હતી, જે જજ હસમુખ સુથારની કોર્ટમાં રજૂ થઈ હતી. આ સમયે ગાડીનો મૂળ માલિક કોર્ટમાં હાજર થયો હતો. તેણે કોર્ટ સમક્ષ ઘટસ્ફોટ કર્યો હતો કે ગાડી છોડાવવા તેણે કોઈ અરજી કોર્ટમાં કરી નથી, પરંતુ આ ગાડી વર્ષ ૨૦૧૯માં ચોરાઈ ગઈ હતી અને એની ફરિયાદ પણ પોલીસને આપવામાં આવી હતી. પોલીસે આ અરજી અંગે તેને જાણ કરી છે. આ કેસની વિગતો જોઈએ તો જૂનાગઢના વંથલી પોલીસ મથકે ૨૧ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ પ્રોહિબિશન એક્ટની કલમ હેઠળ ફરિયાદ નોંધાઈ હતી, જેમાં જણાવ્યા મુજબ જૂનાગઢ પોલીસને બાતમી મળી હતી કે વિદેશી દારૂ લઈને એક ઈનોવા ગાડી નાદરખી ગામ તરફ આવી રહી છે. પોલીસે બંદોબસ્ત ગોઠવીને વર્ણન મુજબની ગાડી રોકતાં આરોપીઓ ગાડી ભગાવી હતી. પોલીસે પીછો કરતાં આરોપીઓ ગાડી ચાવી સાથે આગળ રસ્તા ઉપર મૂકીને ભાગી ગયા હતા, જેમાંથી વિદેશી દારૂનો જથ્થો મળ્યો હતો, આથી પોલીસે FIR નોંધીને ગાડી મુદ્દામાલ તરીકે જમા લઈ લીધી હતી. આ ગાડી છોડાવવા હાઈકોર્ટમાં અરજી કરાતાં ગાડીના માલિકને જૂનાગઢ પોલીસે જાણ કરી હતી. ગાડીનો માલિક જ્યારે હાઈકોર્ટ પહોંચ્યો ત્યારે તેણે જણાવ્યું કે તેનું નામ ભરત આહીર છે. તે જ ગાડીનો મૂળ માલિક છે. આ ગાડી વર્ષ ૨૦૧૯માં ચોરાઈ ગઈ હતી, જેથી સુરતના અડાજણ પોલીસ મથકે તેણે ફરિયાદ કરી હતી. ત્યારથી આ ગાડી મળી નથી, ગાડીના હપ્તા ભરવાના પણ બાકી હતા. જૂનાગઢમાં દારૂની હેરાફેરીમાં આ ગાડી પકડાઈ હોવાનું અને એને છોડાવવા સંદર્ભે કોર્ટમાં અરજી થઈ હોવાની જાણ પોલીસે તેને કરી હતી. જો કે ગાડીના અસલી માલિકે ઘટસ્ફોટ કર્યો હતો કે હાઈકોર્ટમાં ગાડી છોડાવવા તેણે કોઈ અરજી કરી નથી. તેને કોઈ વકીલ રોક્યો નથી કે વકીલાત પત્ર ઉપર સહી કરી નથી. વકીલાત પત્ર ઉપર અંગ્રેજીમાં સહી છે, ત્યારે ગાડીનો મૂળ માલિક ધોરણ ૪ સુધી જ ભણેલો છે. આમ, ગાડી માલિકની સહી પણ ખોટી છે. તેણે કોર્ટમાં ઓળખના પુરાવા રજૂ કર્યા હતા અને પોતાની અસલ સહી પણ જજ સમક્ષ આપી હતી. આમ, કોઈ અન્ય વ્યક્તિએ બદઈરાદાથી ભરત આહીરના નામે અરજી દાખલ કરી હતી. કોર્ટે આ મુદ્દે હાઈકોર્ટના રજિસ્ટ્રારને ફરિયાદ નોંધાવવા આદેશ આપ્યો હતો તેમજ નોધ્યું હતું કે આ અરજી કોઈ અનૈતિક માણસે કરી છે. આવા માણસોને કોર્ટમાં કોઈ સ્થાન નથી. આવી વ્યક્તિઓ ન્યાય મંદિરને કલુષિત કરી શકે નહીં. આ કેસમાં સાત વખત મુદત પડી છતાં અરજદારે કેસ ચલાવવા રજૂઆત કરી નથી. જોકે અરજદારના વકીલે કોર્ટને વિંનતી કરી હતી કે તેઓ ૧૬ વર્ષથી વકીલાત કરે છે. વિશ્વસનીય સ્ત્રોતે જ અરજી કરી છે. તે અરજદારને ઓળખે છે. તે જાણે છે કે કોણે સહી કરી છે. વકીલે કોર્ટને પોતાના વિરૂધ્ધ્ કાર્યવાહી ના કરવા વિનંતી કરી હતી. જોકે આ મુદ્દે તપાસની જરૂર હોવાથી કોર્ટે રજિસ્ટ્રારને ડેપ્યુટી રજિસ્ટ્રાર મારફત ફરિયાદ કરવા હુકમ કર્યો હતો. આ મુદ્દે વધુ સુનાવણી ૨૨ એપ્રિલે હાથ ધરાશે.

# જૂનાગઢમાં રૂા.૧૨ હજારની કિંમતનો ખોવાયેલ મોબાઈલ નેત્રમ શાખા દ્વારા શોધી મુળ માલીકને સોપાયો



જૂનાગઢ, તા.૧૨

જૂનાગઢ રેન્જના ડીઆઈજી નિલેશ જાજડીયા તથા જૂનાગઢ જિલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા દ્વારા જૂનાગઢ જિલ્લાના તમામ થાણા અમલદારોને પ્રજા સાથે સોહાર્દપૂર્ણ વર્તન કરી મદદરૂપ થવા તેમજ પોલીસ સ્ટેશન ખાતે મદદ માટે આવતા લોકોને શક્ય તે મદદ કરી, પોલીસ પ્રજાનો મિત્ર છે, એ સૂત્રને સાર્થક કરવા તમામ પ્રયત્નો કરવા ખાસ સૂચના કરવામાં આવેલ છે અને પોલીસ દ્વારા પ્રસંશનીય કામગીરી કરવામાં આવી રહી છે. દરમ્યાન અરજદાર ભુપેન્દ્રભાઈ રમણીકભાઈ પીઠીયા જૂનાગઢના વતની હોય, ભુપેન્દ્રભાઈ સેન્ટીંગનું કામ કરી પોતાનુ ઘર ચલાવતા હોય ભુપેન્દ્રભાઈ પોતાના કામ ઉપરથી મધુરમ જવા માટે ઓટો રિક્ષામાં બેસેલ તે દરમ્યાન તેમનો રૂા.૧૨,૦૦૦/- ની કિંમતનો **Redmi-12** કંપનીનો **5G** મોબાઈલ ફોન ઓટો રિક્ષામાં ભુલાઈ ગયેલ હોય ભુપેન્દ્રભાઈએ તે ઓટો રિક્ષા શોધવાનો પ્રયત્ન કરેલ પરંતુ ઓટો રિક્ષા મળી આવેલ નહિ. મોબાઈલ ફોન પણ સ્વીચ ઓફ થઈ ગયેલ હોય જેથી ખોવાયેલ મોબાઈલ ફોન કેવી રીતે શોધવો ? આ મોબાઈલ ફોન તેમણે પરસેવાની કમાણીથી ખરીદેલ હોય અને તેમના અગત્યનાં ડેટા સેવ કરેલ હોય અને તે મોબાઈલ ફોન ભવિષ્યમાં મળવો ખૂબ જ મુશ્કેલ હોય જેથી તેઓ ખૂબ વ્યથીત થઈ ગયેલ હતા આ બાબતની જાણ નેત્રમ શાખા (કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર)ના પી.એસ.આઈ. પી.એચ.મશરૂને કરતા નેત્રમ શાખા પોલીસ સ્ટાફ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવેલ. જૂનાગઢ હેડ ક્વા. ડી.વાય.એસ.પી. એ.એસ. પટણીના માર્ગદર્શન હેઠળ નેત્રમ શાખા (કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર) ના પી.એસ.આઈ પી.એચ.મશરૂ, એ.એસ.આઈ. વર્ષાબેન વઘાસીયા, પો.કોન્સ. ચેતનભાઈ સોલંકી, વિક્રમભાઈ જિલડીયા, એન્જીનીયર રિયાઝભાઈ અંસારી સહીતની ટીમ દ્વારા જહેમત ઉઠાવી ભુપેન્દ્રભાઈ જે સ્થળેથી ઓટો રિક્ષામાં બેસેલ તે ઓટો રિક્ષાનો સમગ્ર રૂટ વિશ્વાસ પ્રોજેક્ટ અંતર્ગત ઈન્સ્ટોલ કરવામાં આવેલ સીસીટીવી ફૂટેજની મદદથી ચેક કરતા ભુપેન્દ્રભાઈ પોતાનો રૂા. ૧૨,૦૦૦/- ની કિંમતનો **Redmi-12** કંપનીનો પજી મોબાઈલ ફોન જે ઓટો રિક્ષામાં ભુલી ગયેલ હોય તે ઓટો રિક્ષા શોધેલ. જૂનાગઢ નેત્રમ શાખાના પોલીસ સ્ટાફ દ્વારા તે ઓટો રિક્ષા ચાલકનો સંપર્ક કરી પૂછપરછ કરતા તે મોબાઈલ ફોન તેમની પાસે હોવાનું જણાવેલ. જૂનાગઢ પોલીસ દ્વારા તેમને ઠપકો પણ આપવામાં આવેલ. જૂનાગઢ નેત્રમ શાખાના પોલીસ સ્ટાફ દ્વારા ભુપેન્દ્રભાઈનો રૂા.૧૨,૦૦૦/- ની કિંમતનો **Redmi-12** કંપનીનો પજી મોબાઈલ ફોન શોધી રીકવર કરી સહિ સલામત પરત અપાવવા માટે કરેલ તાત્કાલિક અને સવેંદનપૂણૅ કાર્યવાહીથી પ્રભાવિત થઈને ભુપેન્દ્રભાઈ પીઠીયાએ જણાવેલ કે તેમને આ મોબાઈલ ફોન પરત મળે તેવી આશા પણ ના હતી, અને આટલી ઝડપથી આ મોબાઈલ ફોન પોલીસે શોધી આપતા ભુપેન્દ્રભાઈએ જૂનાગઢ પોલીસનો ખૂબ આભાર વ્યક્ત કર્યો હતો.

# છેતરપીંડીના ગુનામાં ૧ વર્ષથી નાસતા ફરતા આરોપીને ઝડપી લેતી એલસીબી પોલીસ



જૂનાગઢ, તા.૧૨

છેતરપીંડીના ગુનામાં એક વર્ષથી નાસતા ફરતા આરોપીને એલસીબી જૂનાગઢ દ્વારા ઝડપી લઈ તેના વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી કરવામાં આવી છે. આ બનાવ અંગે પ્રાપ્ત વિગત અનુસાર જૂનાગઢ રેન્જનાં નાયબ પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાજડીયાની સુચના તેમજ પોલીસ અધિક્ષકથી હર્ષદ મહેતાનાં સીધા માર્ગદર્શન હેઠળ જૂનાગઢ જિલ્લાના અલગ-અલગ પોલીસ સ્ટેશનના ગુન્હાના નાચતા-ફરતા આરોપીઓને શોધી કાઢી તેઓ વિરૂધ્ધ કાયદેશરની કાર્યવાહી કરવાની સુચના તેમજ આગામી સમયમાં લોકસભા સામાન્ય ચુંટણી-૨૦૨૪ યોજાનાર હોય. જે અન્વયે ડી.જી.પી. ગાંધીનગર દ્વારા નાસતા-ફરતા આરોપીઓને અટક કરવા સારૂ સમગ્ર ગુજરાત રાજયમાં નાસતા ફરતા આરોપી અટક કરવા ખાસ ઝુંબેશનુ આયોજન કરવામાં આવેલ છે. જે અન્વયે જૂનાગઢ શહેર એ ડીવીઝન પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ફસ્ટ ૦૮/૨૦૧૮ આઈ.પી.સી. કલમ ૪૨૦, ૪૬૫, ૪૬૮, ૫૧૧, ૧૧૪ મુજબના ગુન્હાના કામે આરોપી લલીત છગનભાઈ પાનરોરીયા રહે. જુનાગઢ, જોષીપરા વાળો ઘણા લાંબા સમયથી ગુન્હાના કામે નાસતો ફરતો હોય અને મળી આવતો ન હોય. જેથી ક્રાઈમ બ્રાન્ચ, જૂનાગઢના પો.ઈન્સ. જે.જે. પટેલ દ્વારા નાસતા કરતા આરોપી શોધી કાઢવા ખારા સુચના આપેલ હોય. જે સૂચના અન્વયે મજકુર આરોપીને શોધી કાઢવા ખાનગી બાતમીદારો તથા ટેકનિકલ સોર્સના માધ્યથી તપાસ હાથ ધરતા ક્રાઈમ બ્રાન્ચ, જૂનાગઢના વિક્રમભાઈ ચાવડા તથા પો.કોન્સ. ભરતભાઈ સોલંકી તથા પેરોલ ફર્લો સ્કોડના પો.હે.કો. જયદિપભાઈ કનેરીયા તથા પો.કોન્સ. સાહીલ સમાને ટેકનિકલ સોર્સ તથા ખાનગી બાતમીદારો મારફતે ચોક્કરા બાતમી હકિકત મળેલ કે, મજકુર આરોપી હાલ જામનગર નજીક આવેલ દરેડ જી.આઈ.ડી.સા.માં છુપાયેલ છે, જે હકિકત મળતા તાત્કાલીક ઉપરોકત ટીમને બાતમી હકિકતવાળી જગ્યા જામનગર દરેડ જી.આઈ.ડી.સી. ખાતે આવી રવાના કરી ઉકત ટીમ દ્વારા સ્થાનિક બાતમીદારો ઉભા કરી મજકુર આરોપીની તપાસ કરતા મજકુર ઈરામ પાટીદાર ઈમ્પેક્ષ કારખાના નજીકથી મળી આવતા તેને ઉપરોક્ત ગુન્હાના કામે રાઉન્ડઅપ કરી એ ડીવીઝન પોલીસ સ્ટેશનને સોંપી દેવામાં આવેલ છે.

આ કામગીરીમાં કાઈમ બ્રાન્ચ, જૂનાગઢના પો.ઈન્સ. જે.જે.પટેલ તથા પો.સ.ઈ.ડી.ડે.ઝાલા તથા એ.એસ.આઈ. વિક્રમભાઈ ચાવડા, ભરતભાઈ સોલંકી, વરજાંગભાઈ બોરીચા તથા પેરોલ ફર્લો સ્કવોડના પો.હેડ કોન્સ. જયદિપભાઈ કનેરીયા તથા પો.કોન્સ. સાહિલ સમા દ્વારા કામગીરી કરવામાં આવી હતી.

### યુવતી પાસેથી બે પાનાની સુસાઈડ નોટ મળી આવી

# કેશોદમાં ૨૪ વર્ષીય યુવતીએ સગાઈ તૂટી જતા આપઘાત કર્યો

## સાસરીવાળાએ લગ્ન માટે ના પાડી દેતા અસ્મિતાને લાગી આવ્યુ હતુ

કેશોદ, તા.૧૨

જૂનાગઢના કેશોદમાં ૨૪ વર્ષીય યુવતીએ સગાઈ તૂટી જતા આપઘાત કર્યો છે. યુવતીએ આપઘાત પહેલા બે પાનાંની સ્યૂસાઈડ નોટ લખીને સાસરી પક્ષના લોકો પર આક્ષેપ મૂક્યો છે. સગાઈ તોડી નાંખવાના આઘાતથી યુવતી દુખી હતી. હાલ પોલીસે સ્યૂસાઈટ નોટ પરથી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, જુનાગઢ જિલ્લાની કેશોદ તાલુકાના ટીટોળી ગામમાં રહેતી રહેતી ૨૪ વર્ષીય અસ્મિતા સોંદરવાના લગ્ન સાહિલ રાઠોડ નામના યુવક સાથે નક્કી થયા હતા. થોડા સમય પહેલા જ બંનેની સગાઈ થઈ હતી, અને બંનેના પરિવારજનો દ્વારા લગ્નની તારીખ પણ નક્કી કરાઈ હતી. પરંતું કોઈક કારણોસર લાગી આવતા રાહુલના ઘરના લોકોએ લગ્ન માટે ના પાડી હતી. સાસરીવાળાએ લગ્ન માટે ના પાડી દેતા અસ્મિતાને લાગી આવ્યુ હતું. તેથી તેણે બે પાનાનની સ્યૂસાઈટ નોટ છોડીને મોત વ્હાલું કર્યું હતું. અસ્મિતાએ ઝેરી દવા પીને આપઘાત કરી લેતા ગામમાં ચકચાર મચી ગઈ હતી. અસ્મિતાને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવાઈ હતી, પરંતું તબીબોએ તેને મૃત જાહેર કરી હતી. હાલ કેશોદ પોલીસે આ ઘટનામાં તપાસ શરૂ કરી છે. હું અસ્મિતા આ બધું મારા હાથે લખું છું. અત્યાર સુધીમાં એને મને બધું ખોટું જ કીધું છે. હું તેનું બધું સાચું માનતી હતી. એણે મને બધું ખોટું બોલીને ભોળવી હતી. અત્યાર સુધી એને મને જેમ કીધું એમ મેં કર્યું. મેં મારાં મમ્મી-પપ્પાનું ન માન્યું અને એની વાત પર વિશ્વાસ કર્યો અને એણે મારા પર વિશ્વાસઘાત કર્યો. મારાં મમ્મી-પપ્પાનો કોઈ પણ વાંક નથી. બધું જ બરાબર હતું. તે બધા અમારા ઘરે આવીને લગ્નની તારીખ લઈ ગયા અને તારીખ પણ આપી દીધી હતી. મારાં મમ્મી-પપ્પાને મેં જેમ કીધું એમ મારાં મમ્મી-પપ્પાએ કર્યું. તારીખ લેવા આવ્યા ત્યારે પાંચ તોલા સોનાની વાત નક્કી કરી હતી અને હવે એ લોકો ફરી ગયા. પહેલાં સાહિલે મને કહેલું કે સોનું કરાવી આપીશ. તેની આ વાત સાચી માની પણ હવે ઈ વાત માનતો નથી. એનાથી સોનું બનતું નહોતું એટલે એ આવ્યા. તેમાં સાહિલની બે બહેનો નીતા અને શીતલ, શીતલનો ઘરવાળો વિશાલ, પછી સાહિલના પપ્પા, તેના કાકા અને તે પોતે હતા. પછી વાત કાંઈ કરી નહીં અને બાઝવાનું શરૂ કર્યા પછી જેમ મન ફાવે એમ ગાળો કાઢવા લાગ્યા એટલે આખું ગામ ભેગું થઈ ગયું.

પછી ધમકીઓ આપી એમાં એની બહેનોએ એમ કહ્યું કે, જાન તો આજે પણ નહીં આવે અને કાલે પણ નહીં આવે અને તેના કાકાએ એમ ધમકી મારી કે, તમને બધાને મરાવીને તમારી ઘરે તાળા મરાવી દઈશ. જો હું તાળા ન મરાવું તો મારા બાપમાં ફેર. એની બહેનો એમ કહેતી હતી કે, અમારું બધું આપી દે, અમારે તું નથી જોઈતી. હું આ લગ્ન મારી મરજીથી કરતી હતી. આમાં મારાં મમ્મી-પપ્પાનો કોઈ પણ જાતનો વાંક નથી. મેં તેને સમજાવવાની બહુ ટ્રાય કરી પણ તે કઈ સમજવા તૈયાર નથી. તેથી હું આવું પગલું ભરું છું.

# રિલાયન્સે ગીર રક્ષિત વિસ્તારમાં ૧,૫૩૪ ખૂલ્લા કૂવા ફરતે સંરક્ષણ દિવાલ બાંધીને સિંહોની સુરક્ષા સુનિશ્ચિત કરી

## પરિમલ નથવાણીના નેતૃત્વમાં આર.આઇ.એલ. ગુજરાતના વન વિભાગ સાથે મળીને પ્રાણીઓના રક્ષણ અને સંવર્ધન માટે કાર્યરત છે







(પ્રતિનિધિ દ્વારા)

જામનગર, તા.૧૨

ગુજરાત સરકારના વન વિભાગ સાથે મળીને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ (આર.આઇ.એલ.) એ ગીર રક્ષિત વિસ્તારમાં ૧,૫૩૪ ખૂલ્લા કૂવા ફરતે સંરક્ષણ દિવાલ બાંધવાનું કાર્ય પૂર્ણ કર્યું છે. આ પહેલનો હેતુ વન વિસ્તારમાં વન્યજીવો, ખાસ કરીને ગુજરાત અને ભારતના ગર્વ સમાન એશિયાટીક સિંહોની સુરક્ષામાં વધારો કરીને તેમને મૃત્યુ તથા ઈજાથી બચાવવાનો છે.

આર.આઇ.એલ.એ ગીરના રક્ષિત વિસ્તારમાં ખૂલ્લા કૂવા ફરતે સંરક્ષણ દિવાલ બાંધવા માટે ગુજરાત સરકારના વન વિભાગ સાથે જૂન ૨૦૨૧માં સમજૂતિ કરાર (એમ.ઓ.યુ.) કર્યો હતો. વન્યજીવ પ્રેમી અને આર.આઇ.એલ.ના કોર્પોરેટ અફેર્સના ડાયરેક્ટર પરિમલ નથવાણીના નેતૃત્વ હેઠળ રિલાયન્સે ગીર પૂર્વ વિભાગના સાવરકુંડલા તથા તુલસીશ્યામમાં ૬૩૮ કૂવા અને ગીર પશ્ચિમ વિભાગના માળિયા, તાલાળા અને કોડિનારમાં ૮૯૬ કૂવા ફરતે સંરક્ષણ દિવાલ બાંધી છે. વન્યજીવ પ્રેમી અને ગીરના સિંહો પ્રત્યે વિશેષ લગાવ ધરાવતા શ્રી પરિમલ નથવાણીએ જણાવ્યું હતું કે, “અમે ગીરમાં વન્યજીવો, ખાસ કરીને એશિયાટીક સિંહના રક્ષણ માટે ગુજરાત સરકારના વન વિભાગ સાથે મળીને કામ કરીએ છીએ કારણ કે વન્યજીવોના સંવર્ધન માટે અમે પ્રતિબધ્ધ છીએ. અમારી આ પહેલ એશિયાટીક સિંહો અને અન્ય વન્યજીવોને ગીરના રક્ષિત વિસ્તારમાં તેમજ આસપાસના વિસ્તારમાં ખૂલ્લા કૂવામાં પડીને જીવ ગુમાવવા કે ઈજા પામવાથી બચાવવામાં ખૂબ જ મહત્વની ભૂમિકા ભજવશે.”

ગીરમાં કૂવાની સંખ્યામાં ઘણો વધારો થયો છે. પરંતુ દુઃખદ રીતે, આ કૂવાની ફરતે સંરક્ષણ દિવાલ નહીં હોવાને કારણે એશિયાટીક સિંહો મારણનો પીછો કરતી વેળાએ કૂવામાં પડી જતાં ગંભીર ઈજા પામે અથવા મૃત્યુ પામે છે.

ભૂતકાળમાં પણ પરિમલ નથવાણીના નેતૃત્વમાં રિલાયન્સે ગુજરાત સરકારના વન વિભાગ સાથે મળીને આ પ્રકારની પહેલ કરી હતી અને ગીર રક્ષિત વિસ્તારમાં ૧,૨૯૪ કૂવા ફરતે સંરક્ષણ દિવાલ બાંધી હતી. પરિમલ નથવાણી રાજ્યસભાના સાંસદ પણ છે અને તેમણે સંસદ અને સંસદની બહાર એશિયાટીક સિંહોના રક્ષણ અને સંવર્ધન સાથે સંબંધિત મુદ્દા ઘણી વખત ઉઠાવ્યા છે.

### કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની સભા યોજી

# ખાતામાં આવશે એક લાખ રૂપિયા, એક ઝટકામાં હટાવી દઈશું ગરીબીઃ રાહુલ ગાંધી


## સભાને સંબોધતા તેમણે કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર પર ગંભીર આક્ષેપો કર્યા હતા



બિકાનેર, તા.૧૨

રાજસ્થાનમાં લોકસભા ચૂંટણીના પહેલા તબક્કામાં ૧૨ બેઠક પર ચૂંટણી યોજાશે. અહીં બિકાનેર લોકસભા બેઠક પર કોંગ્રેસે ગોવિંદ રામ મેઘવાલને મેદાનમાં ઉતાર્યા છે. તેમના સમર્થનમાં આજે (ગુરુવાર) કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની સભા યોજી હતી. સભાને સંબોધતા તેમણે કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર પર ગંભીર આક્ષેપો કર્યા હતા. કોંગ્રેસની સરકાર બનશે તો કોંગ્રેસને જનતાને આપેલા વચનો પણ યાદ કરાવ્યા. પોતાના ભાષણમાં ગરીબ પરિવારોને દર મહિને ૮૫૦૦ રૂપિયા આપવાની વાત કરી હતી. તેમણે કહ્યું કે, ’દેશમાંથી ગરીબી દૂર કરવાનું કામ કરશે.’

સભાને સંબોધતા રાહુલ ગાંધીએ કહ્યું કે, ’જો કોંગ્રેસની સરકાર બનશે તો દેશમાં કોન્ટ્રાક્ટ સિસ્ટમ બંધ થઈ જશે. કેન્દ્રની મોદી સરકારે મોટા ઉદ્યોગપતિઓની ૧૬ લાખ કરોડ રૂપિયાની લોન માફ કરી દીધી છે. અમે ખેડૂતોની લોન માફ કરીશું. મોદી સરકારે અબજોપતિઓને જેટલી રકમ આપી હતી તેટલી જ રકમ અમે ગરીબોને આપીશું.’ અગ્નિવીરને લઈને રાહુલ ગાંધીએ કહ્યું કે, ’દરેક રાજ્યના યુવાનો સેનામાં જોડાય છે પરંતુ મોદીએ અગ્નિવીર યોજના લાગુ કરીને યુવાનોનું ભવિષ્ય જોખમમાં મૂક્યું છે. સેના ઈચ્છતી ન હતી કે અગ્નવીર યોજના લાગુ કરવામાં આવે પરંતુ પીએમએ આ યોજનાને તેમના કાર્યાલયમાંથી લાગુ કરી. પહેલા આર્મી સૈનિકોને ગેરંટી આપતી હતી કે જો તમને કંઈ થશે તો સરકાર તમારું ધ્યાન રાખશે. જો શહીદ થયો તો તેને શહીદનો દરજ્જો, પેન્શન, તેના પરિવારના સભ્યોને પેન્શન અને કેન્ટીનની સુવિધા આપવામાં આવી, પરંતુ અગ્નિવીરે આ બધું ખતમ કરી દીધું. જો કોંગ્રેસની સરકાર બનશે તો તેઓ આ યોજના બંધ કરીશું.’ આ જાહેર સભામાં રાહુલ ગાંધીએ કહ્યું કે, ’અત્યાર સુધી લોકોને ખબર નથી કે દેશમાં પછાત લોકો, દલિત, આદિવાસીઓ, મુસ્લિમો અને ગરીબોની વસ્તી કેટલી છે. કોંગ્રેસની સરકાર બનતાની સાથે જ પ્રથમ જાતિની વસ્તી ગણતરી હાથ ધરવામાં આવશે. જેથી જાણી શકાય કે દેશમાં કોની વસ્તી કેટલી છે. દેશની કેટલી સંપત્તિ કયા લોકોના હાથમાં છે તે જાણીશું. જાતિની વસ્તી ગણતરી દેશમાં દલિતો, પછાત લોકો અને ગરીબોની ભાગીદારી વિશે બધું જ જાહેર કરશે.



આ પરીક્ષામાં ફેશબુક, વોટસઅપ કે, ટી.વી. અંગેના તો કોઈ પ્રશ્ન જ ન પુછાયા..?



વેકેશનમાં પણ ટયુશન કલાસ ? તો પછી અમારે હરવું-ફરવું અને રમવું કયારે ?

# જામનગરના મોટા ઈટાળા ગામમાં વિજ્ઞાન જાથાનો લોકજાગૃતિ કાર્યક્રમ સંપન્ન



(પ્રતિનિધી દ્વારા)

અમદાવાદ તા.૧૨

જામનગર જિલ્લાના મોટા ઈટાળા ગામમાં શ્રી લેઉઆ પટેલ સેવા સમાજ ધ્રોળ સંચાલિત શ્રીમતિ ડી.એચ.કે. મુંગરા કન્યા વિદ્યાલય દ્વારા શિબિરમાં ગ્રામજનોમાં અંધશ્રદ્ધા નિવારણનો ભારત જન વિજ્ઞાન જાથાનો ચમત્કારોથી ચેતો લોકજાગૃતિ કાર્યક્રમ સફળતાથી સંપન્ન થયો હતો. અવકાશી ગ્રહો કદી માનવજીવન કે તેની દૈનિક ક્રિયામાં અવરોધક પરિબળ નથી. માનવીને પોતાનો અહંમ, પૂર્વગ્રહો નડે છે તેના ઉપર વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. જાથાનો ૧૦૦૩૪ મો કાર્યક્રમ સંપન્ન થયો હતો.

કાર્યક્રમનું વૈજ્ઞાનિક પદ્ધતિથી ઉદ્દઘાટન કોલેજના સંચાલક વિજયભાઈ મુંગરાએ કર્યુ હતું. તેમણે અંધશ્રદ્ધાને દેશવટો આપવાની વાત કરી હતી. આ પ્રસંગે ગામના સરપંચ વિજયભાઈ ભંડેરી, તાલુકા પંચાયતના સદસ્ય મનસુખભાઈ ભંડેરી, ગણેશભાઈ મુંગરા, રતિભાઈ મુંગરા, કોલેજના આચાર્યા ડૉ. પ્રવિણાબેન તારપરા, ગામના આગેવાનો હાજર રહ્યા હતા.

પ્રિન્સિપાલ ડૉ. પ્રવિણાબેન તારપરાએ શ્રદ્ધા, અંધશ્રદ્ધાની પાતળી ભેદરેખાની વાત કરી અનુભવે સાચું જ્ઞાન વિજ્ઞાન તરફ દોરી જાય છે. પુરૂષાર્થ, તર્કને પ્રાધાન્ય આપવાથી માનવીની પ્રગતિ થાય છે. મોટા ઈટાળા ગામની પસંદગી સાર્થકતા બતાવી હતી.

જાથાના રાજય ચેરમેન–એડવોકેટ જયંત પંડયાએ ગ્રામજનોને સંબોધતા જણાવ્યું કે વિજ્ઞાન જાથાએ ૩ર વર્ષમાંથી ૪૦ થી વધુ વખત ભૂત–પ્રેત, ડાકણ, જીન્નાતની કહેવાતી હકિકત, ખ્વાબ તપાસવા ભારતભરમાં ભ્રમણ કરતાં આજ સુધી અસ્તિત્વ સંબંધી એકપણ સત્ય હકિકત પ્રકાશમાં આવી ન હતી. માનસિક ભ્રમણા કે માનવસર્જિત કાવત્રું સાબિત થયું હતું. તેથી ભૂત–પ્રેત, ડાકણ છે જ નહિં તેનો ડર કાઢી નાખવા અનુરોધ કર્યો હતો. પૃથ્વી ઉપર દેશ–વિદેશમાં ભૂત–પ્રેતની હકિકત દર્શાવતી ફિલ્મો કે સીરીયલો લેભાગુઓનું કમાવવાનું તર્કટ, કિમીયો છે. લોકોને હતાશા અને ભ્રમણા તરફ લઈ જવાનું દુષ્કૃત્ય છે તે કદી માફ કરવા લાયક નથી. બાળકોને ઉપજાવી કાઢેલી વાર્તાઓથી દૂર રાખવા જોઈએ. જાથાના મતે આસુરી, મેલીવિદ્યા, ઈલમ વિગેરે માત્ર ગપગોળા છે. માનસિક રીતે નબળા લોકો ઝપટમાં આવી જાય છે. પુર્નઃજન્મ, પૂર્વજન્મ વિગેરે તપાસતા નક્કર પરિણામ આવ્યું નથી.

વધુમાં જયંત પંડયાએ જણાવ્યું કે વર્તમાન સમયમાં મૃત્યુ પછીના શોકના દિવસો ટૂંકાવાની જરૂર છે. વરસી પછી શુભ કાર્ય થઈ શકે તે વર્ષો પુરાણો રિવાજ છે તેને તિલાંજલિ આપવી જોઈએ. મૃત્યુ પછીના કર્મકાંડ–ક્રિયાકાંડો સો ટકા નિરર્થક છે. તેને અનુસરવાથી લાભ કરતા નુકશાન થાય છે. વર્ષો જુની કથા વાર્તા ૨૧ મી સદીમાં અપ્રસ્તુત છે. ખોટી વાર્તા સાંભળવાથી માનસિક નબળા લોકોને અસર થાય છે તેથી બાળકોને દૂર રાખવા જોઈએ. મૃત્યુ પામેલા પરિવારોને જ આઘાત હોય છે. બીજા સગાસંબંધી, મિત્રો આશ્વાસનના નામે દંભ–ડોળ કરી સમયની બરબાદી કરે છે તેથી પરિવારે સ્તુત્ય નર્ણયિ કરવો જોઈએ. મૃત્યુનુ સનાતન સત્ય માની સંયમપૂર્વકના રિવાજ, નિયમોનું પાલન કરવું જોઈએ. આર્થિક ખાડામાં પરિવાર જતું નથી તેની સતત ચિંતા કરવી જોઈએ. મૃત્યુ પામેલા કદી નડતા નથી જીવતા નજીકના સગાસંબંધી– મિત્રો જ નડે છે તેનાથી સાવધાની રાખવા અપીલ કરી હતી.

વિશેષમાં જયંત પંડયાએ જણાવ્યું કે અવકાશી ગ્રહોને માનવજીવન સાથે સ્નાન–સુતક સંબંધ નથી. માનવે ચંદ્ર–મંગળ ઉપર પગ મુકી દીધો છે. આવનારા દિવસોમાં મકાન બનવાના છે. લોકો માટે પર્યટન સ્થળ બનવાનું છે તેથી ગ્રહોની ચિંતા કર્યા વગર પુરૂષાર્થને પ્રાધાન્ય આપવું જોઈએ. મંગળ ગ્રહ અમંગળ હોય શકે જ નહિ. કન્યાની કુંડળી વરપક્ષને આપવાનું બંધ કરો. મંગળવાળી કન્યા ખતરારૂપ છે તેના ફળકથનો લેભાગુઓના મનની ઉપજ છે. વર્ષોથી છેતરતા આવ્યા છે હવે જાગવાની જરૂર છે. ખગોળનું જ્ઞાન આવતા ગ્રહોનો ડર જતો રહેશે તેથી ઘરે ઘરે ટેલીસ્કોપ વસાવવા અનુરોધ કર્યો હતો. હજુ પણ હાથના આંગળામાં ગ્રહોના નંગની વીંટીઓ જોવા મળે છે તે દરિદ્ર માનસિકતા સાથે છીન્ન મનોવૃત્તિના દર્શન જોવા મળે છે. હાથ–કાંડામાં રક્ષાપોટલી, દોરા વિગેરે પછાતતાની નિશાની છે. આત્મવિશ્વાસ, દ્રઢ મનોબળ કેળવતા આપોઆપ સમસ્યાનો ઉકેલ આવી જશે. પોતાનો નર્ણયિ જાતે જ કરવો. સફળતા–નિષ્ફળતા માટે પોતે જ જવાબદાર છે તેનું મનોમંથન કરવાની જરૂર છે. ભારતમાં લોકોને ગ્રહો કરતાં જ્યોતિઓ – તાંત્રિકો નડે છે તેનો ઉપાય કરવાની જરૂર છે.


જાથાના જયંત પંડયાએ જણાવ્યું કે વાસ્તુશાસ્ત્ર, ફેંગશૂઈ, જયોતિષશાસ્ત્ર, ટેરાશાસ્ત્ર, અંકશાસ્ત્ર, છાયાશાસ્ત્ર, હસ્તરેખા વગેરે અવૈજ્ઞાનિક અને કપોળ–કલ્પિત છે તેની હકીકતો માત્ર ને માત્ર ભ્રમણા અને નસીબ તરફ લઈ જનારી હોય તેનાથી દૂર રહેવું જોઈએ. જાથાએ ૨૦૦૦ ઘરોનું સર્વેક્ષણ કરતાં વાસ્તુશાસ્ત્ર ખર્ચાળ અને અધોગતિને આમંત્રણ આપવાનું સાબિત થયું છે. આપણા પૂર્વજોએ કદી વાસ્તુશાસ્ત્રને અનુસરણ કર્યું નહોતું છતાં સુખી–સમૃદ્ધ હતા તે આપણે નજરે જોઈએ છીએ.

ચમત્કારિક પ્રયોગોમાં એકના ડબલ, હાથમાંથી કંકુ–ભસ્મ–લોહી નીકળવું, જીભની આરપાર ત્રિશુલ, હાથ–માથા ઉપર દીવા રાખવા, શરીર ઉપર સળગતા કાકડા ફેરવવા, કર્ણપિશાચ વિદ્યા વિગેરેનું નિદર્શન કરી સ્થળ ઉપર શીખડાવી દેવામાં આવ્યા હતા.

કાર્યક્રમને સફળ બનાવવા શાળાના ટ્રસ્ટી વિજયભાઈ મુંગરા, આચાર્યા ડૉ. પ્રવિણાબેન તારપરા, પ્રોગ્રામ ઓફિસર પુનિતાબેન મછોયા, કૃપાલીબેન ગજેરા, છાત્રા લીડર દિયા ચાંગાણી, શ્રેયા ભંડેરી, ચાર્મી વસોયાએ ઉત્કૃષ્ટ કામગીરી કરી હતી. પ્રયોગોમાં ભાગ લેનાર જાથાના વિનોદ વામજા, અંકલેશ ગોહિલ, રોમિતભાઈ રાજદેવ, નર્ભયિ જોશી, નાથાભાઈ પીપળીયા, ભાનુબેન ગોહિલ અને સ્થાનિક કાર્યકરો જોડાયા હતા.

જનજાગૃતિ કાર્યક્રમ યોજવા ઈચ્છુકોએ મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક કરવો.

# ખંભાળિયા નગરપાલિકામાં ગ્રાન્ટના અભાવે કર્મચારીઓના પગાર અનિયમિત થતા રોષ



(પ્રતિનિધી દ્વારા)


જામ ખંભાળિયા તા.૧૨

ખંભાળિયા નગરપાલિકાને વર્ષો અગાઉ ઓક્ટ્રોયની આવક બંધ થતા તેની સામે સરકાર દ્વારા ખાસ ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. આ ગ્રાન્ટથી પાલિકાના કર્મચારીઓનો પગાર ચૂકવાય છે. પરંતુ છેલ્લા બે-ત્રણ માસથી ગ્રાન્ટ અનિયમિત થઈ જતા નગરપાલિકાના કર્મચારીઓ મુશ્કેલીમાં મુકાઈ રહ્યા હોવાનું ચિત્ર ખડું થયું છે. ખંભાળિયા નગરપાલિકાને સમગ્ર રાજ્ય સાથે ઓક્ટ્રોય નાબૂદીના વિકલ્પ રૂપે ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ દ્વારા વળતરરૂપે ઓક્ટ્રોયની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. જે છેલ્લા ત્રણેક માસથી વિલંબમાં મળતી હોવાનું જાણવા મળેલ છે. આથી નગરપાલિકાના કર્મચારીઓને નિયમિત પગાર થતા નથી. આ પરિસ્થિતિમાં અનેક કર્મચારીઓને સમયસર પગાર ન થતા તેઓ મુશ્કેલીનો સામનો કરવા કરી રહ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે નગરપાલિકાને નાણાકીય વર્ષ દરમિયાન હાઉસ ટેક્સ, પાણી વેરા જેવી વેરા વસુલાતથી લાખો રૂપિયાની રકમ પ્રાપ્ત થાય છે. પરંતુ નગરપાલિકા દ્વારા આ રકમનો ઉપયોગ કથિત રીતે બિનજરૂરી ખર્ચાઓ તેમજ મસમોટા બીલો ચૂકવવામાં કરવામાં આવતો હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. આ પરિસ્થિતિમાં અનેક કર્મચારીઓ કે જેણે લીધેલી લોનના આપતા દર મહિને બેંકમાંથી કપાય છે, તે ગ્રાન્ટના અભાવે પગાર ન થતાં આ કર્મચારીઓને હપ્તાની ચુકવણીમાં પણ ભારે આર્થિક ખેંચ ભોગવી પડે છે.

પાલિકાના કર્મચારીઓને ગત માસના પગાર હજુ સુધી ચૂકવાયા નથી. જેને અનુલક્ષીને નગરપાલિકાના સફાઈ કામદારો વિગેરેમાં ભારે રોષની લાગણી પ્રવર્તી રહી છે. આ મુદ્દે ગુજરાત સફાઈ કામદાર મહામંડળના પ્રદેશ મંત્રી રમેશભાઈ વાઘેલાએ પાલિકા તંત્ર દ્વારા કર્મચારીઓને નિયમિત પગાર થાય તે માટે વૈકલ્પિક વ્યવસ્થા હાથ ધરવી જોઈએ તેવી માંગ કરી છે.

# ખંભાળિયા સહિત જિલ્લામાં ઈદની ઉત્સાહભેર ઉજવણી કરાઈ





(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૨

ખંભાળિયા શહેર તથા તાલુકામાં ગુરુવારે રમજાન માસ બાદની સૌથી મોટી ઈદની ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી હતી.

ખંભાળિયા શહેર ઉપરાંત નજીકના સલાયા તેમજ વાડીનાર, ભરાણા, કોટા તથા ભાણવડ પંથકમાં પણ ગઈકાલે ઈદની ઉજવણી કરાઈ હતી. ખંભાળિયામાં ઈદગાહ ખાતે સવારે શહેર કાજી હસન અલી ઈબ્રાહીમ મિયાં બુખારી દ્વારા સામૂહિક નમાજ પઢાવવામાં આવી હતી. આ સામુહિક નમાજમાં સુન્ની મુસ્લિમ જમાતના પ્રમુખ હુસેનભાઈ ભોકલ, સહિતના આગેવાનો જોડાયા હતા અને એકબીજાને ઈદની મુબારકબાદી પાઠવી હતી. જેમાં બાળકો સાથે વૃદ્ધો પણ મોટી સંખ્યામાં જોડાયા હતા.

# એસ્સાર પાવરના રિન્યુએબલ્સ ડિવિઝનના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર તરીકે અંકુર કુમાર નિમાયા



(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૨

ભારતના પ્રથમ ખાનગી ક્ષેત્રના સ્વતંત્ર પાવર ઉત્પાદક એવા એસ્સાર પાવર લિમિટેડ દ્વારા તેના રિન્યૂએબલ્સ ડિવિઝન માટે અંકુર કુમારની ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર પદે નિમણુંક કરાઈ છે. અંકુર એસ્સાર ગ્રુપના ગ્રીન એનર્જી તરફના ટ્રાન્સીશનની નેમને વેગ આપવા તથા ભારતમાં રિન્યૂએબલ ઈકોસિસ્ટમ મજબૂત કરવામાં મુખ્ય ભૂમિકા ભજવશે.

રીન્યૂએબલ એનર્જી તથા સાર્વજનિક માળખાકીય ક્ષેત્ર સાથે ૨૪ વર્ષથી વધુનો અનુભવ ધરાવતા અંકુર કુમાર તેમના બહોળા જ્ઞાન અને કુશળતા સાથે ગ્રુપને મહત્વનો ફાળો આપશે. અગાઉ એકમે સોલાર હોલ્ડિંગ્સ પ્રાઈવેટ લિમિટેડના સીઈઓ તરીકે કાર્યરત અંકુર કુમારે તે કંપનીના ગ્રીન હાયડ્રોજન અને અમોનિયા ક્ષેત્રે વ્યૂહાત્મક અને ભૌગોલિક વિસ્તરણમાં મહત્વનો ભાગ ભજવ્યો હતો.

તેમના આ નવા કાર્યક્ષેત્રમાં તેઓ એસ્સાર પાવર બોર્ડ અને એસ્સારના અનુભવી નેતૃત્વ સાથે સંયોજન કરશે. આ સંયોજન દ્વારા એસ્સારની સઘળી ટીમ રિન્યૂએબલ ઉર્જા ક્ષેત્રે એક મજબૂત પોર્ટફોલિયો બનાવવા અને તે માટે જરૂરી માનવ સંસાધન એકત્ર કરી એસ્સાર પાવરની ગ્રીન એનર્જીની પહેલને વધુ વેગવાન બનાવવા તરફ કાર્યરત થશે.

આ નિમણુંક અંગે પ્રતિક્રિયા આપતા એસ્સાર કેપિટલના ડિરેકટર પ્રશાંત રુઈયાએ જણાવ્યું કે 'એસ્સાર ગ્રુપ તેના તમામ કાર્યક્ષેત્રોને ગ્રીન બનાવવાના વિઝન તરફ ખુબ ગતિશીલ છે. અંકુર કુમાર અમારી સાથે જોડાતા.

અમો અમારી રીન્યૂએબલ ક્ષેત્રની યોજનાઓને વધુ વેગથી આગળ વધારીશું. તેમનો બહોળો અનુભવ અને કુશળ નેતૃત્વ એસ્સાર પાવરને વધુ સસ્ટેનેબલ ભવિષ્ય તરફ આગળ ધપાવવામાં સહયોગી બનશે."

એસ્સાર પાવરના સીઈઓ અંકુર કુમારે જણાવ્યું કે 'હું એસ્સાર પાવર સાથે કાર્યરત થઈ રીન્યૂએબલ એનર્જી સોલ્યુસન્સ દ્વારા ઉત્કૃષ્ટ ભવિષ્યના નિર્માણની આ સફર માટે અતિ ઉત્સાહિત છું. અમારા આ સામુહિક પ્રયત્નો આવનારી પેઢીઓ માટે હકારાત્મક બદલાવ લાવવામાં મહત્વની ભૂમિકા ભજવશે."

ટીબીઈએ ઝીનજિઆંગ સુનાઓસીસ કંપની લિમિટેડ ખાતે તેમનો નેતૃત્વ કાર્યકાળ તેમની વ્યાપારિક ઉદ્દેશ્યોની પ્રાપ્તિની, ઉચ્ચ કાર્યક્ષમ ટીમના નિર્માણ અને સંચાલન તથા સમય અને બજેટની અંદર પ્રોજેક્ટસ પુરા કરવાની કુશળતા દર્શાવે છે.

અંકુર કુમાર ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, ઈન્દોરના પૂર્વ વિદ્યાર્થી છે જ્યાં તેઓએ ફાઈનાન્સ અને સ્ટ્રેટેજી વિષયમાં એમબીએની ડિગ્રી પ્રાપ્ત કરી છે. તેઓ દિલ્હી યુનિવર્સિટીની બેચલર ઓફ કોમર્સની ડિગ્રી પણ ધરાવે છે.

# માધવપુર દ્વારકા ખાતે રૂક્ષ્મણી વિવાહ મહોત્સવ નિમિત્તો વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે





## સર્કિટ હાઉસ પાછળ કલ્ચરલ ઈવેન્ટ થશે

(પ્રતિનિધી દ્વારા)

દ્વારકા તા.૧૨

દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલેકટરના અધ્યક્ષસ્થાને રૂક્ષ્મણી વિવાહના આયોજન અંગે અગ્રણીઓ સાથે મીટીંગ યોજવામાં આવેલ. આ મીટીંગ માં દ્વારકાના વિવિધ સમાજના આગેવાનો અને પ્રતિનિધિઓ જોડાયા હતા દેવભૂમિ દ્વારકા જિલ્લા કલેકટર કચેરી ખાતે યોજાયેલ મીટીંગ માં કલેકટર જી.ટી.પંડ્યાએ માધવપુર ઉત્સવની માહિતી આપતા જણાવેલ કે દર વર્ષની જેમ આ વર્ષે પણ માધવપુર ખાતે ૧૭ થી ૨૧ એપ્રિલ સુધી જે ભગવાનના લગ્ન તેમજ રૂક્ષ્મણી મંદિર ખાતે પરત આવે છે તે અંતર્ગત કાર્યક્રમોમાં ૧૭ તારીખે માધવપુર ખાતે કાર્યક્રમનું ઈનોગ્રેશન થશે ત્યારબાદ ભગવાનની જાન પરત દ્વારકા આવે છે તે દરમ્યાન દ્વારકા ખાતે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલું છે. દ્વારકા ખાતે યોજાનાર કાર્યક્રમમાં વિવિધ સમાજ દ્વારા, વિવિધ મંદિરના પ્રતિનિધિઓ દ્વારા, ગુગળી બ્રાહ્મણ તેમજ રૂક્ષ્મણી મંદિર ખાતે કાર્યક્રમનું સમાપન થનાર હોય ઉત્સવ સંલગ્ન અલગ અલગ સમાજ તરફથી,ગુગળી બ્રાહ્મણ જ્ઞાતિ તરફથી, રૂક્ષ્મણી મંદિર તરફથી,હોટલ એસોસિયન તરફથી તેમજ વિવિધ સમાજના પ્રતિનિધિ સહિત તમામ સંસ્થાના પ્રતિનિધિઓ તરફથી અભિપ્રાયો મેળવવામાં આવ્યા હતા આ ઉપરાંત ગેરહાજર સમાજોના પ્રતિનિધિઓ સાથે પ્રાંત અધિકારી ની મીટીંગ બાદ કાર્યક્રમને આખરી ઓપ આપવામાં આવનાર છે.

કાર્યક્રમની સમાપ્તિ બાદ દ્વારકા સર્કિટ હાઉસ ખાતે યોજાનાર કલ્ચરલ કાર્યક્રમમાં સર્વ દ્વારકાવાસીઓને પધારવા કલેકટર પંડ્યાએ હાર્દિક નિમંત્રણ પાઠવ્યું હતું

# ઉનાના સાધુ સાયકલ યાત્રા મારફત અયોધ્યા દર્શન માટે રવાના



(નીરવ ગઢીયા દ્વારા)

ઉના તા.૧૨

ઉના પોચેલા રાધેશ્યામ કાળી દાસ સાધુ (ઉમર વર્ષ ૫૪)વાળાઓ મૂળ ટીંબીના જીલ્લો અમરેલીવાળાઓ તા.૯-૪-૨૦૨૪નો મંગળવારના રોજ સોમનાથ મંદિરે દર્શન કરી સોમનાથ થી આયોધ્યા સાયકલ યાત્રા મારફત દર્શન માટે રવાના થયા હતા.

# ખંભાળિયા મ્યુનિસિપલ ગાર્ડનમાં રોમિયોગીરી કરતા ત્રણ શખ્સોને ઝડપી લેતી સી-ટીમ



(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૨

ખંભાળિયા શહેરની મધ્યમાં આવેલા મ્યુનિસિપલ ગાર્ડન ખાતે અહીંની સી-ટીમ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહી અંતર્ગત જાહેરમાં નીકળતી યુવતીઓ-મહિલાઓ પર ચાંપતી નજર રાખી અને મશ્કરી કરવાના ઈરાદાથી લાજ શરમ વગરનું વર્તન કરતા હોવા અંગેની જાણ પી.એસ.આઈ. વી.બી. પીઠીયાને થતા આ કૃત્ય સબબ સલાયા ખાતે રહેતા હુસેન ઈસ્માઈલ ગંઢાર (૧૯), સાબીર અમિન ગજણ (૨૫) અને રિઝવાન રજાક ભાયા (૨૪) નામના ત્રણ શખ્સોને પોલીસે ઝડપી લઈ અને કાયદાનું ભાન કરાવ્યું હતું.

ખંભાળિયા પોલીસે ઉપરોક્ત ત્રણેય શખ્સો સામે જી.પી. એક્ટની કલમ ૧૧૦ તથા ૧૧૭ મુજબ ગુનો નોંધી, આગળની કાર્યવાહી એ.એસ.આઈ. જે.પી. જાડેજા દ્વારા હાથ ધરવામાં આવી છે.

આ સમગ્ર કાર્યવાહી અહીંના પી.આઈ. બી.જે. સરવૈયાની સૂચના મુજબ પી.એસ.આઈ. વી.બી. પીઠીયા રાજદિપસિંહ ભોપાલસિંહ, જ્યોતિબેન વેજાભાઈ, નિશાબેન આલાભાઈ વાઢીયા અને મણીબેન જોગલ દ્વારા કરવામાં આવી હતી.

# લાડી લોહાણા સિંધી પંચાયત જૂનાગઢ દ્વારા ચેટીચંડ મહોત્સવની થયેલ ભવ્યાતિ ભવ્ય ઉજવણી











## ૩૦૦૦ થી વધુ સિંધી ભાઈઓ બહેનોએ જ્ઞાતિ સમૂહ ભોજન મહાપ્રસાદનો લાભ લીધો

જૂનાગઢ, તા.૧૨

જૂનાગઢમાં લાડી લોહાણા સિંધી પંચાયત દ્વારા ચેટીચંડ મહોત્સવની ભાવભેર, ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. ગત તારીખ ૧૦ એપ્રિલ ૨૦૨૪ ના રોજ સિંધી સમાજના ઈષ્ટદેવ ભગવાન શ્રી ઝૂલેલાલ દેવનો પ્રાગટ્ય દિવસ ધામધૂમથી ઉજવવામાં આવેલ હતો. આ પ્રસંગે લડી લોહાણા સિંધી પંચાયત જૂનાગઢ દ્વારા જેટી ચાંદની ઉજવણીનું જાજરમાન આયોજન કરવામાં આવેલ હતું.

સિંધી સમાજના અગ્રણી અને મહાસાગર ટ્રાવેલ્સ ના એમડી શ્રી ભાગચંદ સુખવાણી (કાળુભાઈ) તેમજ જૂનાગઢ શહેરના પ્રમુખ શ્રી લાલચંદ ગહેનાણી ની અધ્યક્ષતામાં આ કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. આ કાર્યક્રમમાં સિંધી સમાજના ખ્યાતનામ કલાકારો દ્વારા ભગવાન શ્રી ઝુલેલાલના ભજનો ની રમઝટ બોલાવી વાતાવરણને સંગીતમય બનાવી દીધું હતું. સાથોસાથ ભગવાન ઝુલેલાલ સાહેબની મહા આરતી પણ કરવામાં આવી હતી.

કાર્યક્રમ બાદ ઉપસ્થિત રહેલ ૩,૦૦૦ જેટલા જ્ઞાતિ બંધુઓએ સમૂહ ભોજન મહાપ્રસાદ નો લાભ મેળવ્યો હતો. આ તકે જૂનાગઢ લોકસભા વિસ્તારના સાંસદ શ્રી રાજેશભાઈ ચુડાસમા, ધારાસભ્ય શ્રી સંજયભાઈ કોરડીયા, શ્રી પ્રદીપભાઈ ખીમાણી, સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

અતિથિ વિશેષશ્રીઓની હાજરીમાં ભગવાન ઝૂલેલાલ ના પ્રાગટ્ય દિનની કેટ કટીંગ કરી ઉજવણી કરવામાં આવી હતી. ઉપરાંત જૂનાગઢના સાંસદ શ્રી રાજેશભાઈ ચુડાસમા ના પણ જન્મદિવસની કેક કટીંગ કરી ઉજવણી કરવામાં આવી હતી.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રોજેક્ટ ચેરમેન શ્રી અનિલભાઈ તલવાણી, શ્રી ભગુભાઈ ઠક્કર, શ્રી યોગેશભાઈ ઢાલાણી, શ્રી નીતિનભાઈ સુખવાણી સહિતના કાર્યકર્તાઓએ જહેમત ઉઠાવી હતી.

## જૂનાગઢ લોકસભાના ઉમેદવાર રાજેશભાઈ ચુડાસમા તા.૧૬ એપ્રિલે ઉમેદવારી પત્રક રજુ કરશે : ભવ્ય રોડ શોનું આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૨

ભારતીય જનતા પાર્ટી જૂનાગઢ લોકસભાનાં ઉમેદવાર રાજેશભાઈ ચુડાસમા આગામી તા.૧૬-૪-૨૦૨૪નાં રોજ પોતાનું ઉમેદવારી પત્ર ભરવા જવાનાં હોય કાર્યકરોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આ તકે લોકસભાનાં સંયોજક ચંન્દ્રેશભાઈ હેરમાંએ જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહ મંત્રી અમિતભાઈ શાહ, રાષ્ટ્રીય અધ્યક્ષ નડ્ડા, પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલ તથા ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જ્યારે જૂનાગઢ લોકસભામાં રાજેશભાઈ ચુડાસમાને ત્રીજીવાર લોકસભાનાં ઉમેદવાર તરીકે પસંદ કર્યા છે. ત્યારે જૂનાગઢનાં કાર્યકરોમાં એક અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે દરમ્યાન રાજેશભાઈ ચુડાસમા આગામી ૧૬ એપ્રિલનાં રોજ પોતાનું ઉમેદવારી ફોર્મ ભરવા જઈ રહ્યાં છે ત્યારે સવારે ૯:૩૦ કલાકે સરદાર વલ્લભભાઈ પટેલ ચોક ખાતે ભવ્ય સભાનું આયોજન કરવામાં આવ્યું છે અને ત્યારબાદ સરદાર વલ્લભભાઈ પટેલ ચોકથી એમજી રોડ, આઝાદ ચોક, તળાવ દરવાજા, જાગનાથ મહાદેવ મંદિરથી જયશ્રી રોડથી સરદાર વલ્લભભાઈ પટેલ ચોક સુધી ભવ્ય રોડ શોનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારબાદ શુભ ચોઘડિયામાં જૂનાગઢ લોકસભાનાં ઉમેદવાર રાજેશભાઈ ચુડાસમા સંતો-મહંતો તથા આગેવાનોનાં આશિર્વાદ પ્રાપ્ત કરી પોતાનું ઉમેદવારી ફોર્મ ભરશે. આ તકે ક્લસ્ટર પ્રભારી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, જૂનાગઢ લોકસભાના પ્રભારી ઉદયભાઈ કાનગડ, પ્રદેશ મંત્રી જવેરીભાઈ ઠકરાર, જૂનાગઢ મહાનગર પ્રમુખ પુનિતભાઈ શર્મા, જીલ્લા પ્રમુખ કીરીટભાઈ પટેલ, ગીર સોમનાથ જિલ્લાના પ્રમુખ મહેન્દ્રભાઈ પીઠીયા, ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા, ભગવાનજીભાઈ કરગઠીયા, ભગવાનજીભાઈ બારડ, પ્રદ્યુમનભાઈ વાજા, કે.સી. રાઠોડ



જીલ્લા પંચાયત પદાધિકારીઓ તથા સંગઠન મહામંત્રીઓ તેમજ સંગઠનનાં હોદેદારો તથા પુર્વ મંત્રી, પુર્વ સાંસદ, પુર્વ ધારાસભ્ય, પુર્વ મેયર, પુર્વ પદાધિકારીઓ, આગેવાનો, પદાધિકારીઓ અને બહોળી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહેશે તેમ મિડિયા વિભાગનાં સંજય પંડ્યાની યાદી જણાવે છે.

## જૂનાગઢ લોકસભાની બેઠકના કોંગ્રેસના ઉમેદવાર હિરાભાઈ જોટવા ૧૮મી એપ્રિલે ઉમેદવારી નોંધાવશે : ભવ્ય સભાનું આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૨

જૂનાગઢ લોકસભાની બેઠકના કોંગ્રેસના ઉમેદવાર હિરાભાઈ જોટવા પોતાના વિશાળ ટેકદાર સાથે આગામી તા.૧૮મી એપ્રિલના રોજ ઉમેદવારી પત્રક નોંધાવશે અને જેને લઈને કાર્યકર્તાઓમાં ભારે ઉત્સાહ પ્રવર્તી રહ્યો છે. આગામી લોકસભાની ચૂંટણી અંતર્ગત ગુજરાતની ૨૬ લોકસભાની બેઠકો માટે આજ તા.૧૨મી એપ્રિલને શુક્રવારના ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયાનો પ્રારંભ થઈ રહ્યો છે. મુખ્ય ચૂંટણી અધિકારી દ્વારા આજે ચૂંટણીલક્ષી જાહેરનામું ગુજરાતની ૨૬ બેઠકો માટેનું બહાર પાડવામાં આવી રહ્યું છે ત્યારે આ સાથે ઉમેદવારી પત્રક ભરવાનું શરૂ થશે અને તા.૧૯ એપ્રિલ સુધી રજા સિવાયના દિવસે ફોર્મ સ્વિકારાશે. દરમ્યાન સૌરાષ્ટ્રની અને ખાસ કરીને જૂનાગઢ અને ગીર-સોમનાથ જીલ્લા માટે અતિ મહત્વની એવી જૂનાગઢ લોકસભાની બેઠક ઉપર સંબંધિતોની મીટ રહેલી છે તેવી આ બેઠક ઉપર કોંગ્રેસ પક્ષ દ્વારા ગુજરાત પ્રદેશ કોંગ્રેસના ઉપપ્રમુખ જાહેર જીવનના વર્ષોના અનુભવી અને દરેક સમાજમાં આદરભર્યું સ્થાન તેમજ ખુબ જ ચાહના ધરાવતા એવા આહિર સમાજના અડીખમ નેતા હિરાભાઈ જોટવાને ટિકીટની ફાળવણી થતા જ જૂનાગઢ લોકસભા વિસ્તારમાં આનંદની લાગણી વ્યાપી ગઈ હતી. લોકસભાની ચૂંટણીમાં જૂનાગઢની બેઠક ઉપર વટથી ચૂંટણી લડી અને જીતવા મક્કમ નિર્ધાર સાથે હિરાભાઈ જોટવા પુરા આત્મવિશ્વાસ સાથે ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત છે. દરમ્યાન આજથી જયારે ઉમેદવારી પત્રક ભરવાનું શરૂ થયું છે ત્યારે આગામી તા.૧૮ એપ્રિલના રોજ કોંગ્રેસના જૂનાગઢ બેઠકના ઉમેદવાર હિરાભાઈ જોટવા પોતાની ઉમેદવારી નોંધાવશે. આ દિવસે સવારે ૯ વાગ્યે ઝાંસીની રાણી પ્રતિમા પાસે સર્કલ ખાતે એક વિશાળ જાહેર સભાનું પણ આયોજન કરવામાં આવેલ છે અને ૧૧:૩૦ વાગ્યે પગપાળા



રવાના થશે અને ૧૧:૪૫ કલાકે પ્રાંત અધિકારીની કચેરીમાં પોતાનું ઉમેદવારી પત્રક રજુ કરશે. આ તકે હિરાભાઈ જોટવાના સમર્થનમાં જૂનાગઢ શહેર અને જીલ્લાના કોંગ્રેસ પક્ષના વરિષ્ઠ કાર્યકર્તાઓ, આગેવાનો અને યુવાનો સહિત મોટી સંખ્યામાં લોકો જોડાશે તેમ એક યાદીમાં જણાવેલ છે.

# જૂનાગઢમાં ભાવિ પતિએ આપઘાત કર્યો હોવાની જાણ થતા યુવતિએ આત્મહત્યા કરી લેતા અરેરાટી

## જૂનાગઢમાં યુવક અને યુવતીએ જીવન ટુંકાવી નાખ્યાની સર્જાયેલી કરૂણાંતીકાને પગલે શોકની લાગણી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૨

જૂનાગઢમાં રાત્રે ભાવિ પતિએ ઝાડ સાથે લટકીને ગળાફાંસો ખાઈ લેતાં મંગેતરે પણ ઝેરી ટીકડા ખાઈને જીવન ટુંકાવી દેતાં બંનેનાં પરીવારમાં ગમગીની પ્રસરી છે.

આ બનાવથી સમાજ સ્તબ્ધ બન્યો છે અને એકસાથે બંનેની અંતિમ યાત્રા યોજાતા હૃદયદ્રાવક દ્રશ્યો સર્જાયા હતા. આ અંગે મળતી વિગત અનુસાર, જૂનાગઢમાં બિલખા રોડ ઉપર ધરાનગરમાં રહેતા હિરેનભાઈ બાબુભાઈ ભાસ્કર(ઉ.વ.૨૫)ની ધરાનગરથી ડાબી તરફના ગિરનારના જંગલ વિસ્તારમાં ઝાડ સાથે ઓઢણી બાંધીને ગળેફાંસો ખાધેલી હાલતમાં લાશ મળી આવતા પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયેલ હતો અને અગમ્ય કારણોસર હિરેનભાઈ ભાસ્કરે આ પગલું ભર્યાનું સામે આવ્યું હતું. તે જ અરસામાં રાતે તેની મંગેતર પૂજાબેન અનિલભાઈ મારૂએ પણ હિરેનના મૃત્યુંના સમાચાર મળતા તેણીએ ઘરે ઝેરી ટીકડા ખાઈ લેતા તેનું સિવીલ હોસ્પિટલમાં સારવાર દરમ્યાન રાતે ૩ કલાકે મૃત્યું થયાનું એ ડીવીઝન પોલીસમાં જાહેર થયું છે.

આ અંગે પુજાબેનના માતા જોશનાબેન અનિલભાઈ મારૂએ એવું નિવેદન આપ્યું છે કે, તેમને સંતાનમાં બે દીકરી છે જેમાં મોટી દીકરી સાસરે છે અને નાની દીકરી પૂજાના હજુ થોડા દિવસો પહેલા જ હિરેન સાથે સગાઈ કરવામાં આવી હતી અને રાતે હિરેનના સમાચાર મળતા પૂજાએ પણ ઝેરી ટીકડા ખાઈને આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે હાલ તો ભવનાથ પોલીસ અને એ ડીવીઝન પોલીસ બનાવની તપાસ ચલાવી રહી છે ત્યારે બંનેના મૃત્યુંના પગલે તેમના પરિવાર અને મસાજમાં ઘેરા શોકની લાગણી વ્યાપી છે અને બંનેની અંતિમયાત્રા પણ સાથે કાઢવામાં આવી હતી આ તકે હૃદયદ્રાવક દ્રશ્યો સર્જાયા હતા.

## જૂનાગઢ જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા દ્વારા ચેટીચંડ પર્વની સીંધી સમાજને પાઠવી શુભકામના






શોભાયાત્રા સહિતના કાર્યક્રમમાં બંદોબસ્તની જાળવણી અને પ્રશંસનીય કામગીરી કરવા સબબ સીંધી સમાજ દ્વારા પણ જીલ્લા પોલીસ વડા સહિતના અધિકારીઓનું સન્માન કરાયું

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧૨ : જૂનાગઢ શહેરમાં સીંધી નૂતન વર્ષ ચેટીચંડ પર્વની ભારે ઉત્સાહમય ઉજવણી કરવામાં આવી હતી. સીંધી સમાજ દ્વારા આયોજીત ચેટીચંડ પર્વ પ્રસંગે એક ભવ્ય શોભાયાત્રા યોજવામાં આવી હતી. (અનુ. પાના નં. ૨ ઉપર)

આયો લાલ ઝુલેલાલના નાદ સર્વત્ર ગુંજી ઉઠયા

## જૂનાગઢમાં ચેટીચંડ પર્વની ઉજવણી અંતર્ગત ભવ્ય શોભાયાત્રા યોજાઈ

### આકર્ષક ફલોટ સાથે સમગ્ર સૌરાષ્ટ્રની બહિરાણા મંડળી જોડાઈ : આકર્ષક ફલોટ અને ઝાંખીને ઈનામ અપાયા



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૨

જૂનાગઢ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં બુધવારે સિંધી સમાજ દ્વારા નૂતન વર્ષ ચેટીચંડની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં પૂજન, અર્ચન, રાત્રે ગીત સંગીત કાર્યક્રમ યોજાયો હતો. જયારે ગઈકાલે ગુરૂવારે બપોરબાદ સૌરાષ્ટ્રભરની બહિરાણા મંડળીઓ જૂનાગઢ આવી હતી. દર વર્ષની પરંપરા મુજબ બપોરે રેલ્વે સ્ટેશન ખાતેથી સિંધી સમાજના આગેવાનો તેમજ અધિકારીઓ અન્ય પદાધિકારીઓની હાજરીમાં બેન્ડવાજા સાથે શોભાયાત્રાનો પ્રારંભ થયો હતો. જેમાં અનેક ફલોટસ આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. શોભાયાત્રા રેલ્વે સ્ટેશનથી શરૂ થઈને સર્કલ ચોક, એમજી રોડ, કાળવા ચોક થઈને દામોદરકુંડ પહોંચી હતી. જયાં પૂ. ઝુલેલાલ સાહેબની જયોત પધરાવવામાં આવી હતી. સિંધી સમાજના મંડળો દ્વારા રૂટ ઉપર પાણી, સરબત, પ્રસાદ વિતરણ માટે સ્ટોલ પણ ઉભા કરાયા હતા. આમ જૂનાગઢમાં જય ઝુલેલાલનો નાદ ગુંજી ઉઠયો હતો અને ચેટીચંડ પર્વની બે દિવસ સુધી ભવ્યાતી ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી અને આયોજકો અને કાર્યકર્તાઓ દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવવામાં આવી હતી.

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
બીના ઈલેક્ટ્રોનિક્સ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્ક.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.